ગિજુભાઈ-સન્માન-થેલી પ્રકાશનમાળા, પુસ્તક ૧ લું

# દિવાસ્વપ્ન

( શિક્ષણના પ્રયોગની વાર્તા )

卐

સ્વ. ગિજુભાઈ

કિંમત—૧-૦-૦

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गूजराती कॉपीराइट विभाग ]
अनुक्रमांक २३८-२७ किमत
ग्रंथनाम દિવાસ્વપ્ન
वर्गांक M ?

ગિજુભાઈ-સન્માન-થેલી પ્રકાશનમાળા, પુસ્તક ૧લું

# દિવાસ્વપ્ન

(શિક્ષણના પ્રયોગની વાર્તા)

લેખક :

સ્વ. ગિજુભાઈ

પ્રકાશક :

ગુજરાત બાલવિકાસ સંસ્થા

અમદાવાદ

સોલ એજન્ટ્સ:

શ્રી મહાગુજરાત પબ્લિશિંગ, કંપની લિ.

ફિરોઝશા મહેતા રોડ, કોટ, મુંબઈ

કિંમત—૦-૧૨-૦

પ્રકાશક :
વજુભાઈ દવે
મંત્રી, ગુજરાત બાલવિકાસ સંસ્થા
જૂનું ટોળકનગર, અમદાવાદ

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
મ૯૫ ૨૩૯૨૯

આવૃત્તિ-૨જી પ્રત-૭૫૦ જાન્યુઆરી, ૧૯૪૩

મુદ્રક :
રણછોડભાઈ વહેરીભાઈ પટેલ
રા. પું. આર્યપ્રકાશ પ્રેસ
આણંદ

# નિવેદન

સ્વ. ગિજુભાઈ બધેકા શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગરમાં વીસ વર્ષની આજીવન સ્વયંસેવક તરીકેની સેવા પૂરી કરી નિવૃત્ત થયા તે પ્રસંગે તેઓના વિદ્યાર્થીઓએ, પ્રશંસકોએ અને મિત્રોએ અમદાવાદમાં એક સન્માનસમારંભ દરબારશ્રી ગોપાળદાસ દેસાઈના પ્રમુખપણા નીચે યોજી એક થેલી એમને અર્પણ કરેલી. તે પ્રસંગે સ્વ. ગિજુભાઈએ આ થેલી 'બાલસન્માન વિદ્યાપીઠ' (Children's Academy)ના પ્રથમ ફાળા તરીકે અર્પણ કરવાની ઇચ્છા જણાવી હતી; પરંતુ ત્યાર બાદ તેઓએ 'ગુજરાત બાલવિકાસ સંસ્થા'ની યોજના તૈયાર કરી, અને તે કામ નીચેની સમિતિ નીમી તેમને સોંપ્યું:—

| | | |
|---|---|---|
| પ્રો. શ્રી. રામનારાયણ વિ. પાઠક, | પ્રમુખ, | અમદાવાદ |
| ,, શંકરભાઈ સોમાભાઈ પટેલ, | | વડોદરા |
| ,, સોમાભાઈ ક્રીશાભાઈ પટેલ, | | સુણાવ |
| ,, નરેન્દ્ર ગિજુભાઈ બધેકા, | | ભાવનગર |
| ,, ઇન્દુપ્રસાદ દેવશંકર ભટ્ટ, | | અમદાવાદ |
| ,, સોમાભાઈ ભાવસાર, | | અમદાવાદ |
| ,, લીલાવતી ખાંડવાળા, | | મુંબઈ |
| ,, શંકરભાઈ રતિલાલ શાહ, | | નડિયાદ |
| ,, વજુભાઈ દવે, | | અમદાવાદ |

આ સમિતિ પોતાનું કામ શરૂ કરે તે પહેલાં તેઓનું દુઃખદ અવસાન થયું. તે પછી તે થેલીની રકમ મેળવવા માટે કાયદા પ્રમાણેની તજવીજ કરવામાં આવી. તે કામનો નિકાલ તા. ૫–૩–૧૯૪૨ના રોજ થતાં થેલીનાં નાણાં સમિતિને મળી ગયાં. બાદ થેલીનાં નાણાંની વ્યવસ્થા કરવા માટે સમિતિની સભા તા. ૮–૩–૪૨ના રોજ થઈ. તેમાં પ્રકાશન બાબતમાં નીચેનો ઠરાવ થયો:—

પુસ્તકપ્રકાશનનું કાર્ય હાથ ધરવું. તેમાં પહેલાં શ્રી. ગિજુભાઈનાં શિક્ષણવિષયક અપ્રાપ્ય પુસ્તકો તથા તેઓનાં અપ્રગટ બાલસાહિત્યનાં પુસ્તકો પ્રગટ કરવાં.

આ ઠરાવ થયા પછી 'ગુજરાત બાલવિકાસ સંસ્થા'ને સ્વ. ગિજુભાઈના સુપુત્ર ભાઈ નરેન્દ્રે યોગ્ય શરતોથી ગિજુભાઈનાં લખેલાં પુસ્તકોનું પ્રકાશન કરવાની અનુકૂળતા કરી આપી. તેથી આ પ્રવૃત્તિનો આરંભ 'દિવાસ્વપ્ન'ની બીજી આવૃત્તિના પ્રકાશનથી આજથી શરૂ થાય છે. ઉપરના ઠરાવ મુજબ બીજાં પુસ્તકો પ્રગટ કરવાનું કામ અનુકૂળતા પ્રમાણે ચાલુ રહેશે. અંતમાં સ્વ. ગિજુભાઈએ કલ્પેલું 'બાલસન્માન વિદ્યાપીઠ'નું સ્વપ્નું વહેલું સાચું પડો એવી પ્રાર્થના કરીએ છીએ.

તા. ૩૧-૧૨-૪૨<br>અમદાવાદ

મંત્રીઓ,<br>ગુજરાત બાલવિકાસ સંસ્થા

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

'દિવાસ્વપ્ન' રજૂ થયાં વર્ષો થયાં. તે હવે સ્વપ્ન નથી રહ્યું; સારાયે ગુજરાતના બાલશિક્ષણને આ પુસ્તકે નવો અવતાર આપ્યો છે. આવતા રાષ્ટ્રીય પુનર્રચનાના કાર્યમાં 'દિવાસ્વપ્ન' નવો રાજમાર્ગ દર્શાવતું તેજ પાથરશે એવી માન્યતા હોવાથી તેને ફરીથી પ્રસિદ્ધ કર્યું છે. ગુજરાત આ પ્રયાસને આદર આપશે જ એવી આશા અસ્થાને છે?

## બે બોલ

મને કોઈએ કહ્યું કે ભારેખમ તાત્ત્વિક લેખોને બદલે વાર્તારૂપ શૈલીમાં શિક્ષણના વિચારોને લખો તો!

મને પ્રયત્ન કરવાની પ્રેરણા મળી અને ફળ રૂપે આ 'દિવાસ્વપ્ન' આવ્યું.

દિવાસ્વપ્નોનું મૂળ વાસ્તવિક અનુભવ હોય તો તે મિથ્યા નથી જતાં. આ દિવાસ્વપ્ન મારા જીવંત અનુભવોમાંથી ઊપજ્યું છે, અને મારી ખાતરી છે કે પ્રાણવાન ક્રિયાપ્રધાન કલ્પક શિક્ષકો પોતાને માટે પણ તે વાસ્તવિક કરી શકશે.

મને આવાં દિવાસ્વપ્નો બહુ આવી ગયેલાં છે. જો શિક્ષકને તેમાં વિહરવાની, અને તેમાંથી વાસ્તવિક જગત રચવાની મજા આવશે તો હું તેમને તે આપવાની મારી ફરજ સમજીશ.

હાલ તો આટલેથી બસ.

માર્ચ, ૧૯૩૧ ગિજુભાઈ

## પ્રવેશક

જરાક કલ્પના હોય, થોડીએક વિચાર કરવાની શક્તિ હોય અને અદ્યતન સાહિત્યનો સારો એવો પરિચય હોય તેવા માણસ માટે કેળવણીકાર બનવું સહેલું છે. ગિજુભાઈ કેળવણીકાર તરીકે જાણીતા છે. દક્ષિણામૂર્તિની સંસ્થામાં કામ કરતાં કરતાં કેળવણીના ક્ષેત્રમાં નવા વિચારોને નવી રીતે તેમણે મૂકયા કર્યા છે. ગુજરાત આખું એમને કેળવણીકાર તરીકે તો ઓળખતુ થયું જ છે.

કેળવણીના વિચારોને મૂર્ત સ્વરૂપ આપવું, શિક્ષણની અનેકવિધ પદ્ધતિઓની યોજનાઓ કરી કેળવણીના સિદ્ધાંતોનો તેવી પદ્ધતિઓ દ્વારા સાક્ષાત્કાર કરવો કરાવવો, અને પોતાના જાતદષ્ટાંતથી તેના અમલ તરફ શિક્ષણના ધંધામાં પડેલાઓને વાળવા તે કામ શિક્ષણ-શાસ્ત્રીનું છે. કેળવણીકાર આવો શિક્ષણશાસ્ત્રી ન બને ત્યાં સુધી કેળવણીના તેના વિચારો માત્ર વિચારો જ રહે છે. ગિજુભાઈ આવા

એક શિક્ષણશાસ્ત્રી પણ છે. ગુજરાતે તેમને એક સદ્ધર શિક્ષણશાસ્ત્રી તરીકે જાણ્યા છે, પણ હજુ પિછાન્યા નથી. તેમની પાસે આવીને મૉન્ટેસોરી પદ્ધતિનાં તત્ત્વ અને વ્યવહારનું શિક્ષણ લઈ જનારાં ગુજરાત–કાઠિયાવાડનાં શિક્ષક ભાઈબહેનો સિવાય બીજા થોડાક જ લોકોને તેમનો એક સરસ શિક્ષણશાસ્ત્રી તરીકેનો પરિચય છે. તેમણે શિક્ષણશાસ્ત્ર ઉપર લખ્યું છે; પણ તેમના લખાણનો પ્રાથમિક શિક્ષણના પ્રદેશ પૂરતો નિચોડ આપવાનો જો કોઈ રસિક અને સુંદર પ્રયત્ન આજ દિવસ સુધી થયો હોય તો તે તેમનું આ 'દિવાસ્વપ્ન' છે.

આ પુસ્તકનું નામ ગિજુભાઈએ 'દિવાસ્વપ્ન' રાખ્યું છે. એ નામનો અર્થ તો એટલો છે કે આ પુસ્તકમાં જે જે વસ્તુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે બધું ય આજના પ્રાથમિક શાળાના શિક્ષકનું દિવાસ્વપ્ન બને. ગિજુભાઈને માટે એ દિવાસ્વપ્ન નથી રહ્યું. તેમણે કોઈ પ્રાથમિક શાળા ચલાવી ન હોય પરંતુ બાલ-શિક્ષણની બાબતમાં શિક્ષણપદ્ધતિના જે અટલ નિયમોનો અમલ તેઓ આજે પોતાના બાલમંદિરમાં કરી રહ્યા છે તે નિયમોને પ્રાથમિક શાળામાં બંધ બેસતા કેમ કરી શકાય એ સંબંધેનો પોતાનો વ્યવહારુ વિચાર તેમણે આ પુસ્તકમાં રજૂ કર્યો છે. ગુજરાત–કાઠિયાવાડના પ્રાથમિક શાળાના શિક્ષકો આ દિવાસ્વપ્નને પોતાનું બનાવે તો સ્વપ્નનો સાક્ષાત્કાર કરવાની ઝંખના તેમના અંતરમાં ખડી થાય તેવું એ મીઠું ને મધુર દિવાસ્વપ્ન છે.

આજની પ્રાથમિક શાળાઓમાં જે શિક્ષણ અપાય છે તે શિક્ષણની પદ્ધતિઓ બાળકોને નુકસાન કરનારી છે. આજના શિક્ષણનું માપ પરીક્ષાઓ, ઇનામ અને હરીફાઈથી કાઢવામાં આવે છે. આજનાં શિક્ષણનાં પરિણામો વેરઝેર, મારામારી. અશાંતિ અને અવ્યવસ્થામાં આવે છે. એ બધાનો અત્યંત મનોહર ચિતાર આ વાર્તામાં આપણને મળે છે. પરંતુ લેખક એ બાબતોનો કરુણ ચિતાર

આપીને જ નથી બેસી રહેતા. બાલશિક્ષણમાં આજે પ્રવર્તી રહેલી એ કરુણતાનો ઉકેલ એટલો જ સરસ અને મનોહર રીતે તેમણે રજૂ કર્યો છે. એ ઉકેલ લાવવા માટે શિક્ષકનામાં જે 'હૈયાઉકલત'ની જરૂર છે તે હૈયાઉકલત કેવી હોય તેનો આબાદ ચિતાર આ પુસ્તકમાં આપણને જોવા મળે છે. પ્રાથમિક શાળામાં જે ગંદકી, જે ઘોંઘાટ અને જે અવ્યવસ્થા આપણને નજરે આવે છે તે બધું હૈયાઉકલતવાળા શિક્ષકની જાદુઈ લાકડી અડતાં આપોઆપ જ જાણે કે ઊડી જાય છે ને તેને સ્થાને સ્વચ્છતા, વ્યવસ્થા અને શાંતિ ગિજુભાઈના વર્ગમાં આવીને ગોઠવાઈ જતાં આપણને દેખાય છે. શિક્ષકને પોતાના કામમાં શી શી અડચણો આવવાની છે તેનો આબેહૂબ ખ્યાલ પુસ્તક લખતી વખતે લેખકની નજર આગળ રહેલો દેખાય છે. આજનો સમાજ કેવળ રૂઢિચુસ્ત છે. નાના એવા ફેરફારોને પણ ભયની નજરથી જુએ છે. પોતાનાં બાળકોની કેળવણી માટે માબાપો અક્ષમ્ય બેદરકારી સેવે છે. શિક્ષકોને હેડમાસ્તર, ઉપરી અને ઉપરીના યે ઉપરીનો ડર ઊંઘમાં પણ રહ્યા કરે છે; અભ્યાસક્રમ અને પરીક્ષાની બેડીઓમાંથી શિક્ષક કે બાળકો જરા પણ ચસકી શકતાં નથી. આ બધી વસ્તુઓ લેખક બરાબર સમજે છે, અને તેથી જ ધીરજ અને શાંતિપૂર્વકના પોતાના અવિરત કાર્યબળથી એ મુશ્કેલીઓને ઓળંગી જવાનું માર્ગદર્શન સચોટ રીતે આપણને તે કરાવી શક્યા છે.

આખા પુસ્તકમાં એક ખૂણામાં ભરાઈ રહેલો એક અત્યંત મહત્ત્વનો વિચાર આ પુસ્તક વાંચનારાઓ પાસે રજૂ કરવો એ મને મિત્રધર્મ દેખાય છે. આપણી ગમે તેટલી સુંદર આશાઓ હોવા છતાં પ્રાથમિક શાળાના ખુદ શિક્ષકમાં જ્યાં સુધી સ્વભાવફેર કરી નાખવામાં આવે નહિ ત્યાં સુધી આપણા અખતરાઓ ને પ્રયોગો કરવાનું સાચું સામર્થ્ય સાંપડવાનું નથી. ગિજુભાઈના હૃદયને આ વાત બરાબર ડંખતી દેખાય છે. એટલે જ શિક્ષકનામાં તેના

સ્વભાવની ક્રાંતિ કરવાના મુદ્દાને ખૂબ કોમળતાથી રજૂ કરવાની તેમણે કાળજી રાખી છે. આપણો આજનો પ્રાથમિક શાળાનો શિક્ષક અજ્ઞાન છે, ભાડૂતી છે, પૈસાનો લોભી છે, જાતમાં અવિશ્વાસ રાખનારો છે. શિક્ષકની આ નબળી બાજુ ગિજુભાઈ પોતે હમદર્દીથી પિછાને છે, અને શિક્ષકના માનસિક રોગમાં પોતે પણ દર્દ અનુભવે છે. એ દૃષ્ટિએ તેમણે એ આખા મુદ્દાને આ પુસ્તકમાં રજૂ કર્યો છે. એ મુદ્દો વાંચ્યા પછી શિક્ષક પોતાની નિર્બળતાઓથી મૂંઝાવાનો છે, શરમાવાનો છે, પોતાનામાં તેવું બળ જમાવવાની મહત્ત્વાકાંક્ષાઓ ઊભી કરવાનો છે, કે જે બળ વડે ગિજુભાઈના દિવાસ્વપ્નનો સાક્ષાત્કાર કરતો શિક્ષક પોતે બની શકે.

આખું પુસ્તક ગઈ કાલની પ્રાથમિક કેળવણીની નાનકડી સમાલોચના જેવું, તેમ જ આવતી કાલની નવીન પ્રાથમિક શાળાના મનોહર અને સ્પષ્ટ દર્શન જેવું છે. વાર્તાની શૈલીમાં લખવામાં આવ્યું છે એ એની વિશિષ્ટતા છે. ગિજુભાઈ મારા બહુ જ નજીકના મિત્ર છે; તેમનાં લખાણો ઉપર હું હંમેશાં શકરા જેવી દૃષ્ટિ રાખવાવાળો છું, અને તેમનાં લખાણોથી સોએ સો ટકા મુગ્ધ થાઉં તેવું ભાગ્યે જ બન્યું છે. આમ છતાં ગિજુભાઈના આ પુસ્તકે મને ખરેખર મુગ્ધ બનાવ્યો છે. કેળવણીના તાત્ત્વિક લેખો અથવા તો શિક્ષણશાસ્ત્રીનાં શાસ્ત્રીય પુસ્તકોને બદલે ગિજુભાઈ આવાં જ લખાણો આવી જ શૈલીમાં આપણને હવે પછી આપતા રહે તેવું સ્નેહનું દબાણ હું હંમેશાં તેમના ઉપર કરવાનો.

**હરભાઈ ત્રિવેદી**

# પ્રથમ ખંડ

## પ્રયોગની શરૂઆત

: ૧ :

મેં વાંચ્યુંવિચાર્યું તો ઘણું હતું પરંતુ મને અનુભવ ન હતો. મને થયું કે મારે જાતઅનુભવ લેવો જોઈએ: ત્યારે જ મારા વિચારો પાકા થશે, ત્યારે જ મારી અત્યારની કલ્પનામાં કેટલું સત્ય છે અને કેટલું પોલાણ છે તે સમજાશે.

હું કેળવણીના વડા પાસે ગયો ને મને પ્રાથમિક શાળાનો એક વર્ગ સોંપવાની માગણી કરી.

ઉપરી સાહેબ જરા હસ્યા ને કહ્યું: "રહેવા દો તો ! એ કામ તમારાથી નહિ બને. છોકરાંને ભણાવવાં અને તેમાંય પ્રાથમિક શાળાનાં છોકરાંને, એમાં તો નેવાનાં પાણીને મોભે ચડાવવાં.

પડે છે. વળી તમે તો લેખક અને વિચારક રહ્યા. ટેબલ પર બેસી લેખો લખવાનું સહેલું છે, કલ્પનામાં ભણાવી દેવું પણ સહેલું છે; અઘરું છે માત્ર પ્રત્યક્ષ કામ કરવું અને તે પાર ઉતારવું."

મેં કહ્યું: "એટલે જ તો મારે જાતઅનુભવ કરવો છે. મારી કલ્પનામાં મારે વાસ્તવિકતા આણવી છે."

ઉપરી સાહેબે કહ્યું: "ભલે ત્યારે. તમારો આગ્રહ હોય તો એક વર્ષ સુખેથી અનુભવ લો. પ્રાથમિક શાળાનું ચોથું વર્ષ હું તમને સોંપું છું. આ તેનો અભ્યાસક્રમ છે; આ રહ્યાં તેમાં ચાલતાં પાઠ્યપુસ્તકો; અને આ રહ્યા રજા વગેરેના ખાતાના કેટલાએક નિયમો."

મેં આદરથી એ બધાં તરફ નજર નાખી. અભ્યાસક્રમ હાથમાં લઈ ખિસ્સામાં મૂક્યો ને પાઠ્યપુસ્તકોને એક દોરીથી બાંધવા લાગ્યો.

સાહેબે કહ્યું: "જુઓ, તમને ગમે તે અખતરા કરવાની છૂટ તો છે જ; એ માટે તો તમે આવ્યા છો. પરંતુ એટલું પણ ધ્યાનમાં રાખજો કે બાર માસે પરીક્ષા આવીને ઊભી રહેશે ને તમારું કામ પરીક્ષાના માપે મપાશે."

મેં કહ્યું: "એ કબૂલ છે; પણ મારી એક માગણી છે કે પરીક્ષક સાહેબ આપ પોતે જ થશો. આપે પોતે જ મારા કામનો કયાસ કરવો પડશે. આપ જો અખતરા કરવાની છૂટ આપો છો તો આપને જ મારું કામ બતાવી સંતોષ પામીશ. આપ જ મારી સફળતાનિષ્ફળતાનાં કારણો સમજી શકશો.

ઉપરી સાહેબે હસીને હા કહી ને હું ઑફિસમાંથી બહાર નીકળ્યો.

: ૨ :

અભ્યાસક્રમ આખો જોઈ ગયો હતો. કેટલાયે ફેરફારો કરી શકાશે એમ ખાતરીપૂર્વક લાગ્યું. પાઠ્યપુસ્તકો પર નજર નાખી ગયો. ગુણદોષ આંખ આગળ તરી આવ્યા. કેવા સુધારા થઈ શકે તે

વિચારી લીધું. પહેલે દિવસથી તે છેલ્લા દિવસ સુધીના કામનો મનમાં જાણે કે આલેખ થઈ ગયો. પરીક્ષા અને તેના પરિણામના દિવસો પણ જોઈ લીધા. અંતે વર્ષ આખું આવી રીતે ચાલશે, આવું કામ થશે ને આવું પરિણામ આવશે તેના ઘોડા ઘડાઈ ગયા. વિચારોમાં ને વિચારોમાં રાતના બે ક્યારે વાગ્યા તેની ખબર પણ ન પડી! છેવટે આવતી કાલે શું કરવું તેની નોંધ કાગળ પર ટપકાવી ત્રણને ટકોરે સૂતો.

સવાર પડયું. ઉત્સાહ હતો; શ્રદ્ધા હતી; વેગ હતો. નાહી–ધોઈ અલ્પાહાર કરી વખતસર ત્રીજા નંબરની શાળાએ જઈ પહોંચ્યો. હજુ શાળા ઊઘડી ન હતી. અમારા હેડમાસ્તર આવ્યા ન હતા. પટાવાળો તેમને ત્યાં ચાવી લેવા ગયો હતો. છોકરાઓ આવતાજતા હતા અને સડક પર દોડાદોડ કરતા હતા.

મને થતું હતું કે "ક્યારે શાળા ઊઘડે ને ક્યારે વર્ગ હાથમાં લઉં ને કામ કરવા માંડું? ક્યારે મારી નવી યોજના રજૂ કરું? ક્યારે વ્યવસ્થા ને શાંતિ દાખલ કરું? ક્યારે રસિક રીતે પાઠ સમજાવું? ક્યારે છોકરાઓનાં મન હરી લઉં?" મારા મગજમાં લોહી ઘણું ઝડપથી વહેતું હશે.

ઘંટ થયો. છોકરાઓ વર્ગમાં ગોઠવાયા ને હેડમાસ્તરે મારી સાથે આવી મને મારો વર્ગ બતાવ્યો, અને છોકરાઓને કહ્યું: "જુઓ, આ લક્ષ્મીરામભાઈ આજથી તમારા માસ્તર છે. તે કહે તેમ કરજો. તેમની આજ્ઞા માનજો. જોજો, કોઈ તોફાન ન કરતા."

હેડમાસ્તર કહેતા હતા તે વખતે હું મારા બાર માસના સાથીઓ સામે જોઈ રહ્યો હતો. કોઈએ મોં મચકાવ્યાં; કોઈએ બાડી આંખ કરી મીંચકારો કર્યો; કોઈએ અકડાઈથી ડોકાં હલાવ્યાં; કોઈ મારી સામે આશ્ચર્ય અને મશ્કરીથી જોઈ રહ્યા; કોઈ વગર સમજ્યે ઊભા જ હતા.

મેં જોઈ લીધું: "આ છોકરાઓને મારે ભણાવવા છે! આ મશ્કરા, તોફાની, અક્કડ અને ચિત્રવિચિત્ર!" મન જરા સેહ તો ખાઈ ગયું, જરા છાતી થડકી ગઈ; પણ થયું કે "ફિકર નહિ, ધીમે ધીમે જોયું જશે."

રાત્રે કરેલી નોંધ ખીસામાંથી કાઢીને જોઈ લીધી. લખેલું હતું: પ્રથમ શાંતિની રમત; પછી વર્ગની સ્વચ્છતાની તપાસ; પછી સહગાન; પછી વાર્તાલાપ; વગેરે.

મેં છોકરાઓને કહ્યું: "ચાલો, આપણે શાંતિની રમત રમીએ. જુઓ, હું 'ૐ શાંતિ:' કહું ત્યારે સૌ ચૂપચાપ બેસી જજો. પલાંઠી બરાબર વાળજો. જોજો, કોઈ હલશોચલશો પણ નહિ. પછી હું બારણાં બંધ કરીશ એટલે અંધારું થશે. સૌ શાંત હશો એટલે આસપાસના ઘોંઘાટો સંભળાશે. એ સાંભળવાની ગમ્મત આવશે. માખીઓનો બણબણાટ સંભળાશે. તમારો શ્વાસોચ્છ્વાસ પણ સંભળાશે. પછી હું ગાઈશ અને તમે સાંભળજો."

હું આ બધું બોલી ગયો ને શાંતિની રમત આદરી. 'ૐ શાંતિ:' બોલ્યો પણ છોકરાઓ તો ધક્કાધક્કી ને વાતો કરતા હતા. બેપાંચ વાર બોલ્યો પણ જાણે હવામાં જાય છે! હું મનમાં મૂંઝાયો. "ચૂપ! ગડબડ નહિ!" એમ તો કાંઈ થોડુંક કહેવાય? થપાટ મારીને ડરાવાય પણ કેમ? પણ હું આગળ ચાલ્યો ને બારીઓ બંધ કરી. અંધારું થયું ને ધ્યાન (!) ચાલ્યું. છોકરાઓમાંથી કોઈ ઉંઉં કરવા લાગ્યા, કોઈ હાઉ હાઉ કરવા લાગ્યા, તો કોઈ ધડધડ પગ પછાડવા લાગ્યા. એમાં એક જણે તાળી પાડી ને બધાએ તાળીઓ પાડી. પછી કોઈ હસ્યું ને હસાહસ ચાલી. હું ખસિયાણો પડી ગયો; મોં ફિક્કું પડયું; બારીઓ ઉઘાડી નાંખી ને જરા વાર ઓરડાની બહાર જઈ પાછો આવ્યો. વર્ગ આખો ઊલટો મસ્તીમાં આવ્યો હતો; છોકરાઓ એકબીજાની

સામે 'ૐ શાંતિ' કરતા હતા. કોઈ ઊભા થઈને પોતેજ બારીઓ બંધ કરતા હતા.

મને થયું: "આ મારી નોંધ ખોટી પડી. ઘરમાં બેઠાં બેઠાં નોંધ કરી કલ્પનામાં ભણાવી દેવું સહેલું હતું; પણ આ તો લોઢાના ચણા ચાવવા જેવું છે. આ અત્યાર સુધી ઘોંઘાટ ને ધમાધમીમાં ઉછરેલા છોકરાઓ આગળ શાંતિની રમત એટલે હમણાં તો ભેંશ આગળ ભાગવત જેવું થયું. પણ ફિકર નહિ. ચૂક્યા ત્યાંથી ફરીને. સારું જ થયું કે પહેલેજ ગ્રાસે મક્ષિકા આવી. કાલથી નવા ગણેશ માંડીશું."

હું વર્ગમાં આવ્યો ને છોકરાઓને કહ્યું: "ભાઈઓ, આજે હવે વધારે કામ નહિ કરીએ. કાલથી આપણે આપણું કામ શરૂ કરીશું. આજે તમને રજા."

'રજા' શબ્દ સાંભળતાં છોકરાઓ હોહો કરતા વર્ગ બહાર ગયા ને આખી નિશાળ ખળભળી ગઈ. 'રજા', 'રજા', 'રજા' વાતાવરણમાં ગાજી રહ્યું! છોકરાઓ કૂદતા, ઉછળતા, ઉલળતા ઘર ભણી ભાગવા લાગ્યા.

બીજા શિક્ષકો અને નિશાળિયાઓ જોઈ રહ્યા: "આ શું છે?" હેડમાસ્તર એકદમ મારી પાસે આવ્યા ને જરા ભવાં ચડાવી કહ્યું: "રજા કેમ પાડી? હજી બે કલાકની વાર છે."

મેં કહ્યું: "આજે છોકરાઓ અભિમુખ ન હતા. આજે તેઓ અવ્યવસ્થિત હતા. શાંતિની રમતમાં મેં તે જોયું હતું."

હેડમાસ્તરે કડકાઈથી કહ્યું: "પણ એમ તમે વગર પૂછ્યે રજા ન આપી શકો. વળી એક વર્ગના છોકરાઓ ઘેર જાય એટલે બીજાઓ કેમ ભણે? તમારા આવા પ્રયોગો નહિ ચાલે."

તેમણે જરા રોફ કરી ફરી કહ્યું: "એ તમારી અભિમુખતા– ફભિમુખતાને જવા દો; અને શાંતિની રમત તો ચાલે મૉન્ટેસોરી

શાળામાં. અહીં પ્રાથમિક શાળામાં તો ફડ કરતો તમાચો લગાવો એટલે સૌ ચૂપાચૂપ! ને પછી રીતસર સૌ ભણાવે છે એમ ભણાવો તો બાર માસે પરિણામ દેખાશે. આ એક દિવસ તો ગયો ને ઊલટા બન્યા!"

મને મારા હેડમાસ્તરની દયા આવી. મેં કહ્યું: "સાહેબ, તમાચા મારી ભણાવવાનું તો બીજા સૌ કરી જ રહ્યા છે. અને તેનું ફળ તો હું ભાળું છું કે છોકરાઓ કેટલા અસભ્ય, જંગલી, અશાંત અને અવ્યવસ્થિત છે. હું તો જોઈ શકયો કે આ ચાર વર્ષની કેળવણીમાં છોકરાઓએ જાણે કે આટલું જ લીધું: હોહો, હુહુ ને તાળી પાડવી! એમને નિશાળ તો ગમતી જ નથી. રજાનું નામ પડયું એટલે તો ઊછળી ઊછળીને ભાગ્યા!"

હેડમાસ્તર કહે: "ત્યારે હવે તમે શું કરો છો તે જોઈશું."

હું ધીરે પગે અને મોળે હૈયે ઘેર ગયો. વિચાર કરતો પડયો: "માળું, કામ તો આકરું છે! પણ આકરું છે તેથી તો મારી ખરી કસોટી થશે. હરકત નહિ. આપણે હારવું નથી. એમ કાંઈ 'શાંતિની રમત' તે થતી હશે? મોન્ટેસોરી પદ્ધતિમાં એ માટે કેટલી પૂર્વતાલીમ હોય છે? હું પણ થોડોએક મૂરખ તો ખરો કે પહેલે જ દિવસે એ કામ ઉપાડયું! પ્રથમ મારે એમનો કંઈક પરિચય સાધવો જોઈએ. કંઈક મારે માટે તેમને રસ ને પ્રેમ ઉપજવાં જોઈએ. પછી તેઓ મારું કહેવું કંઈક સાંભળે ને કરે. જ્યાં આ છોકરાઓને નિશાળ નહિ પણ રજા ગમે છે ત્યાં કામ કરવું એટલે તો ભગીરથે ગંગા આણવી!"

બીજા દિવસના કામના વિચારો ગોઠવ્યા ને સૂતો. રાત્રી તો દિવસના કામમાં અને આવતી કાલના કામનાં સ્વપ્નોમાં જ ચાલી ગઈ.

: ૩ :

શાળા ઊઘડી ને હું ગયો. છોકરાઓ મારી ફરતા ફરી વળ્યા ને મશ્કરીમાં ઉડાવતા હોય તેમ ગમ્મતમાં પણ ડર્યા વિના કહેવા લાગ્યા: "માસ્તર સાહેબ, આજે પણ રજા આપો ને? આજે પણ રજા, રજા, રજા!"

મેં કહ્યું: "ઠીક ત્યારે, આજે પણ રજા તો આપીશું; પણ આખા દિવસની નહિ, બે કલાકની. પણ ઊભા રહો, હું તમને એક વાર્તા કહું છું તે સાંભળો. પછી આપણે બીજી વાતો કરીશું."

મેં તુરત જ વાર્તા ઉપાડી.

'એક હતો રાજા, અને એને સાત રાણીઓ. સાતેને સાત કુંવર ને સાતેને સાત દીકરીઓ.'

ગડબડ ગડબડ ને હલ્લાહલ્લી કરતા સૌ છોકરાઓ મારી આસપાસ બેસી ગયા. હું વાર્તામાં જરા અટક્યો ને કહ્યું: "જુઓ, સૌ સરખા બેસો. આમ તો ઠીક ન પડે."

બધા કંઈક કંઈક ઠીક બેસી ગયા, પણ કહેવા લાગ્યા: "પણ ઝટ વાર્તા કહો ને: ઝટ કહો. પછી શું થયું?"

મેં મોં મલકાવી આગળ ચલાવ્યું.

'એ સાતે દીકરીઓને સાત સાત મહેલ ને મહેલે મહેલે સાત સાત મોતીનાં ઝાડ.'

છોકરાઓ તો ફાટી આંખે વાર્તા સાંભળવા લાગ્યા. આખો વર્ગ ચૂપચાપ હતો. કોઈ બોલે કે ચાલે. હેડમાસ્તરને થયું હશે કે આ વર્ગમાં આટલી બધી શાંતિ કેમ છે, એટલે તે વર્ગમાં આવ્યા. મને કહે: "કેમ, વાર્તા કહો છો કે?"

મેં કહ્યું: "હા જી; વાર્તા અને આ નવી જાતની શાંતિની રમત બન્ને કરું છું."

હેડમાસ્તર પાછા પડી ચાલ્યા ગયા. વાર્તા ચાલતી હતી પણ આજુબાજુના વર્ગોમાંથી ખૂબ ઘોંઘાટ આવતો હતો. મેં કહ્યું: "જુઓ, આસપાસ કેવી ગડબડ થાય છે?" સૌ છોકરાઓએ ગડબડ તરફ કંટાળો બતાવ્યો.

વાર્તા અરધે આવી એટલે મેં કહ્યું: "કહો જોઈએ, રજા જોઈતી હોય તો વાર્તા બંધ કરીએ; નહિતર તે ચાલુ રાખીએ."

બધા કહે: "ચાલુ ચાલુ. અમારે રજા નથી જોઈતી."

મેં કહ્યું: "ઠીક ત્યારે, વાર્તા આગળ ચલાવીએ; પણ" મેં ઉમેર્યું: "આપણે જરા વાતચીત કરી લઈએ. પછી ઘંટ વાગે ત્યાંસુધી વાર્તા ચલાવીએ."

એક છોકરો કહે: "પણ વાતચીત કાલે કરજો. ઝટ વાર્તા કહો ને, તે પૂરી થાય."

મેં કહ્યું: "એ તો ચાર દિવસ ચાલે એટલી લાંબી છે."

બધા કહે: "ઓહો! એટલી બધી લાંબી! ત્યારે તો મજા પડશે!"

મેં ખીસામાંથી કેટલોગ કાઢ્યું ને નામ લખવા માંડયાં. સૌએ વારાફરતી પોતાનાં નામ લખાવ્યાં, પટ પટ ને ઝટ ઝટ. પછી મેં હાજરી પૂરી લીધી ને કહ્યું: "જુઓ, હવેથી આપણે વાર્તા શરૂ કરતાં પહેલાં હાજરી પૂરીશું ને પછી વાર્તા." આટલું કહી મેં વાર્તા ચાલુ કરી તે ઠેઠ ઘંટ વાગ્યો ત્યાં સુધી.

સમય પૂરો થયો પણ છોકરાઓ કહે: "ના, હજી બેસો ને વાર્તા કહો."

મેં કહ્યું: "બસ ભાઈઓ, હવે કાલે." વળી પૂછ્યું: "કાલે રજા કે વાર્તા?" બધા કહે: "વાર્તા, વાર્તા, વાર્તા!" એમ કહી સૌ ચાલ્યા ગયા.

ગઈ કાલના 'રજા, રજા, રજા,' શબ્દોને બદલે આજે 'વાર્તા, વાર્તા, વાર્તા' શબ્દો વાતાવરણમાં ગાજી રહ્યા.

મને થયું: "હાશ, આજનો દિવસ તો સુધર્યો! વાર્તા એક અદ્‌ભુત જાદુ છે તે વાત સાચી: એક સો ને એક ટકા સાચી!"

: ૪ :

બીજે દિવસે સવારે સૌ છોકરાઓ મોં મલકાવતા મલકાવતા, હું વર્ગમાં આવ્યો કે તુરત જ ઉપરાછાપરી પડતા પડતા મને વીંટી વળ્યા અને બોલ્યા: "ચાલો માસ્તર સાહેબ, હવે વાર્તા કહો."

મેં કહ્યું: "પહેલાં હાજરી, પછી થોડીએક વાતચીત ને પછી આપણી વાર્તા."

ખીસામાંથી ચાકનો ટુકડો કાઢી વર્ગમાં વર્તુળ આકાર કાઢ્યો ને કહ્યું: "જુઓ, આની ઉપર રોજ આવીને બેસવું." બેસી દેખાડી કહ્યું: "આવી રીતે. આ જગા મારી. અહીં બેસી હું વાર્તા કહીશ."

બધા ગોઠવાઈ ગયા. મેં જગા લીધી. હાજરી પૂરીને વાર્તા શરૂ કરી. સૌ અભિમુખ હતા. વાર્તા લલકારી. મંત્રમુગ્ધ પૂતળાં જેમ સૌ સાંભળતા હતા. વચ્ચે વાર્તા અટકાવીને કહ્યું: "કેમ તમને વાર્તા કેવી ગમે છે?"

"અમને વાર્તા બહુ ગમે છે."

"તમને વાર્તા સાંભળવી ગમે છે તેમ વાંચવી પણ ગમે કે?"

"હા, અમને વાંચવી પણ ગમે. પણ એવી ચોપડીઓ જ ક્યાં છે?"

"પણ વાર્તાની ચોપડીઓ હું તમને લાવી આપું તો વાંચો કે નહિ?"

"વાંચીએ, વાંચીએ."

એક ચતુર જણુ કહેઃ "પણુ તમારે વાર્તા કહેવાની તો ખરી જ! અમારે એકલી વાંચવાની એવું નહિ."

મેં કહ્યુંઃ "ઠીક." પછી મેં વાર્તા આગળ ચલવી.

ઘંટ વાગ્યો ને વાર્તા અટકી. બધા મારી ફરતા વીંટળાઈ વળ્યા. કોઈ તો મારી સામે હેતથી જોઈ રહ્યા. કોઈ મારા હાથને હળુ હળુ અડતા હતા. કોઈ મનમાં મસ્ત હતા.

મેં કહ્યુંઃ "જાઓ, ભાગી જાઓ. શાળામાંથી ભાગો."

છોકરાઓ કહેઃ "નહિ જઈએ. વાર્તા કહો તો સાંજ સુધી બેસીએ."

છોકરાઓ ગયા ને શિક્ષકો મારી પાસે આવ્યા. તેઓ કહેઃ "ભાઈસા'બ, આ તો ભારે કરી! અમારા વર્ગના છોકરાઓ પણુ વાર્તા માગે છે. આજકાલ તેઓ ભણુવામાં ચિત્ત જ રાખતા નથી. વારેઘડીએ કહે છે કે અમારે તો વાર્તા સાંભળવા જવું છે; નહિતર તમે વાર્તા કહો."

મેં કહ્યુંઃ "થોડીએક કહેતા જાઓ તો?"

તેઓ કહેઃ "પણુ એવું આવડે છે કોને? એકેય વાર્તા આવડતી હોય તો કે?"

હું મનમાં હસી રહ્યો.

: ૫ :

બીજે દિવસ રવિવારનો હતો. તે દિવસે હું ઉપરી સાહેબને મળવા ગયો.

ઉપરી સાહેબે કહ્યુંઃ "હેડમાસ્તર કહેતા હતા કે તમે તો બધો વખત વાર્તા કહ્યા કરો છો."

મેં કહ્યુંઃ "હા સાહેબ, હમણાં તો વાર્તા ચાલે છે."

 ૨૩૯૨૬

સાહેબે પૂછ્યું: "પણ પછી પ્રયોગો ક્યારે કરશો? ને અભ્યાસ પૂરો કેમ થશે?"

મેં કહ્યું: "પ્રયોગ તો સાહેબ ચાલુ જ રાખ્યો છે. વિદ્યાર્થીઓને અને શિક્ષકને પરસ્પર નજીક લાવવામાં વાર્તા કેટલી અદ્દ્ભુત જાદુ-ભરી વસ્તુ છે તેનો હું જાતઅનુભવ કરી રહ્યો છું. પહેલે દિવસે જેઓ મને સાંભળતા ન હતા ને જેઓ મને હૂહૂ ને હોહો કરી મૂંઝવી રહ્યા હતા તેઓ વાર્તા સાંભળવા મળી છે ત્યારથી શાંત બન્યા છે. મારા તરફ પ્રેમથી જુએ છે. મારું કહ્યું માને છે. કહું છું તેમ બેસે છે ને 'ચૂપ રહો, ગડબડ નહિ' એમ તો કહેવું જ પડતું નથી! ને નિશાળમાંથી તો હાંક્યા પણ જતા નથી."

ઉપરી સાહેબ કહે: "વારુ, એ તો જાણ્યું; પણ હવે નવી રીતે શીખવવાનું ક્યારે શરૂ કરવાનું છે?"

મેં કહ્યું: "કેમ સાહેબ, શીખવવાની આ નવી જ રીત છે ના! વાર્તા દ્વારા આજે વ્યવસ્થા શીખવાઈ રહી છે; અભિમુખતા કેળવાઈ રહી છે; ભાષાશુદ્ધિનો અને સાહિત્યનો પરિચય અપાઈ રહ્યો છે. કાલે વળી બીજું પણ શીખવવાનું ચાલશે."

ઉપરી સાહેબ કહે: "પણ જોજો, એમ વાર્તામાં વરસ વહ્યું ન જાય!"

મેં કહ્યું: "હા જી, હરકત નહિ."

: ૬ :

વાર્તા માટે વર્ગના વિદ્યાર્થીઓ ગોળાકાર ગોઠવાઈને બેઠા હતા. મેં પાટિયા પર લખ્યું:

આજનું કામ:—

**હાજરી**

**વાતચીત**

**વાર્તા**

હાજરી લીધા પછી વાતચીત કાઢી. મેં કહ્યું: "ચાલો જોઈએ, તમારા નખ કેટલા વધ્યા છે? બધા ઊભા થઈને હાથ બતાવો."

એકેએક છોકરાના નખ વધ્યા હતા. નખમાં ખૂબ મેલ હતો.

મેં કહ્યું: "તમારી ટોપીઓ હાથમાં લો ને જુઓ, કેટલી મેલી અને ફાટલીતૂટલી છે!"

સૌએ ટોપીઓ તપાસી. કોઈકની જ ટોપી સારી હતી.

મેં કહ્યું: "જુઓ, તમારા કોટનાં બુતાનો પૂરતાં છે?"

બધાએ કોટ સામે જોયું. બેચાર જણનાં જ પૂરાં બુતાનો હતાં.

પછી મેં કહ્યું: "આજે હવે વધારે તપાસ નહિ. હવે વાર્તાનું ખોટી થાય છે." આમ કહી વાર્તા શરૂ કરી.

વાર્તા વચ્ચે એક છોકરો કહે: "વાર્તાની ચોપડીઓનું શું થયું?"

મેં કહ્યું: "એકબે દિવસમાં લાવીશ. જેઓને વાર્તાની ચોપડીઓ વાંચવી ગમતી હોય તેઓ હાથ ઊંચા કરો."

એકેએક વિદ્યાર્થીએ હાથ ઊંચા કર્યા.

મેં પૂછ્યું: "તમે વાર્તાની જે જે ચોપડીઓ વાંચી હોય તેમનાં નામ બોલો." કોઈ બેપાંચ જણાએ બેચાર વાર્તાઓ વાંચેલી. ચોથા ધોરણ સુધી પહોંચેલા પણ સૌએ પાઠ્યપુસ્તકની બહાર કંઈ જ નહિ એવું વાંચેલું.

મેં પૂછ્યું: "તમે કોઇ માસિકો વાંચો છો?" બે જણાએ કહ્યું: "અમે 'બાલમિત્ર' વાંચીએ છીએ."

મેં કહ્યું: "ઠીક ત્યારે. આપણે વાર્તાઓ લાવીશું, તમે વાંચજો. તમે વાંચી વાંચીને ધરાઈ જાઓ એટલી બધી વાર્તાઓ લાવીશું."

બધા ખૂબ ખુશ દેખાયા.

પછી વાર્તા આગળ ચાલી તે ઘંટ વાગ્યા સુધી. રજા થઈ ને મેં કહ્યું: "સૌ એક વાત સાંભળતા જાઓ. ગોળ ઉપર બેસીને સાંભળો. આ નખ કઢાવી લાવજો, હો. જાતે કઢાય તો જાતે કાઢજો, નહિતર બાપાને કહેજો, નહિતર હજામ આવે ત્યારે લેવરાવી લેજો."

એક કહે: "આપણે તો મોંઢેથી કાપી કાઢવાના."

મેં કહ્યું: "ના ભાઈ, એમ ન કરતા. નખ કાં તો નરેણીથી કે છરીથી લેજો."

પછી મેં કહ્યું: "આપણે એક ગમ્મત કરીશું?"

બધા કહે: "શું?"

"તમારે ટોપી વિના નિશાળે આવવું. આવી ગંદી ટોપી શા માટે! ને ટોપીનો વળી શો ખપ છે!"

સૌ હસી પડ્યા. બધા કહે: "ઉઘાડે માથે તે શાળામાં અવાય? મોટા માસ્તર વઢે ને!"

મેં કહ્યું: "હું કાલથી ઉઘાડે માથે આવીશ ને તમે પણ આવજો."

છોકરાઓ કહે: "પણ બાપા ના પાડશે તો?"

"તો કહેજો કે એ તો નકામો ભાર છે. ને ગંદી ટોપી ઓઢવી તે કરતાં ન ઓઢવી સારી."

વળી મેં કહ્યું: "આ કોટનાં બુતાનો ટંકાવી લેજો. આમ તો સારું નથી લાગતું." સૌ મનમાં વિચાર કરતા કરતા ઘેર ગયા.

મને હેડમાસ્તર સાહેબ મળ્યા. તેઓ કહે: "અરે ભાઈ, તમે તો કંઈકનું કંઈક કરો છો. આ બધા ચાળા શીદને કરો છો: નખ ઉતરાવવાના, ને બુતાન ટંકાવવાના ને એવા બધા! ભણાવવાની નવી રીતો કેળવવા આવ્યા છો તે એ જ કરો ને! આ તો માબાપો

કરશે નહિતર આપણે શું? ને ઉઘાડે માથે તો છોકરાઓને શાળામાં આવવા ન દેવાય. એ તો અસભ્યતા! એ બાબતમાં ઉપરી સાહેબનો હુકમ જોઈશે."

મેં કહ્યું: "સાહેબ, આજ ભણતરની નવી વાતો અને નવી રીતો છે. મેલાઘેલા ને ઢંગધડા વિનાના છોકરાઓનું પહેલું ભણતર વળી બીજું કયું હોય! વળી જુઓ ને, એ બધા મેં કહ્યું તેથી શરમાયા તો છે જ. તેમને એમ તો લાગ્યું જ છે કે આમ ગંદા ન રહેવાય. મારી તો ખાતરી છે કે ઘણાઓ સાફસૂફ રહેવા પ્રયત્ન કરવા લાગશે. બાકી ટોપીઓની બાબતમાં હું ઉપરી સાહેબનો મત જાણીશ; અને અલબત્ત, તેઓનો હુકમ નહિ મળે તો તો એ ફેરફાર બંધ રહેશે."

હું ઘેર ગયો, જમ્યો ને તુરત જ ઉપરી સાહેબને ત્યાં ગયો.

"કેમ? આજે અત્યારે ક્યાંથી?"

"જી, એક બાબતમાં પૂછવાનું છે."

"પૂછો, શું છે?"

"વર્ગમાં હું અને છોકરાઓ ઉઘાડે માથે આવી ન શકીએ?"

"શા માટે?"

"છોકરાઓની ટોપીઓ એટલી બધી ગંદી છે ને જાતજાતની છે કે તેઓ ટોપી વિના જ આવે તો શું ખોટું? આ ઉંમરે તેમને માથે એ ભાર ન હોય તો નહિ સારું?"

"પણ લોકોને એ વિચિત્ર અને હસવા જેવું લાગશે."

"લોકોને તો એમ લાગશે જ. આપની મરજી શી છે?"

"મને લાગે છે કે આપણે આપણા આ પ્રયોગમાં આવી સામાજિક બાબતોને ન સ્પર્શીએ. આપણે તો શાળાની ચાર

દિવાલોમાં બેસીને શિક્ષણમાં કેવા સુધારા કરી શકીએ છીએ તે જોવાનું હોય. ટોપીબોપીનું જવા દો ને!"

મને ઉપરી સાહેબનો વિચાર ટૂંકો લાગ્યો. પણ મને થયું કે હમણાં એનો આગ્રહ જવા દઈએ. હમણાં લોકો અને ઉપરીની સામે ન થઈએ.

મેં કહ્યું: "પણ બધા છોકરાઓ ઉઘાડે માથે બેસીને કામ કરે તેમાં વાંધો નથી ને?"

સાહેબે કહ્યું: "ના, જરા યે નહિ. આપણા વર્ગમાં તો તમે તમને ગમે તે સુધારા કરો ને! જો એમ કરતાં લોકો તે ઝીલી લે તો ટોપી પહેરાવવાનો મારો આગ્રહ તો નથી જ."

મેં કહ્યું: "વારુ સાહેબ. હવે એક બીજી વાત પૂછવાની છે. મારે મારા વર્ગમાં એક નાનું એવું પુસ્તકાલય રચવું છે. એ માટે મને પૈસા મળી શકે?"

સાહેબ કહે: "પૈસા તો શી રીતે મળે? આપણો પ્રયોગ તો એક રીતે મારી અને તમારી વચ્ચે છે. બજેટમાં જે પૈસા છે તેથી જ આપણે શાળા ચલાવવાની છે. તમારી શાળાના તમારા વર્ગને ભાગે જે આઠબાર આના આવે તેમાં બધી રમત કરવાની છે."

મેં કહ્યું: "ત્યારે?"

સાહેબે કહ્યું: "ત્યારે હમણાં તો એ વિચાર પડી મૂકવો."

મેં કહ્યું: "એક બીજી યોજના છે. આપ મંજૂર કરો તો થાય. એ યોજના એ છે કે દરેક છોકરાને પાઠ્યપુસ્તકો તો લેવાં જ પડે છે. ગુજરાતી ચોથી ચોપડી, તેના અર્થો અને ઇતિહાસની ચોપડી તો બધા છોકરાઓને ખરીદવાની જ હોય છે."

"હા; તો?"

"તો હું એમ કરવા માગું છું કે છોકરાઓ પાસે પાઠ્યપુસ્તકો લેવરાવવાં જ નહિ; પણ તેના કુલ ખર્ચ જેટલી જે રકમ થાય

તે એકઠી કરી તેનાં સારાં સારાં વાંચવા યોગ્ય પુસ્તકો લેવાં અને તેનું પુસ્તકાલય બનાવવું."

"વારુ; પણ પછી પાઠયપુસ્તકો વિના શી રીતે ભણાવશો?"

"તેનો વિચાર મેં કરી રાખ્યો છે. એમાં ભણાવવાની પદ્ધતિ-ફેર ઉપર મારો આધાર છે. આપને હું કરી બતાવીને વધારે સારી ખાતરી આપી શકીશ."

"એ તો ઠીક; જાણે કે તમારો પ્રયોગ છે ને તમારે પરિણામ પણ બતાવવું છે. પણ મારે જરા ચેતવણી તો આપવી જ જોઈએ કે જોજો, છોકરાઓ રખડે નહિ. પ્રયોગમાં તમારી સાથે તો હું છું જ; પણ જરા છાતી થડકી જાય છે."

મેં કહ્યું: "સાહેબ, એકવાર જોઈએ તો ખરા! આપણો પ્રયત્ન છે તો ઈશ્વરેચ્છાએ ઠીક જ થશે."

"વારુ, પણ વર્ષ આખરે આ તમારા પુસ્તકાલયનું શું થશે? સૌને ચોપડીઓ વહેંચી આપશો ને?"

"હા, એક રીતે તો ચોપડીઓ આખા વર્ગની છે ને તે વર્ગને પાછી જ મળવી જોઈએ. પણ જો માબાપોને સમજાવી શકીશ કે તેઓ પાછી ન માગતાં વર્ગના પુસ્તકાલયમાં જ રહેવા દે, તો વર્ગનું પુસ્તકાલય કાયમ થશે ને દર વર્ષે તેમાં નવાં વાંચવાનાં પુસ્તકો ઉમેરાશે."

"કોણ જાણે લોકોને તમારી વાત ગળે ઊતરે તો! બાકી વિચાર તો સુંદર છે. જરૂર એને તક તો આપો જ આપો. પણ સવાલ પાછો એમ થાય છે કે ભણાવતી વખતે તમે પાઠયપુસ્તક વિના શી રીતે ચલાવશો?"

"એનો વિચાર મેં ગોઠવી રાખ્યો છે."

ઉપરી સાહેબની રજા લઈ હું ઘેર ગયો.

: ૭ :

બીજે દિવસે શાળા ઊઘડી. મને હતું કે છોકરાઓ ટોપીઓ વિના કદાચ આવશે; પણ મારી ધારણા ખોટી પડી. જાણવામાં આવ્યું કે માબાપોએ તેમ કરવાની ના પાડેલી. તેમણે કહેલું: "ઉઘાડે માથે તે ક્યાંય જવાતું હશે? તમારો માસ્તર તો ગાંડો છે!"

મેં નખ તપાસ્યા; પણ કોઈકે જ ઉતરાવ્યા હતા. જાતજાતની ઘરની મુશ્કેલીઓ તેનું કારણ હતી. કોટનાં બુતાનો ટાંકવા કોણ નવરું હતું તે ટાંકી આપે? એક બાએ કહેવરાવેલું: "મહેતાજી સાહેબ, તમે ભણાવવા આવ્યા છો તે ભણાવો ને બાપુ! આ હુન્નર શું કામ કાઢો છો! અમારે તે કાંઈ કામકાજ હશે કે છોકરાને નખ કાઢી દઈએ ને બુતાન ટાંકી દઈએ ને આ કરી આપીએ ને તે કરી આપીએ! અમારા લોકના છોકરાનું તો એમ જ ચાલે! અમે તો મરવા યે નવરાં નથી, તે તમારી આ વેઠ તે ક્યાંથી કરીએ?"

હું તો ઠરી જ ગયો. આપણે તો ધારેલું કે શાળા ઊઘડતાં વર્ગ સ્વચ્છ ને સુઘડ દેખાશે પણ તેને બદલે આ સંદેશા મળ્યા! પણ હરકત નહિ. મને થયું કે "આમ કાંઈ નહિ વળે. મારે એક તરફથી માબાપોનો સહકાર સાધવો જોઈશે ને બીજી બાજુથી શાળામાં જ તેનો શોખ કેળવાય તેવી યોજના કરવી પડશે."

તે દહાડે તો વધારે વાતચીત ન કરતાં વાત શરૂ કરી ને આદરેલી વાર્તા પૂરી કરી.

છોકરાઓ કહે: "બીજી વાર્તા."

મેં કહ્યું: "કાલથી નવી વાર્તા શરૂ કરશું. આજે ચાલો જરા રમીએ."

"રમીએ?" છોકરાઓ આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યા.

"હા, રમીએ. રમતો રમીએ. તમને કઈ કઈ રમતો આવડે છે?"

"ઘણા યે આવડે છે. પણ અહીં કાંઈ રમાય?"

"કેમ ન રમાય?"

"આ તો નિશાળ છે. કયાં કોઈ દિવસ છોકરાઓ અહીં રમે છે! કોઈ દિવસ રમતાં ભાળ્યા છે!"

"પણ આપણે તો રમીએ. હું તમારી જોડે રમીશ. ચાલો રમીએ."

કેટલાએક છોકરાઓ સજ્જડ ઊભા રહ્યા. કોઈ કોઈ તો હોઈયાં કહીને રમવા દોડ્યા. ત્યાં તો હોહો થઈ રહ્યું! બીજા વર્ગના છોકરાઓ વર્ગમાંથી જોઈ રહ્યા. બીજા શિક્ષકો પણ મારી સામે તાકી રહ્યા.

હેડમાસ્તર એકાએક આવ્યા ને મને ટોકયો: "જુઓ, આ રમતો અહીં નજીકમાં નહિ રમાય. જોઈએ તો દૂર પેલા મેદાનમાં જાઓ. અહીં બીજાઓને અડચણ થાય છે."

હું છોકરાઓને લઈ મેદાનમાં ગયો.

છોકરાઓ તો છૂટેલા ઘોડાઓ જેમ કૂદાકૂદ કરી બોલતા હતા: "રમત! રમત! એ ભાઈ રમત!"

મેં કહ્યું: "કઈ રમત રમીએ?"

એક કહે: "ખોખો."

બીજો કહે: "ના, હુતુતુ."

ત્રીજો કહે: "ના, સાતટાપલિયો દાવ."

ચોથો કહે: "તો અમારે નથી રમવું."

પાંચમો કહે: "તો ચાલો આપણે બાકીના રમીએ."

હું છોકરાઓને શેરીમાં પડેલી ટેવો જોઈ શક્યો. મેં કહ્યું: "આપણે તો રમવા આવ્યા છીએ. ના અને હા, ને નથી રમતા ને રમતા, ને એવું કરવું હોય તો ચાલો પાછા નિશાળે જઈએ."

છોકરાઓ કહે: "ના, અમે તો રમવા માગીએ છીએ."

મેં કહ્યું: "ચાલો ત્યારે, આજે તો ખોખો રમીએ. બે જણા ઊભાવડિયા થાઓ ને બીજાઓ પછી આવો."

ભેરુ થતાં પાછી કેટલીયે વાર લાગી: એક કહે હું ઊભાવડિયો થાઉં ને બીજો કહે હું. છેવટ મેં બેનાં નામ નક્કી કરી આપ્યાં ને ભાગ પાડ્યા એટલે રમત ચાલી.

પણ એ તો શેરીમાં રમેલા છોકરાઓની રમત! કોઈ મોઢામાં જીભ ઘાલીને રમે તો કે! દરેક નકામો કંઈ ને કંઈ બોલે જ લે. "એ આવો મિયાંજી પકડવા!" "એ પકડ્યાં, પકડ્યાં! તમારા શા ભાર છે, તે તમે પકડી શકો!" "એ પણે સાચવજો." "એ ભાઈ, જરા જો તો ખરો, પણેથી પેલો નીકળી જશે." "અરે ધ્યાન રાખ! જો હું નો'તો કહેતો કે નીકળી જશે? ભાઈ વાતો કરવા રોકાણા ત્યાં પેલો નીકળી ગયો. જો હારી ગયા!"

મને થયું: "આ તે રમતનું મેદાન કે કોઈ નાતનો વંડો! આ તે ખોખોની રમત કે ઘોંઘાટની રમત!"

રમત પૂરી થઈ ને જીતેલા છોકરાઓમાંથી એક બોલ્યો: "લો, અમે જીત્યા, બો! મહેનત તો ખૂબ કરી પણ કાંઈ ચાલ્યું! સારો ઊભાવડિયો હતો એમાં શું થયું!"

સામાવાળો ખીજાયો ને ઘૂરક્યો. તે કહે: "લે હું હાર્યો. હવે શું છે!"

પેલાએ ફરી વાર કહ્યું: "તમે હાર્યા ને અમે જીત્યા! તમે હાર્યા ને અમે જીત્યા!"

હારનારાના મોં પર ગુસ્સો હતો. તે કહે: "બસ! હવે ચૂપ રહેવું છે!—નહિતર આ પથરો લગાવીશ."

જીતનાર કહે: "લગાવ્યાં, લગાવ્યાં! ખીજવીશું, ખીજવીશું ને ખીજવીશું! એ હાર્યો! એ હાર્યો! એ હાર્યો!"

પેલાનો ગુસ્સો હાથ ન રહ્યો ને પથરો ઊંચકીને લગાવ્યો. પથરો સામાના માથામાં લાગ્યો ને લોહીની ધાર ચાલી. મને થયું કે આ ભૂંડી થઈ! મારો રૂમાલ ફાડી મેં તેને પાટો બાંધ્યો. સૌ છોકરાઓને પાસે બોલાવ્યા ને કહ્યું: "કાલથી રમવાનું બંધ."

બધા કહે: "પણ એ બે લડે એમાં અમને શું!"

મેં કહ્યું: "તમને એકએ વાત કબૂલ હોય તો જ રમવા આવીએ."

બધા કહે: "કબૂલ, કબૂલ."

મેં કહ્યું: "પહેલી વાત એ કે રમતી વખતે નકામું બોલવું નહિ. બોલે તે માર થાય."

બધા કહે: "કબૂલ."

"બીજી વાત એ કે હારવાજીતવાની વાત જ નહિ. રમત છે; એક વાર આપણે નબળા દેખાઈએ તો બીજી વાર બીજા દેખાય. એમાં પછી અમે હાર્યા ને તમે જીત્યા એવું ન હોય. રમવું એટલે રમવું, દોડવું ને મજા લેવી. હારવું ને જીતવું ને પછી માથાં ફોડવાં એ બધું આપણને ન જોઈએ."

બધા કહે: "એ પણ કબૂલ."

અમે સૌ રમત રમીને શાળાએ આવ્યા. સાથે પેલો માથું ફૂટેલો છોકરો પણ હતો. માસ્તરો ને છોકરાઓ સૌ અમને જોવા બહાર આવ્યા. એક ટીખળી છોકરે કહ્યું: "કાં, કેવી રમત રમાડી!"

બીજો કહે: "એ તો ભાઈ હોળી રમવા ગયા'તા!"

રજા પડી એટલે શિક્ષકો અને હેડમાસ્તર મળ્યા. એક શિક્ષક મને કહે: "કેમ, યુદ્ધની રમત રમી આવ્યા!"

બીજો કહે: "અરે ભાઈ, આ રમતનું ક્યાં કાઢ્યું! આ બાર બાપની વેજા એને તો શાળાની ચાર દીવાલોમાં રાખવી ને ગોખાવવું ને ભણાવવું; છૂટી મૂકીએ તો તો માથાં ભાંગી નાખે! શેરીમાં રોજ શું થાય છે એ નથી જાણતા!"

હેડમાસ્તર કહે: "હું તો ધારતો જ હતો કે કંઈક નવાજૂની થશે. પણ ઠીક છે, આ ભાઈને એક વાર અનુભવની જરૂર છે; એ વિના અમસ્થા ટાઢા નહિ પડે! અહીં શાળામાં તે રમતોફમતો હોય?"

મેં કહ્યું: "સાહેબ, રમત એ જ સાચું ભણતર છે. દુનિયાની મહાન્ મહાન્ શક્તિઓ રમતના મેદાન પર થયેલી છે. રમત એટલે ચારિત્ર્ય."

હેડમાસ્તર કહે: "ત્યારે જ તો મારામારી થઈ ને માથું ફૂટ્યું ને!"

વાત ચાલે છે ત્યાં માથું ફૂટેલા છોકરાનો બાપ ધૂંવાફૂંવા થતો આવ્યો. તે બોલ્યો: "આ અમારે આવું ભણતર નથી જોઈતું. જુઓ, આ માથું બધું ભાંગી ગયું છે! ક્યાં છે મોટા માસ્તર? કોણે એને માર્યો?"

મેં કહ્યું: "જુઓ ભાઈ, એ તો રમવા ગયેલા તે ત્યાં છોકરા લડી પડ્યા ને લાગ્યું."

બાપ કહે: "પણ રમવા જવાનું એને કીધું કોણે? નિશાળમાં તે ભણાવવાનું હોય કે કાંઈ રમાડવાનું! દિવસ બધો શેરીમાં તો રમે જ છે ને! તમારે છોકરાને ભણાવવો હોય તો મોકલું; નહિતર ન મોકલું."

હું તો સાંભળી જ રહ્યો.

હેડમાસ્તર કહે: "એ તો આ ભાઈ જરા નવા શિક્ષક આવ્યા છે તે ભણાવવાના નવા નવા અખતરા કરે છે. આજે આ રમતનો અખતરો કર્યો! ને એમ કરતાં આ બાઝણ થઈ!"

છોકરાનો બાપ કહે: "તે મારે તમારા અખતરાબખતરા નથી જોઈતા. છોકરાને સરખો ભણાવવો હોય તો ભણાવો; નહિતર ઉઠાડી લઉં."

બીજા માસ્તરો મૂછમાં હસતા હતા. હું આ વખતે શું બોલું!

ઘેર ગયો. ખાવું ભાવ્યું નહિ. ઓરડીમાં જઈને વિચાર કરવા લાગ્યો: "માળું, આ તો રોજડી થઈ! ખેર. રમતના નિયમો તો આપ્યા છે ને વધારે આપીશ. બાકી રમત રમાડવી તો જોઈએ જ. મારે મન તો એ જ શિક્ષણ સાચું છે."

પડ્યાં પડ્યાં વિચાર આવ્યો: "માબાપોની એકાદ સભા કરું ને રમતનો મહિમા સમજાવું. તેમની પાસેથી સ્વચ્છતા અને વ્યવસ્થાની બાબતમાં સહકાર માગું. એ લોકો મદદ ન કરે તો મારું કામ માર્યું જાય. અને પોતાના છોકરાઓ માટે એટલું તો તેઓ કરે જ ને! આપણે શિક્ષક લોકો માબાપોનો સહકાર માગતા નથી તેમાં આપણી જ ખામી છે. કાલે સભા બોલાવીશ."

: ૮ :

સભા ભરાઈ. આને સભા કહેવી કે કેમ! ચાળીશ માબાપોને આમંત્રણ કર્યું હતું ત્યારે સાત પિતાઓ આવેલા હતા. મારી નિરાશાનો પાર ન હતો. મેં તો ભાષણ માટે સરસ તૈયારી કરી હતી. પણ મેં ઝુકાવ્યું. મને થયું કે આપણું કામ પ્રયત્નનું છે. ભાષણનો પણ આ અખતરો!

ઘણી ગંભીરતાપૂર્વક એક કલાક સુધી મનનીય ભાષણ કર્યું. સાત જણમાંથી એકને ઘેર જવાનું તેડું આવ્યું ને તે ગયા; બીજાઓ મહા કંટાળે તે સાંભળી રહ્યા હતા. પણ મારા મુદ્દાઓ અગત્યના હતા ને તે તેમને સમજાવવા જ જોઈએ.

મેં તેમને ખરું ભણતર અને ખોટું ભણતર એનો તાત્ત્વિક ભેદ ઝીણવટથી બતાવ્યો. મેં તેમને આધ્યાત્મિક ઉન્નતિ અને સ્વચ્છતા સાથેનો સંબંધ સમજાવ્યો. મેં તેમને રમત અને ચારિત્ર્યગઠનની સાંકળ સાંધી આપી. મેં તેમને અંદરથી આવતા સાચા નિયમનનો મહિમા અને કિંમત કહી. આજની શાળાની શિક્ષણપદ્ધતિ અને નિયમનને વખોડી કાઢયાં.

પણ આ હતું તુંબડીમાં કાંકરા જેવું. બિચારા બેપાંચ જણા શરમેભરમે આવેલા, તેઓ ઊંઠું ઊંઠું થતા હતા; ને ભાષણ પૂરું થયું એટલે ઉતાવળથી ઘર તરફ ચાલ્યા ગયા.

અમે શિક્ષકો ને ઉપરી સાહેબ પાછળ રહ્યા. ઉપરી સાહેબે જરા હસીને કહ્યું: "લક્ષ્મીરામભાઈ, આ તો ભેંશ આગળ ભાગવત ગાયું! આ તમારી ફિલસુફી કોણ સમજે!"

પાછળથી કોઈ શિક્ષક હળવેથી બોલ્યો: "વેદિયો!"

મને સારું ન લાગ્યું પણ ગળી ખાધું; અને મને ખાતરી પણ થઈ કે "હું હજી વેદિયો તો છું જ; મને હજી સાધારણ લોકો પાસે કેવું ભાષણ કરવું જોઈએ તેની પણ ગમ નથી."

શિક્ષકો હસતા હસતા ઘેર ગયા.

: ૯ :

દસબાર દિવસ ગયા ને મેં પુસ્તકાલયનો વિચાર હાથમાં લીધો. વાર્તાઓ ઘણી કહેવાઈ ગઈ હતી. છોકરાઓ ચોથા ધોરણના હતા. હવે તેમના હાથમાં પુસ્તકાલય આવવાની જરૂર હતી.

છોકરાઓને કહી દીધું: "ચોથી ચોપડી ને ઇતિહાસના પૈસા લેતા આવજો. અહીંથી તેનું બધું કરીશું."

બીજે દિવસે એક છોકરો ચોથી ને ઇતિહાસ લઈને જ આવ્યો. તે કહે: "મારા બાપાએ ચોથીમાં પડ્યો તે દિવસનાં લઈ રાખ્યાં હતાં."

બીજો કહે: "મારા મોટાભાઈની ચોપડીઓ છે તે લાવ્યો છું."

ત્રીજો કહે: "મારી ચોપડીઓ તો મુંબઇથી મારા ફુઆ મોકલવાના છે. અહીંથી નથી લેવી."

એક કહે: "મારા બાપા પૈસા આપવાની ના પાડે છે. તે કહે છે કે ચોપડી અમે અપાવી દેશું."

મને થયું: "માર્યા! પુસ્તકાલયનો મેળ મળવો કલ્પનામાં સહેલો હતો પણ ખરેખર તો ભારે આકરું છે!"

થોડાએક જણા પૈસા લાવ્યા હતા તેમના પૈસા રાખી લીધા, પહોંચ આપી ને છોકરાઓને કહ્યું: "ઠીક."

બીજે દિવસે છોકરાઓ કહે: "અમારી ચોથી? અમારો ઇતિહાસ?"

મેં કહ્યું: "એ તો તમારા પૈસા ભેગા કરી મેં આ નવી વાર્તાઓની ચોપડીઓ આણી છે: તમે કહેતા હતા ને કે અમને વાર્તાની ચોપડીઓ વાંચવી બહુ ગમે છે તેથી."

છોકરાઓ ખુશ ખુશ થઈ ગયા. તેઓ સારાં સારાં રંગીન પૂંઠાવાળી અને ચિત્રોવાળી ચોપડીઓ જોઈ પડાપડી કરવા માંડ્યા.

મેં કહ્યું: "આપણી પાસે તો હજી પંદર જ ચોપડીઓ છે; પંદર જણા વાંચી શકશે. બાકી વીશ જણા મારી પાસે આવે, ને હું વાંચું છું તે સાંભળે." એકદમ ગડબડ ગોટાળો ન થાય માટે મેં ઉમેર્યું: "પહેલેથી પંદર જણા વાંચે ને બીજાઓ મારી પાસે આવે."

પંદર જણાએ પંદર ચોપડી ઉપાડી ને એના પર તૂટી પડ્યા. મેં કહ્યું: "જે એક ચોપડી વાંચી રહે તે ટેબલ પર મૂકી દે, ને ત્યાં પડી હોય તે લે; એટલે વારાફરતી સૌને બધી ચોપડીઓ વાંચવા માટે મળે."

બીજાઓને મેં પાસે લીધા ને આદર્શ વાચન શરૂ કર્યું. મેં છટાથી, ભાવથી, નિયમ પ્રમાણે વાંચવા માંડ્યું; પણ પેલા પંદર જણાના વાંચવાનો અવાજ! અટકીને મેં કહ્યું: "ભાઈઓ, સૌ મનમાં વાંચો. અમને અડચણ થાય છે." સૌ ધીરા તો પડ્યા પણ તેમને મૂક વાચનનો મહાવરો જ ન હતો. તેઓ તાણીને જ વાંચતા હતા. તેઓ ધીમા પડી પાછા ઊંચેથી વાંચવા લાગ્યા. મેં તેમને છૂટા છૂટા ઓશરીમાં બેસી વાંચવાનું કહ્યું ને હું અંદર રહ્યો.

આદર્શ વાચન ચાલ્યું. વાર્તા પસંદ કરેલી હતી એટલે સૌએ તે રસપૂર્વક સાંભળ્યું. ઘંટ થયો ત્યાં સુધી પુસ્તકવાચન અને આદર્શ વાચન ચાલ્યાં, ને પછી અમે ઘેર ગયા.

: ૧૦ :

વાર્તા, રમતો, પુસ્તકાલય, આદર્શ વાચન તેમ જ સ્વચ્છતાની અને વ્યવસ્થાની ખટપટ કરતાં બેત્રણ માસ વીતી ગયા. હું કામનો હિસાબ કરવા બેઠો. મેં થયેલા કામ પર નજર નાખી. મને લાગ્યું કે "હજી પાશેરામાં પહેલી પૂણી પણ નથી થઈ. અભ્યાસક્રમના વિષયો ગૂજરાતી, ગણિત, ઇતિહાસ, પદાર્થ-પાઠ વગેરેમાં તો કશું જ નથી કર્યું. બીજા વર્ગોમાં તો કેટલુંયે ચાલી ગયું છે. આ બધું તો વર્ષ આખરે મારે કરી બતાવવું જ પડશે. એ મારા અખતરાની શરત છે. વારુ, એ તો ઠીક. પણ મેં શું શું સાધ્યું તે તો જોઉં! વાર્તાકથન સારી રીતે ફાવ્યું હતું. છોકરાઓ તેથી ઠીક ઠીક વ્યવસ્થિત અને અભિમુખ થયા હતા. પણ હજી ચંપકલાલ અને રમણલાલને વાર્તા નથી ગમતી; રામજી અને શંકરને વાર્તા સાવ સહેલી પડે છે; ને વાર્તા વખતે રઘો ને માધો આંખમીચકારા કરે છે, આંગળીઓના ચાળા કરે છે ને બીજાનાં આળવીતરાં કરે છે તેનો ઉપાય તો કરવો જ રહ્યો છે! હા, એટલું ખરું છે કે રમતો રમાડવાથી બાળકો મારી સાથે

ખીલે છે, મને પોતાનો ગણવા લાગ્યા છે, મારાથી બહુ બીતા નથી, અને રમત પછી આદર્શ વાચન ખૂબ ધ્યાનથી સાંભળે છે. પણ હજી રમત વખતની અવ્યવસ્થા ને ઘોંઘાટ થોડાં જ ઘટયાં છે. ખૂબ મહેનત કરું છું પણ હજી પૂરો રસ્તો કપાયો નથી.

"વાચનાલયમાં હજી થોડી જ ચોપડીઓ છે. માબાપોને હજી હું પાઠયપુસ્તકોને બદલે પુસ્તકાલય રચવાની વાત ગળે ઉતારી શકયો નથી. મને લાગતું હતું કે માબાપોને ભાષણ આપીશું ને સમજાવીશું એટલે બધું થઈ જશે. પણ અહીં તો માબાપોને માત્ર 'ભણાવી દો' એટલું સમજવાની ટેવ પડી છે. તેઓ બીજું કશું સાંભળવા નવરાં નથી, અને તેમને સમજાતું પણ નથી. પણ ફિકર નહિ; એ તો પાછળ લાગવાથી થશે. આજ નહિ તો કાલે; હજી ઘણા દિવસો છે."

મને થયું: "આ પ્રયોગ એટલે તો મોટું મહાભારત કામ! આથી જેટલી આપણી કલ્પના, સમજણ અને આદર્શ તેટલી તેની ગંભીર અને મોટી મૂંઝવણ. મારા મનને અનેક પ્રશ્નો મૂંઝવતા હતા. સ્વચ્છતાનું તો હજી કંઈ જ થયું ન હતું. ટોપીઓમાં તો કંઈ ન વળ્યું. કપડાં એકાદબે દિવસ સુધી ઠીક ઠીક સારાં આવ્યાં ને પછી તો પાછી એની એ સ્થિતિ! નખ પણ પાછા એના એ પાવડા જેવા વધવા લાગ્યા છે. પણ આની પણ પાછળ પડ્યા સિવાય રસ્તો નથી. સમાજમાં નવી ટેવ નાખવી છે એટલે તે ધીરજથી પણ વારંવાર કરવાથી જ થશે.

"ને એકલા છોકરાની જ થોડી ચિંતા છે? ઉપરી સાહેબ પણ હવે જરા ઉતાવળા થયા છે. તેમના ય પાછા ઉપરી અને વિરોધીઓ હોય છે. તેઓ જશના ભાગી થવા માગે છે, પણ ઉતાવળ અને પરિણામ બંને માગે છે. તેમની મદદ કરવાની શક્તિ પણ મર્યાદિત તો છે જ.

"મારા સાથી–શિક્ષકોને તો મારામાં કશો વિશ્વાસ જ નથી. તેઓ તો મને ચોખ્ખો વેદિયો જ માને છે; ને હા, હું કંઈક હોઈશ પણ ખરો. એમ તો અનુભવ વિનાનો. પણ આ એમની માન્યતાઓ અને શીખવવાની રીતો તો મારે ન જ જોઈએ. તે જોતાં જ મને ત્રાસ થાય છે! એમ તો હું જે કરું છું તે જ બરાબર છે. મારા છોકરાઓ મને જોઈ નાસી જતા નથી. તેઓ મને ઠીક ઠીક ચાહે છે. મારું માન રાખે છે. આજ્ઞા પણ ઉપાડે છે. પરંતુ આ શિક્ષકોના છોકરાઓ તો તેમને જોઈ ભાગી જાય છે; ને પાછળથી તેમના ચાળા પાડતા મેં તેમને નજરે ભાળ્યા છે! એક પણ છોકરો શિક્ષક પાસે આવી હસીને કે હેતથી ઊભો રહેતો જ નથી. તેઓ વર્ગમાં ચૂપચાપ હલ્યાચલ્યા વિના બેસે છે ને બહાર નીકળે છે ત્યારે ધીંગામસ્તી કરે છે. એ રીતે મારા છોકરાઓને મેં વાજબી છૂટ આપી છે; ને તેઓ વર્ગમાં થોડીક ગડબડ કરી લે છે તેથી તો અત્યંત વધારે પડતી ગડબડ બહાર મચાવતા નથી. પણ પેલાઓ કહે છે કે હું તો તેમને બગાડું છું, ફટાડું છું; માત્ર વાર્તા કહું છું ને ભણાવતો નથી; રમાડીને રઝળાવું છું! ઠીક છે, જોયું જશે. એ રમત અને વાર્તા એટલે મારે મન તો અરધોઅરધ શિક્ષણ છે!

"આમ છે છતાં મારું કામ વિકટ છે તે મારે ધ્યાનમાં રાખવું જ જોઈએ; અને એમ રાખીને જ હું કામ કરીશ."

વિચારમાંથી બારના ટકોરે જાગ્યો ને પછી "હે ભગવાન્! આખરે તો બધું તારા હાથમાં છે." એમ કહી બધી ચિંતા એને ખોળે સોંપી "કાલની વાત કાલે જોઈશ." એમ કરીને સૂતો.

# દ્વિતીય ખંડ

## પ્રયોગની પ્રગતિ

: ૧ :

ત્રીજો માસ બેઠો. મને થયું કે હવે તો રોજના કામની નોંધ લેતો જાઉં, જેથી મને પોતાને જ ખબર પડે કે અઠવાડિયે કેટલું કામ થાય છે. એની સાથે જ મેં એક માસના કામનો આલેખ કર્યો એટલે મને લાગ્યું કે નોંધપોથીની ઉપયોગિતા છે. આ નોંધપોથી લૉગબૂક જેવી નહિ પરંતુ માત્ર દિશાસૂચક યાદીરૂપ હતી.

વાર્તા તો રોજ ચાલતી હતી, અને રમતો પણ રમાતી હતી. વચ્ચે વચ્ચે વાર્તાલાપ, આદર્શ વાચન અને શરીરતપાસ પણ ચાલતાં હતાં. વાચનાલય પણ ધીમે પગલે વધતું જતું હતું.

: ૨ :

મેં અભ્યાસક્રમના વિષયોમાંથી કંઈક ઉપાડવાનું શરૂ કર્યું. એક દિવસ સવારે મેં કહ્યું: "લખો ડિકટેશન." છોકરાઓ મારી સામે જોઈ રહ્યા. તેઓના મનમાં કદાચ આવ્યું જ નહિ હોય કે હું ડિકટેશન લખાવું અને પાઠ લઉં ને દઉં, કે નકશો પૂછું ને એવું ને એવું કરું એવી જાતનો માસ્તર હોઉં. વળી એક રીતે હું તેવો ન જ હતો. મને તેઓએ તેવો જાણ્યો જ ન હતો.

મેં તેમને કહ્યું: "લખો."

ઘણાની પાસે પાટી અને પેન નહોતાં. પાટીપેનનું કે બીજી ચોપડીઓનું તેમને કામ પડતું ન હતું એટલે તેઓ એ વિના જ આવતા થઈ ગયા હતા. બીજા વર્ગમાંથી મેં પાટી અને પેનો મગાવ્યાં ને ડિકટેશન લખાવવા બેઠો.

કેટલાએકે મોં મચકોડ્યાં. કોઈ કહે: "ભાઈ, વાર્તા નહિ?" કોઈ કહે: "ચોપડી કયાં ચાલે છે તે એમાંથી ડિકટેશન લખાવશો!" એકબે કહે: "પહેલાં જોઈ જવા દો કે ભૂલ ન પડે."

મને થયું: "વારુ; આ બધા છે તો પૂરેપૂરી જૂની ઘરેડના શિક્ષણમાં ઊછરેલા. ડિકટેશનનો જૂનો અર્થ તેઓ બરાબર જાણે છે ને તેથી તેઓને તે ગમતું નથી, તેનાથી ભડકે છે ને તેની પૂર્વતૈયારી માગે છે."

મેં વાચનાલયમાંથી એક ચોપડી ઉપાડી લખાવવા માંડ્યું. હું એક આખું વાક્ય બોલ્યો. પણ હું બેચાર શબ્દ બોલું ત્યાં તો છોકરાઓ કટ કટ શબ્દો સાંભળીને લખવા માંડ્યા ને વાક્ય બોલી રહ્યો તે તો તેમણે સાંભળ્યું પણ નહિ! તેઓ "શું લખાવ્યું, ભાઈ?" "શું લખાવ્યું, ભાઈ?" એમ કહી પૂછવા લાગ્યા. મેં કહ્યું: "જુઓ, કેમ લખવું તે હું તમને બતાવું. હું જે વખતે

બોલું તે વખતે તમારે મારી સામે જોવું, અને બોલી રહું તે બરાબર સાંભળી સમજી લઈ લખી નાખવું; ને પછી પાછું બીજું વાક્ય સાંભળાવા મારી સામે જોવું." આ રીતે લખાવવા માંડ્યું. પણ જૂની ટેવને એકદમ કેમ ઠીક પડે! આગળ જતાં તો સૌને એ જ નવી ટેવ પડી ગઈ ને કોઈને ફરી વાર પૂછવું નહોતું પડતું; તેમ હું માત્ર એક જ વાર બોલતો અને ફરીને સંભળાવી પણ જતો નહિ.

ડિક્ટેશન લખાઈ ગયું ને પાટીઓ નીચે મૂકાઈ. તપાસી લીધું ને જાણ્યું કે જોડણીની ભૂલો ઘણી પડે છે, જોડાક્ષરોનું પૂરું ઠેકાણું નથી ને અક્ષરો પણ બરાબર સારા નથી.

મેં કોઈની પણ ભૂલ કાઢી ન હતી. જેમતેમ જોઈને પાટીઓ પાછી આપી હતી. બધા કહેઃ "અમારી ભૂલ કેટલી? અમારી કેટલી? અમને ઉપર ચડાવો; ઉતારો."

એક કહેઃ "હવે તો લક્ષ્મીરામભાઈ પણ ભણાવશે ને નંબર પૂરશે ને એવું એવું થશે."

મેં કહ્યું: "હું તો કંઈયે એવું કરવાનો નથી. ઠીક છે, તમને સૌને લખતાં આવડે છે ને ઠીક આવડે છે. કાલે વળી ફરી લખજો ને એમ કરતાં બહુ સરસ લખતાં આવડશે. રોજ રોજ લખીએ તો આવડે જ ને! ને ભૂલો કાઢીને ય શું કરવું હતું!"

એક કહેઃ "પણ નંબર ને ચડાઉતરી?"

મેં કહ્યું: "આ મારી પાસે વાર્તા સાંભળો છો તેમાં ચડાઉતરી છે?"

"ના."

"આ રમત રમીએ છીએ એમાં નંબર પૂરવાનું છે?"

"ના."

"આ તમે કોઈ ઊંચા છો ને કોઈ નીચા છો એમાં ચડાઊતરી છે?"

"ના."

"તમે કોઈ જાડા છો ને કોઈ પાતળા છો એમાં ચડાઊતરી છે?"

"ના."

"કોઈ પૈસાદાર છો ને કોઈ ગરીબ છો એમાં નિશાળમાં નંબર ને ચડાઊતરી છે?"

"ના."

"ત્યારે એમ. આપણા વર્ગમાં ચડાઊતરી જ નથી જોઈતી. કવિતા આવડે તે કવિતા ગાય; ન આવડે તો યાદ કરે. રમતાં ન આવડે તે જોઈ જોઈને શીખે; આવડે તે ખૂબ રમે ને મજા કરે. ડિક્ટેશનમાં સારા અક્ષર લખે તેના જોઈને બીજા સારા કરે. કોઈ ને પૂછીને એકને ન આવડે તો આવડતું હોય તે ન આવડનારને શીખવે, નહિતર હું શીખવું. એ પત્યું."

બધા આંખો ફાડી મારી સામે જોઈ રહ્યા. તેમને નવાઈ લાગી હતી.

છેવટે મેં કહ્યું: "આપણો વર્ગ એટલે તો જુદી જ વાત. નવી જ વાત. એમાં જુદી રીતે જ ચાલે. આ તો આપણો વર્ગ!"

'આપણો વર્ગ' શબ્દ ઉપર બેત્રણ વાર ભાર મૂકયો એટલે છોકરાઓને રંગ લાગ્યો. તેઓ કહે: "આપણો વર્ગ. આપણો વર્ગ એટલે જુદી વાત. આપણો વર્ગ એટલે નવી વાત."

ડિક્ટેશનની બાબતમાં મેં અઠવાડિયામાં થોડાઘણા સુધારા કરી વાળ્યા.

તેઓને રોજ ને રોજ ચાર લીટી કોઈ પણ ચોપડીમાંથી બરાબર જોઈ ને લખી લાવવાનું સોંપ્યું. મેં પોતે તેમને દસ મિનિટ રોજ વાક્યો લખાવવાનું રાખ્યું. તેઓ રોજ પા કલાક સામસામે લખાવે ને એકબીજાની ભૂલો સુધારી નાખે તેમ પણ રાખ્યું.

તેમને જોડાક્ષરો આવડે તે માટે મેં અઘરા જોડાક્ષરોની અને ખાસ કરીને ચોથી ચોપડીમાં આવી જતા બધા જોડાક્ષરોની એક પોથી બનાવી આપી. આ પોથી સૌને વારાફરતી વાંચવા અને પાટીમાં લખવા માટે આપી.

ચોથી ચોપડીમાં આવતી અઘરી જોડણીની હું યાદી બનાવવા લાગ્યો, અને તેનો ઉપયોગ પણ વિચારી રહ્યો.

અમારું કામ ઠીક ચાલવા લાગ્યું.

: ૩ :

એક દિવસ બાજુના ઓરડામાંથી "ઓય વોય રે! મરી ગયો રે!" નો અવાજ આવ્યો.

અમારા કાન ચમક્યા. અમે વાર્તા કરતા હતા. છોકરાઓનું ધ્યાન તે તરફ ગયું. મેં વાર્તા બંધ રાખી કહ્યું: "એક જણ જઈ ને જુઓ જોઈએ, શું છે? કોણ રડે છે? શા માટે રડે છે?"

મોટો એવો છોકરો જોઈ આવ્યો ને કહે: "એ તો પેલા જીવાને માસ્તરે માર્યો."

મેં કહ્યું: "કેમ?"

"એને ભૂગોળ નથી આવડતી."

મેં ફરી પૂછ્યું: "તેમાં માર્યો શા માટે?"

એક કહે: "લેસન કરી ન લાવે ત્યારે શું થાય?"

મેં કહ્યું: "પણ ન આવડે તો?"

બીજો કહે: "પણ લેસન તો આવડવું જ જોઈએ; ને ન આવડે તો માસ્તર મારે જ ને!"

મેં પૂછ્યું: "પણ કોઈ ગોખે ને તોયે ન આવડે તો?"

ત્રીજો કહે: "તોયે માસ્તર તો મારે. માસ્તર તો મારે જ. ન આવડે તો મારે."

મેં કહ્યું: "એ તો ઠીક. પણ તમને કોઈને માર ખાવો ગમે?"

બધા કહે: "ના; એ તે કોને ગમે!"

મેં કહ્યું: "હું લેસન આપીશ ને તમે નહિ કરી લાવો તો મારે તમને મારવા કે નહિ?"

"પણ અમે લેસન કરી જ લાવીશું."

"પણ ગોખશો તોયે નહિ આવડે તો?"

"તો...તો મારવું નહિ. મારો તો તો વાગે! ન આવડે તો વધારે ભણાવજો ને અમે વધારે ગોખીશું."

મેં કહ્યું: "વારુ ત્યારે; આપણે આપણી વાત આગળ ચલાવીએ."

પણ છોકરાઓનું મન આજે પેલા જીવામાં હતું. તેઓ બધા કહે: "જોજો તો, જીવો તો એવો છે કે પાછળથી માસ્તરને ગાળો દેશે ને ભીંત ઉપર એમનાં ચિત્ર કાઢશે ને જોડે ગાળો લખશે."

મેં કહ્યું: "જીવાએ એમ ન કરવું જોઈએ. માસ્તરને એમ ન થાય."

બધા કહે: "પણ માસ્તર એને બહુ મારે છે!"

મેં કહ્યું: "ત્યારે શું કરવું?"

છોકરાઓ કહે: "એને ન મારવો."

મેં કહ્યું: "ત્યારે લેસનનું?"

છોકરાઓ કહે: "લેસન ન કરી લાવે તો એને શાળામાંથી કાઢી મૂકવો. નાહકનો મારવો શું કામ! મારવાથી આવડતું હોય તો તો રોજ મારે જ છે ને!"

એક કહે: "જીવાનું ભણવામાં મન જ નથી. એનું તો સસલાં પકડવામાં મન છે, ને એને તો ઢોર હાંકવાં ગમે છે."

બીજો કહે: "ભાઈ, નિશાળમાં જીવો માર ખાય છે; બાકી બહાર જઈને તો એ છોકરાઓને મારે છે. અમે બધાય એનાથી બીએ છીએ."

મેં પૂછ્યું: "એ નાતે કેવો છે?"

છોકરાઓ કહે: "જી, એ તો કોળી છે. એનો બાપ દરબારી નોકર છે ને એને પરાણે ભણાવે છે. એ માસ્તરને ઘેર ભણાવવા પણ રાખેલા છે."

મેં કહ્યું: "જવા દો ને. ચાલો આપણે વાર્તા પૂરી કરીએ."

વાર્તા પૂરી કરી અમે ઊઠયા ને ઘંટ વાગ્યો. શિક્ષા અને તેનાં પરિણામો સંબંધી વિચારો કરતો કરતો હું ઘેર ગયો. મારે તો શિક્ષા કરવી જ ન હતી એટલે મને મારા મનમાં તો નિરાંત હતી.

થોડા દિવસ વહી ગયા.

: ૪ :

એક દિવસ હું ઉપરી સાહેબને મળ્યો ને મેં કહ્યું: "સાહેબ, એક એવો હુકમ કાઢી આપો કે શાળામાં આવનાર બાળકે સ્વચ્છ કપડાં પહેરીને આવવું પડશે. માથે ટોપી રાખવી હોય તો તે મેલી નહિ જોઈએ. વાળ રાખવા હોય તો ઓળેલા જોઈએ. દર અઠવાડિયે બાળકના નખ ઉતરાવવા ને વાળ વધે ત્યારે વાળ કપાવવા. કોટ પૂરાં બુતાન વિના ન જ હોય. વળી દરેક વિદ્યાર્થી નાહીધોઈ ને શાળાએ આવે; અગર હાથપગ ધોઈને તો આવે જ."

ઉપરી સાહેબે ધીરજથી સાંભળ્યું ને તેઓ હસ્યા. કહે: "કાં, માબાપો નથી સમજતાં?"

મેં કહ્યું: "માબાપોને ઘણું સમજાવું છું પણ ગળે જ નથી ઊતરતું. સારાં સારાં પૈસાદાર માબાપો પણ સમજતાં નથી. એ તો કહે છે કે 'નાનપણમાં અમે પણ એમ જ શાળાએ જતાં.' તેઓ કહે છે કે 'રોજ ને રોજ એ બધું તે કોણ કરે! ભાઈ, તમારું કામ ભણાવવાનું છે તે ભણાવો ને! આ બધું અમે જોઈ લઈશું.' બહુ થોડો સુધારો થઈ શક્યો છે. ખરેખર સાહેબ, મને એવા વિદ્યાર્થીઓને ભણાવવું નથી ગમતું."

સાહેબ કહે: "ત્યારે એમ છે! આપણો જનસમાજ આવો છે. આ સમાજને સંસ્કારી કરવો એટલે તો નેવાનાં પાણી મોભે લઈ જવાં! તોપણ જ્યારથી આ ખાતું મેં હાથમાં લીધું છે ત્યારથી કંઈક માબાપો ઉપર પણ ઠીક અસર કરી છે."

મેં કહ્યું: "ત્યારે આપ એક હુકમ ન કાઢી શકો?"

"એવો હુકમ મારાથી ન કઢાય. મારા અધિકારની બહાર છે."

"અધિકારની બહાર? તો પછી આપ આવડા મોટા અધિકારી શાના?"

"આતો રાજ્ય છે. વળી અન્યત્ર પણ આવી સત્તા અધિકારીઓ પાસે નથી હોતી."

મેં કહ્યું: "ત્યારે?"

ઉપરી સાહેબ: "ત્યારે તમે મોટી સત્તાને હલાવો તો જ આવા હુકમો નીકળે. વળી લોકો આવા હુકમનો ક્યાં અમલ કરવાના છે! વળી તેઓ આપણા હુકમો ન માને તો આપણે શું કરીએ?"

"શાળામાંથી બાળકને કાઢી મૂકીએ."

"તે ન બને; તેમ કરીએ તો હોહો થાય."

મેં કહ્યું: "એ બધું થઈ શકે; પણ સત્તા વિના શાણપણ શા કામનું! ખરી વાત છે કે આપણે મહેતાજી એટલે શી વિસાતમાં!"

ઉપરી સાહેબ: "ત્યારે એમ જ સમજો; ને ચાલે છે તેમ ચલવ્યે રાખો."

"ના, એ તો જાણે નહિ જ બને. છેવટે હું શાળાની અંદર જેટલો પ્રયત્ન થઈ શકે તેટલો કરી છૂટીશ. બાળકોને તેવી ટેવમાં કેળવીશ. ઉપરાંત આ બાબતમાં નવરાશ મળશે ત્યારે જાહેર હિલચાલ કરીશ. ખરી વાત તો એમ છે સાહેબ, કે લોકોને ભલે પડી ન હોય પણ આ શાળાની ગંદકીની પરિસ્થિતિ એટલે તો રોગને નોતરવાનું જ સ્થાન !"

ઉપરી સાહેબ: "વારુ, તમને ગમે તેમ તમે કરો. પ્રયોગ કરવા તો તમે આવ્યા છો. પણ આ ચોથો માસ પૂરો થવા આવ્યો છે. જોજો, વખત દોડયો જાય છે."

નમસ્કાર કરી હું ઘેર આવ્યો. ઘરના ખર્ચે (કંટિજંટમાં તો શું હતું કે ખરીદી શકું !) બે સરસ મજાની સાવરણી લીધી; એક નાનો એવો આરસો લીધો; એક દાંતિયો ને એક ખાદીનો કટકો લીધો, ને એક નાની સરખી કાતર લીધી. સારું હતું કે નિશાળના કંપાઉંડમાં નળ તો હતો. વર્ગમાં બધી તૈયારી કરી રાખી.

મેં છોકરાઓને હારબંધ ઊભા રાખ્યા. તેઓ હવે તો સારી રીતે અભિમુખ થયા હતા. મારા પર તેમની પ્રીતિ હતી. હું કંઈ ને કંઈ પણ તેમને ગમે તેવું ને ફાયદાકારક કરું છું તેમ તેમને લાગ્યું હતું.

મેં આરસામાં સૌને તેમનાં મોં બતાવ્યાં ને કહ્યું: "જેઓને લાગતું હોય કે પોતાનાં મોં, આંખ, નાક, ગંદાં છે તેઓ નળે જઈ ધોઈ નાખે. સાથે હાથપગ પણ ધુએ ને વાળ પણ ભીના કરે."

એ તો તબડ તબડ કરતા બધા ઊપડ્યા ને ઉપરાછાપરી પડતા હાથ, મોં, પગ, વગેરે ધોવા લાગ્યા.

મેં વિચાર્યું કે "આ લોકોને આગળપાછળ ચાલતાં અને ક્રમવાર કામ કરતાં બતાવવું જોઈશે. આમ ધબડ ધબડ કામ તો આપણો આખો સમાજ કરે જ છે. એ અણઘડતામાંથી તો આપણે આ લોકોને ઉગારવા છે."

તુરતજ મેં ત્યાં એક લીટો કર્યો ને સૂચના આપી: “આ લીટા પર સૌ ઊભા રહો ને વારાફરતી નળ પર જાઓ.”

હું બે હાથમાં બે ખાદીના ટુકડા લઈ ઊભો રહ્યો; ને બંને બાજુ હાથ, પગ, મોં, માથું લોવાવા લાગ્યાં.

આવી રીતે નિશાળના કંપાઉંડમાં તો પહેલવહેલું જ થતું હતું. રસ્તે જતા માણસો જોઈ રહ્યા હતા કે નિશાળમાં વળી આ શું ચાલે છે!

બધાએ હાથમોં ધોઈ લીધાં એટલે અમે વર્ગમાં ગયા, ને મેં દાંતિયો આપી આવડે તેમ ઓળી લેવા સૌને કહ્યું. ટોપીઓને એક ખૂણામાં મૂકાવી હતી. બધા સ્વચ્છ થયા, સુંદર દેખાયા, સ્વસ્થ થયા.

મેં ચાકથી ગોળ દોર્યો ને સૌને તે પર બેસાર્યા. હું પણ એ જગ્યાએ બેઠો ને મેં તેમને કહ્યું: “હવે જુઓ, તમારા હાથ કેટલા ચોખ્ખા છે! તમારું મોં કેટલું સુંદર લાગે છે! તમને આ ગમે કે નહિ?”

સૌએ કહ્યું: “હા.”

મેં કહ્યું: “ત્યારે આપણે એમ કરીએ તો? રોજ નિશાળે આવીને આ કામ તમારે કરી લેવું; પછી આપણે બીજું કામ કરીશું.”

તે દિવસે મને સારું લાગ્યું; દિલ પ્રસન્ન થયું. મેં કહ્યું: “ચાલો આજે કવિતા બોલીએ.” હું જે પહેલી કવિતા બોલ્યો તે એક પ્રાર્થના હતી. સહેજે આજે મારા મનમાંથી પ્રાર્થના નીકળી ગઈ.

તે દિવસે નખનું કામ રહી ગયું. કપડાં અને ગુતાનનું તો બાકીજ હતું. ચલાવી લેવાનું રાખી તે દિવસનું બીજું કામ ઉપાડ્યું.

: ૫ :

મેં વિચાર્યું: "ઇતિહાસના શિક્ષણનો પાયો વાર્તા દ્વારા નાખ્યો છે. હવે કવિતાના શિક્ષણનો પાયો હું લોકગીતના ગાન દ્વારા નાખું. મેં ખૂબ વિચાર કરી એમ નક્કી કર્યું હતું કે પહેલા છ માસ મારે પાયાનું કામ કરવું, અને પછીના વખતમાં મારે તે ઉપર રીતસરના ભણતરનું ચણતર કરવું."

વિદ્યાર્થીને આમ કંઈક નવું આવે એટલે હસાહસ અને ગંમત ને મશ્કરી તો ખરીજ. મેં લોકગીતોની શરૂઆત કરી: "ચાલો જુઓ, હું તમને ગવરાવું તેમ તમે ગાઓ."

મેં શરૂ કરાવ્યું:

**કાનો કાળજડાની કોર છે,**
**બહેની મારો કાનો કાળજડાની કોર છે.**

પણ કોઈ ઝીલી શક્યું નહિ.

મને નવાઈ લાગી: ચોથા ધોરણના છોકરાઓ આટલું પણ ન ઝીલી શકે! પણ એમને એવી ટેવ જ ન હતી. મેં બીજું લીધું:

**મારો છે મોર, મારો છે મોર;**
**મોતી ચરંતો મારો છે મોર.**

હવે કંઈક ચાલ્યું.

પણ એટલા બધા છોકરાઓએ કાચુંપાકું ગાન ઉપાડયું કે શાળામાં તો હોહો થઈ રહ્યું!

પાસેથી શિક્ષક આવ્યા ને કહ્યું: "ભાઈ, બસ રાખો આ અવાજ! કાનપડયું સંભળાતું નથી!"

એક શિક્ષક કહે: "એ ભાઈ, રોજ ને રોજ કંઈક નખરાં તો કાઢવાનાંજ કે! અમારા છોકરાને સુખેથી ભણાવવા દેવા છે કે નહિ? તમારે તો કાંઈ નહિ. અખતરામાં ફાવ્યા તો

ઉપરી કહેશે કરો આ પ્રમાણે ને તે પ્રમાણે; ને નહિ ફાવે તો બગલથેલો લઈને ક્યાંક ઊપડી જશો!"

હેડમાસ્તર આવ્યા: "અરે લક્ષ્મીરામભાઈ, આ તે શું કાંઈ ધૂડી નિશાળ છે કે મોપાટ જેમ કવિતાઓની મોપાટ લેવરાવો છો! જો નવા અખતરા થાય છે! આ તો બાપદાદાયે જાણે છે."

બધા જતા રહ્યા પછી મને થયું: "આ તો માર્યા! સદ્‌ગાનને હમણાં કોરે મૂકીએ. ગાનશ્રવણ કાઢીએ."

મેં છોકરાઓને કહ્યું: "ઊભા રહો; હું ગાઉં ને તમે સાંભળજો."

મેં 'નથ ઘડી દે સોનારા રે મારી નથ ઘડી દે સોનારા' ગાયું. મારો રાગ તો જાણે ગધેડું મોહિત થાય એવો! પણ હવે બસૂરો નહિ એટલે ચાલ્યું તો ખરું. મને થયું કે રાગ સારો હોત તો ઠીક હતું. પણ મેં ઢબથી ને અભિનયથી ગાયું. એમ તો મેં અભિનયનો અભ્યાસ કરેલો. કેટલાક છોકરાઓને ગમ્યું; પણ કેટલાક તો આળસ મરડવા લાગ્યા ને ચાળા કરવા લાગ્યા. બાકી ચંપક જેવા તો બાડી આંખ કરી જાણે કે મશ્કરી જ કરતા હતા! મારી નજર બહાર તે ન હતું. પણ તે તો હું હાથમાં લઈ જ રહ્યો હતો.

જેમને ગાન સાંભળવું નહોતું ગમતું એમ લાગ્યું તેમને મેં કહ્યું: "તમે જુદા બેસો. પાટીમાં તમને ગમે તે લખો કે ચિત્ર કાઢો."

બીજું ગાન ગાયું; રસ વધ્યો. પાછું ત્રીજું ચલાવ્યું. સૌથી વધારે બીજું ગાન ગમ્યું ને તે વારે વારે ગાયું. જેમ જેમ ગવાતું ગયું તેમ તેમ રસ વધ્યો. છોકરાઓને મેં કહ્યું: "જુઓ, મારું ગીત સાંભળજો પણ બોલશો નહિ.. શાળાના કંપાઉંડમાં તો બોલશો જ નહિ."

બે દિવસ થયા ને છોકરાઓ 'નથ ઘડી દે' ગાવા લાગ્યા. પણ મારો સખ્ત હુકમ કે કંપાઉંડની બહાર!

ગામના માણસો વાતો કરવા લાગ્યા: "આ કવિતા વળી કઈ જાતની?"

ભાણો દરજી કહે: "આ તો નવરાતરમાં ભવાઈમાં બોલે છે એ."

રઘો કહે: "ત્યારે આ માસ્તર ભવાયા હશે કે ભવાઈ શીખવવા આવ્યા છે!"

છોકરાઓની માતાઓ કહે: "આ નિશાળમાં બાયડીઓનાં ગીતો શા સારુ ગવરાવે છે?"

આપણે તો આ બધું કાન તળે જ કાઢતા હતા. એવું સાંભળીએ તો ચાલે જ કયાં? આપણે તો ઝુકાવવું જોઈએ. નવા ચીલાઓ એમ જ પડે.

રોજ રોજ નવી નવી કવિતાઓ છોકરાઓ પાસે ગાવા લાગ્યો ને તેમને ગમતી કવિતાઓ નક્કી કરવા લાગ્યો. એમ કરતાં પાંચ-પંદર ગીતો તો ઘણાને મોઢે થઈ ગયાં. હા, બેચાર છોકરા એવા હતા જેમને સંગીત ન ગમતું. તેઓ તે વખતે વાંચતા કે લખતા; અને હું તેમની ચિંતા ન કરતો.

મારા મનમાં હું દાંડિયારાસને પણ દાખલ કરવાનો વિચાર કરી રહ્યો હતો.

હમણાં શાળામાં લગભગ આ પ્રમાણેનું કામ ચાલતું હતું: વાર્તાનું કથન, વાચનાલય, આદર્શ વાચન, રમતો, ડિક્ટેશન, કવિતાશ્રવણ, સ્વચ્છતા અને પ્રાર્થના.

: ૬ :

એક દિવસ એક પરમહંસ બાવા આવ્યા. તેમની સાથે હેડ-માસ્તર હતા. હેડમાસ્તરે તેમનું ઓળખાણ કરાવ્યું: "આ મહારાજજી ધર્મોપદેશનું કામ કરે છે. રાજ્યની દરેક શાળામાં તેઓને ઉપદેશ કરવાની સગવડતા મળી છે. આજે તેઓ આપણા સાહેબની ચિઠ્ઠી લઈ આ શાળામાં ઉપદેશ કરવા આવ્યા છે."

મેં મહારાજજીને આદરપૂર્વક નમસ્કાર કર્યા, ખુરશી ઉપર બેસાર્યા ને કહ્યું: "વારુ મહારાજજી, આપ આપનું કામ શરૂ કરો."

છોકરાઓ તો સાધુ મહારાજના મૂંડેલ શિર તરફ તથા મોં તરફ જોતા હતા. મહારાજનું પાતળું શરીર, હાથમાં કમંડળ, કાંતિવાળી મુખમુદ્રા, આ બધું વિદ્યાર્થીઓ કૌતુકથી ધારી ધારીને જોતા હતા.

મેં વિદ્યાર્થીઓને કહ્યું: "સ્વામીજી ઉપદેશ કરવાના છે. તમે સૌ ધ્યાનથી સાંભળજો."

છોકરાઓ હવે તો મારી આજ્ઞામાં સમજતા હતા. તેઓ શાંતિથી બેઠા.

સ્વામીજી ઉપદેશ કરવા લાગ્યા: "દેખો વિદ્યાર્થીઓ, આ જગતમાં સૌથી મોટો ઈશ્વર છે. આ દુનિયાને એણે પેદા કરી છે. એનાથી આ જગત છે. એ આપણું આદિકારણ છે."

આમ ઈશ્વરમહિમા ચાલવા માંડ્યો. હું તો ચૂપ બેઠો હતો. વિદ્યાર્થીઓ શાંત હતા. પણ ધીમે ધીમે તેઓ અશાંત થતા હતા. કોઈ આળસ મરડવા લાગ્યા, કોઈ પાટી ઉપર કાંકરાથી ચિહ્ન કે મીંડાં કરવા લાગ્યા, કોઈ ચોપડી ઊંચીનીચી કરવા લાગ્યા, કોઈની આંખ જરા જરા લાલ બની, કોઈ ટચલી આંગળી બતાવી બહાર ગયું; એક ગયો તેની પાછળ બીજો ગયો. એકબે જણ વાતો કરવા જતા હતા પણ ત્યાં તો મેં ચૂપકીની નિશાની આપી ને તેઓ ચૂપ થઈ ગયા.

મેં મહારાજને વિનતી કરી કહ્યું: "કંઈક સહેલી વાત કરો તો તેઓ સમજશે."

એમ તો સ્વામીજી સરલ હતા. તેઓએ હિંદુ ધર્મ અને તેના ગ્રંથો અને તેમાં શું આવે છે તેની વાત ઉપાડી. પણ તેમાં યે છોકરાઓને રસ ન આવ્યો.

હું મનમાં વિચાર કરતો હતો: "આમ ધર્મોપદેશ થાય! ધર્મનું તત્ત્વ જે અતિ ગૂઢ છે, અને જેને જાણતાં જીવન આખાને સમર્પી દેવું પડે છે, તે આમ આપી શકાય! આનું નામ ધર્મશિક્ષણ કે ધર્મની માહિતી! વળી આ ધર્મની માહિતી એ શું જીવ વિનાનું ખોળિયું નહિ?"

મારા મનમાં વિચાર ચાલતા હતા ત્યાં તો સ્વામીજીએ શ્લોકો બોલવા માંડ્યા. છોકરાઓ તે જેમતેમ કરી ઝીલતા હતા, પણ સમજતા ન હતા, તેથી તેઓ વધારે તો ગંમત ખાતર અવાજ કાઢતા હતા.

સાચે જ સ્વામીજી તો ગંભીર હતા. તેઓને મન આ કાર્ય આવશ્યક અને પવિત્ર જ હતું. તેઓ પોતાનું કર્તવ્ય બરાબર જ કરતા હતા; પણ છોકરાઓ પૂરતું આ ભેંશ આગળ ભાગવત હતું.

સ્વામીજીએ શ્લોકોનો અર્થ આપવા માંડયો. છોકરાઓને તે સાંભળવો પડયો. સ્વામીજીએ અર્થ પાટિયા પર લખ્યો ને છોકરાઓને તે ઉતારી લેવા કહ્યું. પછી સ્વામીજીએ કહ્યું: "આ શ્લોક રોજ સવારે ઊઠીને બોલવો; સાંજે સૂતી વેળા બોલવો. તેથી બુદ્ધિ વધશે, બળ વધશે, તેજ વધશે."

મારા વર્ગના દસદસ બારબાર વર્ષના છોકરા! એમને શી પડી હતી ધર્મની ને શ્લોકની! પણ તેઓએ શ્લોક ઉતાર્યો ને અર્થ ઉતાર્યો.

મારા વિચાર આગળ વધતા હતા: "આ ધાર્મિક શિક્ષણને બીજે કયાંયે આપવાની જગા નથી રહી તે હવે શાળામાં આવે છે! આગળ તો દેવમંદિરમાં પ્રવચનો થતાં ને ઘરમાં માબાપો તે પ્રમાણે વર્તતા હશે ને એ રીતે ઘરના આચારો છોકરાઓને ધાર્મિક શિક્ષણરૂપ થતા હશે. પણ લોકોને હવે ધાર્મિક પ્રવચનો

સાંભળવા અવકાશ નથી, કે મોટાંઓ તો હવે ખાઈપી ઊતર્યાં એટલે, કે શાથી, આ વાત શાળામાં આવી હશે?" પણ વિચારસરણી અધૂરી રહી ને ઘંટ વાગ્યો.

થાકી ગયેલા છોકરાઓ સ્વામીજીને નમસ્કાર કરીને ગયા. હું અને સ્વામીજી રહ્યા. મેં કહ્યું: મહારાજ! આજે મારે ત્યાં જ ભિક્ષા લેવા કૃપા કરો."

અમે જમતાં જમતાં વાતમાં ને વાતમાં ધાર્મિક શિક્ષણના પ્રશ્ન ઉપર આવ્યા. મહારાજજી કહે: "દેખો ભાઈ, આજકાલ ધર્મ જેવી વસ્તુનો લોપ થતો જાય છે માટે પહેલેથી જ ધાર્મિક શિક્ષણના સંસ્કાર પાડવા પડશે."

મેં કહ્યું: "પણ મહારાજજી! આ કુમળાં મગજો ઈશ્વર, આત્મા, ધર્મ એવા કઠણ વિષયોને કેમ ઝીલે! આપે જ ન જોયું કે તેઓને રસ ન હતો, ને તેઓ સભ્યતાની ખાતર જ બેઠા હતા!"

મહારાજજી કહે: "હા, એ વાત તો સાચી છે. છોકરાઓને રમવા-કૂદવા-ખેલવાનું ગમે છે. વાર્તા કહીએ તો તે પણ ગમે છે. પણ આ વસ્તુ ગમે કે ન ગમે પણ તેમને કહેવી જોઈએ; મોઢે કરાવવી જોઈએ."

"પણ સ્વામીજી! ધર્મ મોઢામાં નથી રહેતો. ધર્મ તો જાગૃતિ છે; અને તે તો અંતરમાંથી જાગે ત્યારે ખરો. એ તો ત્યારે જાગે કે જ્યારે તેની ભૂખ લાગે. તે માટે પણ વખત આવે ત્યારે. સ્વામીજી! આપને એમ નથી લાગતું કે આ બધું અકાળે લાદવા જેવું છે?"

સ્વામીજી જરા વિચારમાં પડ્યા. મેં આગળ કહ્યું: "સ્વામીજી! ધર્મ વાત સત્ય છે; તે જીવનતરણિ છે. મનુષ્યનું જીવનલક્ષ તરવું છે. પણ એમ નથી કે એ બધું ભારે કઠિન છે? સામાન્ય બુદ્ધિની પણ બહાર છે? તે માટે કેટલી યે પૂર્વતૈયારી જોઈએ?"

સ્વામીજી કહે: "હા, એ વાત ઠીક છે, પણ..."

મેં જરા વચ્ચેથી કહ્યું: "ધર્મ શાકમૂળા નથી કે બજારુ વસ્તુ નથી. ચોપડીમાં છપાય છે તે ધર્મ નથી. આપને એમ નથી લાગતું કે આવી મહત્ત્વની વાતને વધારે ને વધારે ગૂઢ રાખવી જોઈએ? વધારે ને વધારે ગુપ્ત રાખવી જોઈએ? ને ભારે શ્રમ પછી જ તે મળવી જોઈએ?"

સ્વામીજી: "હા, એ માટે તો આપણા પૂર્વજોને ગુરુઆશ્રમે રહેવું પડતું હતું ને ધર્મ સમજવા માટે કાયાને નિચોવી નાખવી પડતી હતી."

મેં કહ્યું: "પણ આજે તો આપણે ઘેર ઘેર ને શાળાએ શાળાએ ઉપદેશ દઈ લોકોને ધર્મની લહાણી કરવા નીકળ્યા છીએ!"

સ્વામીજી: "પણ આ તો કલિયુગ છે. આજે કોણ ગુરુ પાસે આવે એમ છે!"

મેં કહ્યું: "તો પડ્યું રહ્યું. ધર્મ વેચવાથી કે ભેટ ધરવાથી નહિ આવે."

સ્વામીજી: "ત્યારે?"

મેં કહ્યું: "મને લાગે છે કે ધર્મોપદેશ નાનાં બાળકો પાસે ન કરાય. તેમને તો આજે સ્વસ્થ શરીર, તંદુરસ્ત મન, નિર્મળ બુદ્ધિ, અથાક ક્રિયાશક્તિ, એ આપવાં જોઈએ. તેમને બધી રીતે બળવાન કરવાં જોઈએ."

સ્વામીજી કહે: "હં, બળવાન હોય તે જ આત્માને પકડી શકે છે."

મેં કહ્યું: "જેમ એક કાળે યૌવન ફાટી નીકળે છે તેમ એક કાળે ધર્મજિજ્ઞાસા ફાટી નીકળશે એમ મારું માનવું છે. અકાળનો ગૃહસ્થાશ્રમ જેવો આ અકાળનો ધર્મપરિચય લાગે છે. ધર્મને

પહેલેથી જ રોજની વાતનો ને શ્લોકનો કરી નાખવાથી તો ઊલટી તે વિષેની ખરી જિજ્ઞાસા મંદ થાય છે. ઠીક છે, એ પણ એક છે, એમ રહે છે; ને તેને લીધે ૬૦ વર્ષ સુધી પણ માણસ કર્મ-કાંડના શ્લોકો બોલનારા ને ધર્મશરીરના કોષ્ટકોના ધર્મ પાળનારા રહે છે."

સ્વામીજી: "એ તો વાત સાચી. મારું પણ એવું માનવું છે. મને પણ આટલા અનુભવથી એમ તો લાગતું જ હતું કે આ રોજના સહવાસથી થોડા વખતમાં વિદ્યાર્થીને આવા વિષયો પર કંટાળો આવશે. મને એમ તો સમજાયું છે કે આપણે કોઈ બીજી રીતે ધાર્મિક શિક્ષણ આપીએ."

મેં કહ્યું: "માફ કરશો, મહારાજજી! મારું તો કહેવું છે કે ધર્મને આપણે જીવવા પ્રયત્ન કરીએ. માબાપો પ્રયત્ન કરે; શિક્ષક પ્રયત્ન કરે. પાઠ્યપુસ્તકોમાં ધાર્મિક પુરુષો ને પ્રસંગોની વાતો બીજી વાતો જેમ આવે. વખતે બીજી વાર્તાઓ જેમ પુરાણ ને ઉપનિષદ્‌ની વાર્તાઓ પણ કહીએ. ઇતિહાસના પુરુષોની જેમ વાર્તાઓ કહીએ તેમ ધર્માત્માઓની પણ કહીએ. આટલા સંસ્કાર કહો તો સંસ્કાર ને આટલી પૂર્વતૈયારી કહો તો પૂર્વતૈયારી બસ છે. બાકી બધું કર્મકાંડ ને શ્લોકો, ને તે યાદ કરાવવા ને બોલાવવા, ને ધર્મશિક્ષણ ને ધર્મો ને તેનાં પુસ્તકોની સ્મૃતિ ને એ બધું ધાર્મિક શિક્ષણને નામે રહેવા દઈએ તો?"

સ્વામીજી કહે: "ત્યારે મારે ધંધો શો કરવો?"

મેં કહ્યું: "શિક્ષણનો. આપ પણ મારી જેમ શિક્ષણ આપવા બેસો."

સ્વામીજી કહે: "પણ સ્વામી થઈને શિક્ષકનું કામ કરવું?"

મેં કહ્યું: "શિક્ષણનું કામ જ તમારું છે. તમે જો શિક્ષણનું કામ લો તો સારા શિક્ષકોનો અભાવ દૂર થાય ને સાચું કામ થાય."

સ્વામીજીએ હસતાં હસતાં હાથ ધોયા.

ત્યારથી સ્વામીજી ને હું ખૂબ પરિચયમાં આવ્યા છીએ. તેઓ નવીન શિક્ષણના વિચારો વાંચી રહ્યા છે ને હું તેમની પાસેથી ધર્મગ્રંથોનો અભ્યાસ કરું છું.

: ૭ :

વખત ચાલ્યો જતો હતો. વર્ષ આખરે અભ્યાસક્રમ તો પૂરો થવો જ જોઈશે, અને તે પણ વધારે સારી રીતે. ઉપરાંત સારા સુધારાવધારા કરી બતાવું તો જ અખતરાનો કંઈક અર્થ.

મને થયું: "હવે ઇતિહાસ ઉપાડું."

ઇતિહાસનાં પાઠયપુસ્તકો જોયાં; સંતોષ ન થયો. એકમાં હકીકતના દોષો હતા, બીજામાં પુરાણી દૃષ્ટિ હતી, ત્રીજામાં પૈસા ખાવાની નજર હતી, ચોથામાં શૈલીદોષ હતો, અને સૌથી ખૂબ વખણાતું પુસ્તક મોટાંઓ માટે રસિક પણ વિદ્યાર્થીને માટે અઘરું હતું.

મને થયું: "પાઠયપુસ્તક તો ન ચલાવાય. ત્યારે? ત્યારે ઇતિહાસની વાર્તા કહેવી ને સંભળાવવી."

વાર્તા તો સૌને પ્રિય હતી. પણ આજ દિવસ સુધી તો જુદી જાતની વાર્તા કહેલી: અરધી સાચી, અરધી ખોટી; ગપગોળાની અને અદ્‌ભુત પરીઓની. ઇતિહાસમાં કાંઈ એવું નથી આવતું. પણ છતાં વાર્તા કહેવા માંડી. લૂખીસૂકી ઐતિહાસિક હકીકતોને સાંધીને વાર્તા ચલાવી. છોકરાઓ અસ્થિર થવા લાગ્યા.

"ભાઈ, આવી વાર્તા ન હોય."

"ભાઈ, આવી વાર્તા નથી સાંભળવી."

"જી, પેલી ગઈ કાલે કીધી હતી તેવી કહો."

"ચાલો ને ભાઈ રમવા."

"ભાઈ, આપણે ગીતો ગાઈએ."

મને થયું: "આ તો નિષ્ફળ ગયા!"

બધા મારી ફરતા ફરી વળ્યા ને મને હળવેથી હાથ ખેંચી રમવા ઉપાડયો.

મેં રાતે વિચાર કર્યો: "ઐતિહાસિક સત્ય ભારોભાર સાચવ્યે નહિ પાલવે. એમ તો એ બધી હકીકતને અક્ષરશઃ કોણે જોઈને લખી છે! વાર્તા દ્વારા જ કદાચ ઇતિહાસ રસદાયક થાય. વળી વાર્તામાં વાર્તાપણું તો જોઈશે જ. માટે મૂળ હકીકતની આસપાસ શકય એવી કલ્પિત વાતો ગોઠવીને ઇતિહાસ કહું."

બીજે દિવસે વાર્તા ઉપાડી:

> "એક મોટું એવું જંગલ હતું. ભીલો રહેતા હતા. એનાં આવાં આવાં શરીરો હતાં. તીર મારતાં તો એવું આવડે કે ઊડતા પંખીને ધાર્યું પાડે. ત્યાં એક ઝૂંપડી હતી."

વગેરે વગેરે.

વિદ્યાર્થીઓ વાર્તાના જાદુમાં આવી ગયા ને વાર્તાને પી જવા લાગ્યા. મેં તો વનરાજની વાત હાંકેલી. મૂળ હકીકતોની આસપાસ સુંદર રંગ પૂરતો હતો.

વાર્તા અધૂરી રહી.

બીજે દિવસે બીજું કામ જ થવા ન દીધું!

"બસ વનરાજ, વનરાજ, વનરાજ કહો."

મેં વાર્તા પૂરી કરી. જરા બીતાં બીતાં પૂછ્યું: "ફરી વાર વાર્તા સાંભળવી હોય તે ઊભા થાય."

એક નહિ પણ બધા ઊભા થયા.

બીજે દિવસ વાર્તા ચાલી. ત્રીજે દિવસ, ચોથે દિવસ, એમ ઈતિહાસની વાર્તા ચાલવા માંડી. કોઈ રમવાનું કે ગાવાનું નામ જ ન લે.

હું જોતો હતો કે કયાં સુધી રસ રહે છે.

કોઈએ ઉપરી સાહેબને કહ્યું હશેઃ "અખતરો કેવો થયો એની ખબર તો ખબ પડશે; ને તે દિવસે શિક્ષકને કહેશો કે એને ન આવડ્યું? પણ આ છોકરાઓનું વર્ષ બગડશે તેનું શું?"

જરૂર કોઈ શિક્ષક આવું કહી આવે તેની મારા મનને નવાઈ ન હતી. મારા છોકરાઓને વાર્તા મળતી ને ખુશી રહેતા. બીજા શિક્ષકોના છોકરાઓ વર્ગમાં અસંતોષ બતાવે, વાર્તા માગે, ભણવામાં ધ્યાન આપે નહિ ને તોફાન કરે; એટલે બીજા શિક્ષકો મારી સામે ખિજાય.

હું કહુંઃ "ભાઈ, તમે તમારે માર્ગે જાઓ. મારો તો અખતરો છે. મારે હૈયે હિંમત છે. હું યે ચિંતા તો કરું છું કે છોકરાઓનું વર્ષ ન બગડે; ને તે માટે મહેનત કરી રહ્યો છું. પણ મારે મારી રીત છે ને તમારે તમારી રીત છે. કહો તો બીજે ઠેકાણે અહીંથી આઘે મારો વર્ગ ચલાવું."

એક દિવસ ઉપરી અધિકારી મારો વર્ગ જોવા આવ્યા.

એમ તો ભલા હતા; પણ બધો વખત વાર્તાનો જ જોઈ તેઓ પણ કચવાયા. મને કહેઃ "ભાઈ, છોકરા આમ ઇતિહાસ નહિ શીખે. વાર્તા સાંભળે ત્યાં સુધી મજા. પછી તો આ કાને સાંભળ્યું ને આ કાને બહાર ગયું! આમાં ભણાવ્યું શું ને એમને આવડ્યું શું!"

મને વાત તો ઠીક લાગી. મને પણ થયું: "છેવટે વાર્તાની મુખ્ય વાત તો યાદ રહેવી જોઈશે, નહિતર ઇતિહાસની પરીક્ષામાં નાપાસ થશે." મારે માથે પરીક્ષાનું બંધન તો હતું જ.

મેં એક અજમાયશ કરી. વનરાજની વાર્તા ત્રીજી વાર ચાલતી હતી તેમાં જરાતરા ફેરફાર કરીને કહેવા લાગ્યો. છોકરાઓ કહેઃ "એમ ન હતું. તમે તો આમ કીધેલું. પહેલાં તો હજાર ઘોડાં કીધાં હતાં અને હવે પચાસ કેમ કહો છો! પહેલાં તો નદીકાંઠે ઝૂંપડું હતું." વગેરે.

મને થયું: "વાર્તાને તો આ લોકોએ સજ્જડ પકડી છે." મને હિંમત આવી કે હવે ભૂલી તો નહિ જાય

પણ મીઠુંમરચું ભભરાવેલી એવી વાર્તા કાંઈ ઇતિહાસના પરીક્ષક માટે નથી. હવે એ બધાને પરીક્ષકના દૂરબીનમાં લાવવી જોઇએ.

કહેલી વાર્તાઓને લખી લઈને હું વિદ્યાર્થીઓને વાંચવા આપવા લાગ્યો. ટૂંકાવવા જેવા ભાગો મેં ટૂંકાવ્યા હતા. કોઈ ઠેકાણે વધારે ચોક્કસ સ્થળ અને કાળ પણ મૂકયાં. વાર્તાની કથનશૈલી અને લેખનશૈલી વચ્ચે સહજ તફાવત છે; એ જ તફાવત મેં અહીં લીધો ને વિદ્યાર્થીઓને વાર્તા વાંચવાની મજા પડી. તેઓ એકથી વધારે વાર વાર્તાઓ વાંચતા દેખાયા.

હજી મને હિંમત ન હતી કે તેના ઉપર તેઓને હું પ્રશ્નો પૂછીશ તો તેઓ તેના બરાબર ઉત્તરો આપશે.

મેં એક વાર્તાને મુદ્દાના રૂપમાં ગોઠવી. માત્ર એક એક વાકયમાં એક એક પ્રસંગને લખ્યો, એટલે કે વાર્તાની માત્ર રૂપરેખા માત્ર ટાંચણુ લખ્યું અને તે વાંચવા આપ્યું.

વિદ્યાર્થીઓ તે વાંચી ગયા. તેમને તે વાંચતાં આખી વાર્તા યાદ આવતી હોય તેવું લાગ્યું. હવે મેં એક દિવસ હિંમત કરી વિદ્યાર્થીઓ પાસે વાર્તાની હકીકતને પ્રશ્નોત્તર દ્વારા કઢાવવાનું શરૂ કર્યું. મારા અચંબાનો પાર ન રહ્યો. તેઓ પૂછેલા પ્રશ્નોના જવાબ ફડ દઈને દેવા લાગ્યા. મને ખાતરી થઈ કે હવે તેઓ પરીક્ષામાં પાસ થશે એટલુંજ નહિ, પણ પરીક્ષા પછી પણ તેઓ ઇતિહાસને ભૂલી જશે નહિ.

મેં અધિકારી સાહેબને અખતરા ખાતર બોલાવ્યા ને ઇતિહાસની પરીક્ષા લેવરાવી. તેઓએ કહ્યું: "આ પદ્ધતિથી

ઇતિહાસ શીખવવાનું બીજા વર્ગોમાં પણ દાખલ કરવા જેવું છે.”

મારે હૈયે એક બાબતની નિરાંત થઈ.

પણ હજી ઘણું બાકી હતું. ચાર માસ વીતી ગયા હતા, પરંતુ મળતી જતી ફતેહથી મારો ઉત્સાહ વધતો જતો હતો.

# તૃતીય ખંડ

## છ માસને અંતે

: ૧ :

દર વર્ષના રિવાજ પ્રમાણે આ વર્ષ પણ અમારી શાળાએ ક્યારની તૈયારીઓ કરવા માંડી હતી. મોટા સાહેબ પધારવાના હતા. એવો રિવાજ હતો કે મોટા સાહેબ આવે ત્યારે છોકરાઓ તેમની સામે સંવાદ કરે, કવિતાઓ ગાય, ડ્રિલ કરી બતાવે અને સાહેબ તેમાંના શ્રેષ્ઠને મોટું ઇનામ આપે; બીજાઓને કંઈ કંઈ ઇનામ આપે; અને આખી શાળાને બે દિવસે સાકરના પડા મળે.

બધા વર્ગના વિદ્યાર્થીઓને એકઠા કરી હેડમાસ્તર પોતાની નજરે સારા સારા લાગતા ગાનારને, સારા સારા ચોખ્ખું બોલનારને એકઠા કરતા હતા. મારા પર પણ નોટિસ આવી હતી; પણ મારા વર્ગના છોકરાઓ ત્યાં હાજર ન હતા. મને હેડમાસ્તર સાહેબે ખુલાસો પૂછ્યો ને મેં કહ્યું: "મારા વર્ગના છોકરાઓ આ કામમાં ભાગ લઈ ન શકે."

"કેમ ?"

"આ તો ફક્ત સાહેબ મહેરબાનને રાજી કરવા અને તેમની વાહ વાહ લેવા માટે કરીએ છીએ."

"પણ તેવો આપણો રિવાજ છે. આપણા ઉપરી સાહેબની તેવી ઇચ્છા છે."

"હા, તેમ હશે. પણ મારું મન તેમ કરવા કબૂલ કરતું નથી. હું તેમાં ભાગ નહિ લઉં. મારા વર્ગના છોકરાઓ નહિ આવે."

"તો મારે ઉપરી સાહેબને જણાવવું જોઈશે. તમે સહકાર આપતા નથી ને ખલેલ પહોંચાડો છો!"

"આપ જરૂર એમના પર લખશો જ. હું તેમને યોગ્ય જવાબ આપીશ."

"વારુ ત્યારે, તેમ કરીશું."

જરા અકળાઈ ગએલા હેડમાસ્તરે મારી બાબતમાં તે જ ઘડીએ રિપોર્ટ કરી નાખ્યો.

શાળાના બીજા છોકરાઓને પસંદ કરવામાં આવ્યા: શામજી અને ભીમજીને સંસ્કૃત શ્લોકો બોલવા માટે, દેવજી અને ખીમજીને કવિતા ગાવા માટે. ચંપક અને રમણીકને તથા નેમચંદ અને મગનલાલને સંવાદોમાં મૂકયા. બાકીના ઊંચા, જાડા અને દેખાવડા પાંચપંદરને ડ્રિલ માટે ચૂંટયા.

મારા મનમાં હું સમસમી રહ્યો: "સાબાશ રે સાબાશ હેડમાસ્તર સાહેબને, શાળાને અને શિક્ષણની આજની નિતિરીતિને!" આ બધા એવા છોકરાઓને શોધ્યા છે કે જેમને વિષયો સાથે લેવાદેવા ન હોય. શામજી અને ભીમજીના કંઠ કંઈક સારા છે, ને બ્રાહ્મણના છોકરા છે તે ઘરમાં સંસ્કૃત શ્લોક કંઈક સાંભળ્યા છે, એટલે તેમને પસંદ કર્યા છે. પણ એ બિચારાઓને કેમે કરી કશું યાદ જ રહેતું નથી. તેમનો શ્લોકો ગોખી ગોખીને દમ નીકળી જશે. પણ આવું હોય ત્યાં આવું જ હોય! હું મનમાં દુ:ખ પામતો ઘેર ગયો. જમીને ઊઠું છું ત્યાં ઉપરી સાહેબની ચિઠ્ઠી મળી. "આવી જશો; જરા કામ છે." આપણે તો જાણતા જ હતા કે શું કામ છે. નારાયણનું નામ લઈ હું સાહેબની ઑફિસમાં ગયો. સાહેબના મોં પર ગુસ્સો હતો. મોં જરા જરા લાલ હતું. ભવાં ચડેલાં હતાં. મૂછો વિનાના હોઠ જરા જરા હલતા હતા. તેઓ ખૂબ નારાજ દેખાતા હતા. મને જોઈ 'બેસો' કહી બોલ્યા: "કેમ, શા માટે તમારા વર્ગના છોકરાઓએ ભાગ ન લેવો? એમાં કેટલાએક છોકરાઓ સુંદર ને હોશિયાર છે."

મારું મન ઠંડું હતું પણ મગજ તેજ હતું, તેથી જવાબ ફેંક્યો: "તે શું, સુંદર છોકરાઓ ને હોશિયાર છોકરાઓ બીજાઓનું મનરંજન કરવા માટે છે! બીજા આગળ નાચીકૂદી શાળાની ખોટી વાહવાહ મેળવવા માટે છે!"

મારો તેજ જવાબ સાંભળી ઉપરી સાહેબ જરા ઠંડા પડયા ને કહ્યું: "ત્યારે? આ કાંઈ નવી વાત નથી. કેટલાં યે વર્ષોથી આ રિવાજ ચાલ્યો આવે છે. મોટા સાહેબ આવે ત્યારે આવું થાય જ છે."

"માફ કરજો, સાહેબ!" મેં પણ જરા નરમ થઈને કહ્યું: "એમ ભલે થતું આવતું હોય, પણ આપણે તે અટકાવવું

જોઈએ. આ તો આપણો કેવળ ઢોંગ છે, દેખાવ છે, સાહેબની પણ છેતરપીંડી છે."

"કેમ ?"

"એમ કે આપણે જે બધું તેમને બતાવીશું તે માત્ર મારી મારીને અને ગોખાવી ગોખાવીને તૈયાર કરાવીને. વળી એ કાંઈ આપણે ભણાવીએ છીએ તેનું સાચું પરિણામ થોડું જ છે! કેટલા યે દિવસો રીહર્સલ થશે ને ગોખણપટ્ટી ચાલશે ત્યારે પોપટ જેમ છોકરાઓ પઢશે–અને તે પણ પાછળથી મદદ મળશે ત્યારે! છોકરાઓનો વખત અને પ્રાણ બંને તંગ થશે; ભણતર પડશે; આજે જેમને આ બધા કામને માટે પસંદ કર્યા છે તેઓ બધા એવા છે કે એકે એક હેરાન થઈ જશે ત્યારે તૈયાર થશે."

"પણ એમાં છેતરપીંડી ક્યાં ?"

"છેતરપીંડી એમ કે આપણે સાહેબને ઠસાવવા માગીએ છીએ કે અમારા છોકરાઓ હોશિયાર છે, અમારી શાળા સુંદર છે, અમારું કામ નમુનેદાર છે. પણ આપણે તો શું છે અને શું નથી તે જાણીએ છીએ."

સાહેબ જરા મૂંગા રહ્યા, વિચાર કરતા બેઠા. મેં આગળ કહ્યું: "આપણે તો ઢોંગ કરીએ છીએ પણ છોકરાઓને પણ તે રસ્તે લઈ જઈએ છીએ. સાહેબ પણ ખુશ થવાનો ડોળ કરશે ને ઈનામ આપતી વખતે ભાષણ કરશે: 'આ છોકરાઓએ જે બુદ્ધિશક્તિ અને આવડતવાળું કામ બતાવ્યું છે તેથી અમે ખુશ થયા છીએ, અને ખરેખર તેમાંના કેટલાએક તો ઉત્તમ પ્રકારની આગાહી કરાવે છે કે તેઓ સારા અભ્યાસી, સારા શહેરી, અને ઉત્તમ માણસ થશે. તેમને ઉત્તેજન આપવા માટે આ ઈનામોની યોજના વધાવી લઈ અમે આજે ઈનામ વહેંચવાને ખુશ થયા છીએ.' આ શું બધું તેમના અંતરમાંથી નીકળે છે! તેઓ શું

નથી જાણતા કે આ બધું તેમની ખુશામત વાસ્તે કર્યું છે! વળી ઈનામ લેનારા છોકરાઓને ગોખાવ્યું ન હોત અને તૈયાર ન કર્યા હોત તો અમસ્તા તેઓ કેવા અભ્યાસી, શહેરી ને માણસ છે તે આપ, એમનાં માબાપ અને શિક્ષકો સૌ જાણે છે."

ઉપરી સાહેબ બોલ્યા: "તમે વેદિયા છો. કામકાજમાં સમજતા નથી. તમારે તો બધું સિદ્ધાંતમાં આવી જાય! પણ અહીં તો બધી બાજુ રાખવાની છે."

મેં કહ્યું: "તો ભલે રાખો. પણ હું તેમાં ભાગ ન લઈ શકું. મારાથી આ ધાંધલ સહન ન થાય."

"તો?"

"તો મારો વર્ગ એ કામમાંથી બાતલ કરો."

"પણ એમાં તો ભારે મુશ્કેલી પડે. બીજા માસ્તરો અને અધિકારીઓ અને...અને મારી મુશ્કેલી પણ વધે. ઉલટું મને તો તમારા વર્ગના સારા છોકરાઓ જોતાં સાહેબનું મન વધારે રાજી થશે એમ હતું. આ તો......"

મેં કહ્યું: "મને તમે આમાંથી તો મુક્ત જ કરો. હું કંઈક સાહેબ મહેરબાનને બતાવવા જેવું કરીશ, અને છોકરાઓનો વખત ન જાય, પ્રાણ તંગ ન થાય અને આ ઢોંગધતૂરા તેમાં કરવા ન પડે તેમ ગોઠવીશ. મારા વર્ગમાં આપ સાહેબ મહેરબાનને લાવજો. મારા મનની ખાતરી છે કે આપ અને તેઓ સાહેબ પ્રસન્ન થશો."

જરા વિચાર કરી ઉપરી સાહેબે ભીનું સંકેલતાં કહ્યું: "વારુ ત્યારે, એમ કરો. તમને આ કામમાંથી મુક્ત રાખે તેમ હું હેડમાસ્તરને લખી નાખું છું. પણ જોજો, એમને તમે ચીડવતા નહિ. એ જરા જૂના જમાનાના છે; તમે ઉછરતા જુવાન છો. મારે તો તમને બેઉને સાચવવા છે. આ કામ જ એટલું કઠિન છે."

મેં મારી રીતે સાહેબની મનમાં કદર કરતાં કરતાં કહ્યું: "વારુ સાહેબ, ત્યારે હું રજા લઈશ."

*　　　*　　　*

શાળામાં આજે પૂર જોસથી તૈયારી થઈ રહી હતી. "સાહેબ પધારે છે! મોટા સાહેબ પધારે છે!"

મોટા અમલદારો, નાના અમલદારો, ગામના માણસો અને વિદ્યાર્થીઓ હાજર હતા. અમે શિક્ષકો ખડે પગે અને ઢીલેઢીલે મોઢે–પણ અક્કડ રહેવાની મહેનત કરતા–વ્યવસ્થા જાળવતા હતા. શાળાના તોફાની છોકરાઓને એક બાજુ બોલાવી હેડમાસ્તરે ધમકાવીને કહ્યું: "જોજો, હરામખોરો! કંઈ તોફાન કે ગડબડ કરી છે તો કાલે વાંસો હળવો થઈ જશે."

સાહેબ મહેરબાન પધાર્યા. તાળીઓનો ગડગડાટ ને સંગીત. શાળાનો રિપોર્ટ હેડમાસ્તરે છટાથી અને ધ્રૂજતા નથી તેની ખાતરી આપવા માટે ખૂબ મોટા અવાજથી અને વારે વારે અક્કડ થઈ વાંચી સંભળાવ્યો. રિપોર્ટનો અંત આવ્યો ત્યાં સુધીમાં તેમનું અંદરનું પહેરણ ભીનું જેવું થઈ ગયું હતું અને તેમનો અવાજ ઘોઘરા જેવો બન્યો હતો.

રિપોર્ટ વાંચ્યા બાદ રેસિટેશન્સ એટલે કવિતાઓ અને સંવાદોની શરુઆત થઈ. જેમ યંત્રમાંથી કોઈ બોલતું હોય તેમ બિચારા છોકરાઓ બોલતા હતા. તેમના પર કશો જ હાવ કે ભાવ સાચે જ ન હતો. છતાં તેઓ જોરથી બોલતા હતા, હાથપગ હલાવીને બોલતા હતા. કમબખ્તીની વાત એ હતી કે જે કવિતાઓ પસંદ કરી હતી તે સુંદર હતી, રસભરી હતી, સારા કવિની હતી અને છતાં છોકરાઓને ભણાવવા બેસીએ તો તે અઘરી પડે તેવી હતી. બિચારા વગર સમજ્યે તે બોલતા હતા, તેનો અભિનય કરતા હતા ને તેમાં રસ બતાવતા હતા. એમ જ સંવાદોમાં પણ હતું.

સંવાદો ઉપદેશપૂર્ણ હતા. જે ઉપદેશો મોટાના મોઢામાં શોભે તે ઉપદેશો નાના બાળકોના મોઢામાં લાજતા હતા. એ ઉપદેશનું ફારસ ઘણું બેહૂદું હતું. મને તો તેમ ચોખ્ખું જ લાગતું હતું, અને તેમજ તે મોટા સાહેબને લાગતું હતું. તે મૂછમાં હસતા હતા, અને શિક્ષકભાઈઓ જો જરા તટસ્થ થઈને જોત તો તેમને પણ તેવુંજ લાગત.

મેળાવડો પૂરો થયો. સાહેબે આભાર ને ખુશાલી બતાવ્યાં. ઇનામો વહેંચાયાં અને હેડમાસ્તર, ઉપરી સાહેબ અને સૌને આજના પ્રસંગ માટે સંતોષ થયો. સાહેબે વિવેકના ઉદ્‌ગારો કાઢ્યા હતા: "આ શાળાના કામે મને સંતોષ આપ્યો છે."

આખરે અમારા ઉપરી સાહેબે મોટા સાહેબને વિનંતિ કરી: "અમારા આ શિક્ષક કંઈક બતાવવા માગે છે. પેલા પડદા પાછળ કંઈક ગોઠવ્યું છે."

સાહેબે તે જોવાની ઇચ્છા જણાવી એટલે હું પડદા પાછળ ગયો. ત્રીજી ટકોરીએ પડદો ઉઘાડયો. વચ્ચે હું અને આજુબાજુ મારા વિદ્યાર્થીઓ હતા. અમારા વર્ગમાં રોજ ગવાતા એક ગીતને અમે પ્રાર્થના રૂપે ગાતા હતા. આખો ઓરડો શાંત હતો. એકાએક નાટક ક્યાંથી એ વિચારમાં સૌ પડી ગયા હતા.

પ્રાર્થના પછી 'કચેરી મેં જાઉંગા' નો ખેલ શરૂ થયો. એક છોકરો ઉંદર થયો હતો. દોરડું કેડે બાંધી પૂંછડી કરી હતી. માથે કાળું કપડું ઓઢયું હતું ને ચાર પગે ચાલી ચૂંચૂં કરતો હતો. વળી એક છોકરો દરજી, બીજો ભરતવાળો, ત્રીજો મોતીવાળો, ચોથો ઢોલકવાળો, અને પાંચમો રાજા થયો હતો. ઉપરાંત હું છઠ્ઠો હતો રાજાના સિપાઈ તરીકે.

પાત્રો હમેશના સાદા જ વેશમાં હતાં. રાજા ટેબલ પર રોફથી બેઠો હતો; ટોપી વાંકી મૂકી હતી. સિપાઈએ એટલે મેં મૂછો

મરડીને વાંકી કરી હતી; ફેંટો જરા વાંકો બાંધી દીધો હતો; હાથમાં છરી હતી. ઢોલકવાળા પાસે ઢોલકું હતું. બીજાઓ પાસે કશું હતું નહિ.

રંગભૂમિ તો સાદી જ હતી. પડદા પાછળ એક પાટિયામાં ક્રમ લખેલો હતો. ઓરડાનો ભાગ વાળેલો હતો ને તેના પર એક નાની જાજમ એક છોકરાને ત્યાંથી મગાવીને પાથરી હતી. બાકી શાળામાં એવું કશું ન હતું કે રંગભૂમિની શોભા માટે મૂકી શકાય. છતાં પીપર અને લીમડાની ડાળખીઓ કાપી ભીંતે ચોડેલી હતી. ચાકથી ભોંય પર છોકરાઓએ ગમ્યાં તેવાં ચિત્રો કાઢયાં હતાં.

ઉંદરનું નાટક શરૂ થયું ને પુરું થયું. મોટાઓ અને નાનાઓ શાંતિથી જોઈ રહ્યા. નાનાઓ–વિદ્યાર્થીઓ રસથી જોતા હતા; મોટાઓ અજાયબીથી જોતા હતા: "આ શું! આ કંઈ નવીનતા! આ કેવા પ્રકારનું નાટક!"

મારે કહેવું જોઈએ કે છોકરાઓએ સુંદર નાટક ભજવ્યું. બેઓની ભૂલો પડતી ન હતી. પ્રોમ્પ્ટર રાખ્યો જ ન હતો. ભૂલ પડવા જેવું થતું હતું ત્યાં હું તરત જ તે ઉઘાડી રીતે સુધારી દેતો હતો.

બીજું નાટક 'દીકરીને ઘેર જાવા દે'નું અને ત્રીજું 'સસોભાઈ સાંકળિયા'નું થયું.

એક જ પડદો. સીનસીનરીમાં કંઈ નહિ. કયાંક માથે ઓઢવાનું તો ક્યાંક લાકડી રાખવાની. બાકી બધો આધાર છોકરાઓના અભિનય ઉપર હતો.

નાટકો છેલ્લી પ્રાર્થના સાથે પૂરાં થયાં ને હું પડદા આગળ આવ્યો. મેં નાટકના મેનેજર પેઠે ભાષણ કર્યું:—

"મહેરબાન સાહેબો,

આ અમારા નવા નાટ્યપ્રયોગો આપે શાંતિથી જોયા તે માટે અમે આપ સૌનો ઉપકાર માનીએ છીએ. આપની પાસે એ બાબતમાં હું એકબે હકીકતો રજૂ કરીશ. આપ તે સાંભળવા કૃપા કરશો.

આ ચોથા વર્ગના છોકરાઓ છે. આ પ્રસંગે આપણે બેચાર નાટકો ભજવીએ તો કેમ એમ જ્યારે બાળકોને પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ ઉત્સાહ અને તત્પરતા બતાવ્યાં. તુરત જ નાટકો પસંદ કર્યાં. જે વાર્તાઓ તેઓએ વાંચી છે ને સાંભળી છે, તેનાં જ આ નાટકો છે. તેમને કહેવામાં આવ્યું હતું કે જેમ દર અઠવાડિયે આપણે વગર તૈયારીએ નાટકો કરીએ છીએ તેમ જ આ વખતે પણ કરવાનાં છે. અમે નાટકો ગોખાવતા નથી. માત્ર તેઓ વાર્તા જાણે છે, દરેક પાત્ર પોતાનું કથન શું છે તે જાણે છે, ને પછી તો રંગભૂમિ ઉપર સંબંધ જાળવીને પ્રસંગ પ્રમાણે હૈયાઉકલતથી બોલે છે. કોઈ પણ બાળકે કોઈ પણ પાઠ ગોખ્યો નથી. સીનસીનરી અને વેશો નાટકનાં ગૌણ અંગો છે, મહત્ત્વનું અંગ અભિનય અને ભાવદર્શન છે. તેના તરફ અમારું ધ્યાન રહે છે. વેશ વગેરે વધારે નથી કરતા તેથી તેને વિકસવાની પૂરી તક મળે છે. આપે તે અહીં કેટલું જોયું તે આપ જાણી શકયા હશો. તેઓને આ કામ અત્યંત ગમે છે. તેમને આનાથી ખૂબ આનંદ થાય છે. તેમને સાબાશી આપવી નથી પડતી, કેમકે તેઓ સરસ કામ કરે છે તે જ તેમને પૂરેપૂરો સંતોષ આપે છે.

આપે તસ્દી લઈ આ બાલનાટકો જોયાં તેથી ફરી વાર હું આપનો ઉપકાર માની વિરમું છું."

મોટા સાહેબના મોં ઉપર પ્રસન્નતા દેખાતી હતી તે હું કયારનો જોઈ રહ્યો હતો. તે તુરત ઊઠયા ને બોલ્યા: "I cannot but congratulate both the teacher and

the taught for the real treat they gave us this afternoon. It was splendid! I felt I was in a new school in my own country—England. It was really charming to see little kiddies playing mouse and tailor and king and so forth and so on, all spontaneous and free. This is true education. All recitation and cramming is a thing of the past. Oh! It's a terrible demon! It's ugly, soulkilling." ૧

આટલું બોલી તે અટક્યા ને ફરી પાછા બોલ્યા: "I again say, I am very happy to see this. I won't give them prizes. The genuine pleasure they felt while acting, is a greater and better reward than anything else. I am very glad indeed; very very glad." ૨

---

૧ આ શિક્ષક અને વિદ્યાર્થીઓએ અત્યારે જે ખરેખરી ગંમત આપી છે તે બદલ તેમને અભિનંદન ઘટે છે. કામ ખરેખર સુંદર થાય છે! મને જાણે કે મારી પોતાની માતૃભૂમિ ઈંગ્લાંડમાં હોઉં એમ લાગતું હતું. આ નાના બાળકો સ્વયંસ્ફૂર્તિથી ઉંદર, દરજી અને રાજાના પાઠો ભજવતા હતા. તે દૃશ્ય અદ્દ્ભુત હતું. આ જ સાચી કેળવણી છે રેસીટેશન અને ગોખીને સંવાદો ભજવવાનો કાળ હવે રહ્યો નથી. એ રીત ખરેખર નિર્ઘૃણ, બેહદી અને આત્માનો નાશ કરનારી છે.

૨ હું ફરી વાર કહું છું કે આ જોઇને મને ખૂબ આનંદ થયો છે. હું આને માટે ઈનામ આપવા માગતો નથી. નાટ્યપ્રયોગો અને અભિનય વખતે તેમને જે ખરેખરો આનંદ થતો હતો તે જ તેમનું ખરૂં ઇનામ છે. ખરેખર, હું ભારે ખુશ થયો છું.

મેળાવડો પૂરો થયો અને સૌ સૌને ઠેકાણે જતા હતા. ઉપરી સાહેબની છાતી ફૂલી ગઈ હતી.

તેમણે મને મોટા સાહેબ પાસે બોલાવ્યો ને મારું ઓળખાણ કરાવ્યું, અને હું અખતરા કરું છું તેની તેમને વાત કરી. સાહેબે મારી સાથે હાથ મેળવી કહ્યું: "Bravo! You are success! Go on with your experiments. This is something! Rest is sham and bosh!" ૩

ઉપરી સાહેબના મનમાં શું થતું હશે!

*　　　　*　　　　*

હું ઘેર ગયો. ખરેખર આજે હું આનંદમાં હતો. સાહેબે હાથ મેળવ્યો ને સાબાશી આપી તે એક કારણ ખરું; પણ ખરું કારણ તો મારા અખતરાની આજે કંઈક કિંમત થઈ તે હતું. પણ હું વિચાર કરતો હતો: "સાહેબ તો પોલિટિકલ અમલદાર છે; તેમને આ નવી નિશાળ ને એ બધી વાતની શી ખબર!" પણ મને પછી ખબર પડી કે તેમના દીકરાને યૂરોપની કોઈ નવીનમાં નવીન શાળામાં તેમણે ભણવા મૂકયો છે, અને તેથી પોતે નવી કેળવણીમાં રસ લે છે.

રાત્રે બેચાર શિક્ષકો મળવા આવેલા. તેઓ સાહેબે શું કહ્યું વગેરેની પૂછપરછ કરતા હતા ત્યાં જ ઉપરી સાહેબની ચિઠ્ઠી આવી ને હું તેમને ત્યાં ગયો.

સાહેબ આજે પ્રસન્ન હતા. આજે મોટા સાહેબ શાળાથી ખુશ થયા હતા. ઉપરી સાહેબે મને ખુરશી આપી; ને પોતે આરામ ખુરશી પર લાંબા થયા ને બોલ્યા: "પહેલાં મને એ કહો કે છોકરાઓને નાટકમાંથી કાંઈ જ ગોખાવ્યું ન હતું?"

---

૩ સાબાશ! તમારું કામ આબાદ છે! આવા અખતરા હજુ કર્યા કરો. આમાં જ કંઈક કેળવણી છે. બીજું બધું નિરૂપયોગી–ઢોંગ છે!

મેં કહ્યું: "આપને એમ લાગ્યું ?"

ઉપરી સાહેબ: "ના; પણ એ બધું યાદ શી રીતે રહ્યું ? બધા બરાબર બોલતા હતા."

મેં કહ્યું: "વાત જ એ છે. એમને વાર્તા સંભળાવી હતી. વાર્તા ગમતી હતી. વાર્તાનાં પાત્રોના મનોભાવ સાથે તેમણે એકતારપણું અનુભવ્યું હતું. જે બધું તેઓએ સાચે જ પોતાનું કર્યું હતું તે તેઓ પ્રગટ કરતા હતા."

ઉપરી સાહેબ: "પણ હાવભાવ કોણે શીખવ્યા ?"

મેં કહ્યું: "એમ તો કોઈએ બતાવ્યા નથી. અમે દર અઠવાડિયે નાટકો કરીએ છીએ. તેમાં હું પોતે ઊતરું છું ને છોકરાઓ પણ ઊતરે છે. મને આવડે છે તેવો મારા પાત્રમાં હાવભાવ હું કરું છું. છોકરાઓ પણ પોતાનાં પાત્રોના હાવભાવ કરે છે."

ઉપરી સાહેબ: "પણ એ કેમ બને ? મને નથી સમજાતું."

મેં કહ્યું: "એમની આંખ ખુલ્લી છે ને ! તેઓ દરજી, સુતાર, કુંભાર, ઉંદર વગેરેને જુએ છે–સાંભળે છે. વાર્તામાં તેમનું વર્ણન આવે છે તે સાંભળે છે. ઉપરાંત તેમને ઈશ્વરે કલ્પનાશક્તિ આપેલી છે. આથી તેઓ અનુભવ અને કલ્પના મેળવી તેઓને મનમાં સૂઝે છે તેમ અભિનય કરે છે. તેઓજ પોતાના પરીક્ષક છે. અનુભવ અને કલ્પના રંગભૂમિ ઉપર ઊતરે છે કે નહિ તે તેઓ જોતા હશે."

ઉપરી સાહેબ: "અરે,આ તો બહુ ઊંચી ને અઘરી વાત થઈ."

મેં કહ્યું: "પણ છોકરાઓને ક્યાં આ વાત સમજવાની હોય છે ! આ તો તેઓ જે કરે છે તે કેમ કરે છે તેનું પૃથક્કરણ છે."

ઉપરી સાહેબ: "હં, I see ( સમજ્યો ). એ તો ઠીક, પણ આજ તો કમાલ કરી. મોટા સાહેબ ખુશ થયા."

મેં કહ્યું: "અને ન થયા હોત તોપણ આ નાટકનું કામ તો ચાલ્યા જ કરત."

ઉપરી સાહેબ: "પણ તમે આ પ્રયોગ કરો છો તેની મને તો જાણ જ ન કરી. ઘણું કરી હેડમાસ્તર કે બીજા શિક્ષકો પણ જાણતા નથી."

મેં કહ્યું: "ખરી વાત છે. મેં જ તેમને વાત કરી નથી. તેમને મન આ બધું રખડવું-રઝળવું છે. તેઓ છમાસિક પરીક્ષા માટે બેસન કરાવવામાં પડયા છે."

ઉપરી સાહેબ: "પણ તેમને ખબર તો પડે જ ને!"

મેં કહ્યું: "ના. અમે દર અઠવાડિયે ફરવા જઈએ છીએ ત્યાં રમત તરીકે આવું કરીએ છીએ. એક પછેડી હું લેતો જાઉં છું એનો અમે પડદો કરીએ છીએ; બે છોકરા તે પકડીને ઊભા રહે છે. એની એક બાજુ જોનારા ને બીજી બાજુ નાટકવાળા રહે છે."

ઉપરી સાહેબ: "શું કહો છો!"

મેં કહ્યું "એ જ કહું છું."

ઉપરી સાહેબ: "વારુ ત્યારે, આપણે આપણી શાળાના બધા વર્ગમાં નાટકો દાખલ કરીએ. મોટા સાહેબને તો આ વાત બહુ જ ગમે છે. ખરેખર, નાટકો સુંદર થતાં હતાં! આપણે પેલાં રેસિટેશન્સની કડાકૂટ કાઢી નાખીએ તો?"

મેં કહ્યું: "મેં તો કાઢી જ નાખ્યાં છે ને! આપ હવે કાઢો તો."

ઉપરી સાહેબ: "એમ જ કરીએ. સાહેબ પણ કહે છે કે Be damned cramming! Yes, I also remember

my days of cramming.[૪] પણ હું તો જરા બુદ્ધિશાળી છોકરો હતો એટલે આપણુને તો આકરું નહિ પડતું. પણ બીજા બિચારા ગોખી ગોખીને મરી જતા હતા. Be damned ગોખણપટ્ટી![૫]"

હું મનમાં હસી રહ્યો હતો. "આજે મોટા સાહેબની પધરામણીથી ભારે કામ થયું! અખતરામાં આ પણ એક અનુભવ!"

હું ઘેર જઈ સૂઈ રહ્યો.

: ૨ :

છમાસિક પરિક્ષા માથે આવી હતી. અન્ય વર્ગમાં પુનરાવર્તન થઈ રહ્યું હતું. ઈતિહાસ, ભૂગોળ, ગણિત, ભાષા ફરી વાર ગોખાતાં હતાં-તાજાં કરાતાં હતાં. એક વાર તો છ માસનો અભ્યાસક્રમ પૂરો થઈ ચૂકયો હતો. મારું પોતાનું ગાડું તો હજી કયાં ય દૂર હતું; અને પરિક્ષાની દૃષ્ટિએ વિચાર કરું તો તો હું ઘણો જ પાછળ હતો. આમ છતાં મારે મારા વર્ગની પરીક્ષા તો આપવાની જ હતી. હું પુનરાવર્તન કરાવવામાં વખત ગાળવાનો ન હતો. તે વખત મારે બચવાનો જ હતો. મારું શિક્ષણકાર્ય છેક સુધી ચાલવાનું હતું, કારણ કે મારા વર્ગમાં જે કાંઈ થતું હતું તેનું પુનરાવર્તન વિદ્યાર્થીઓ સ્વતઃ જ કર્યા કરતા હતા. પુનરાવર્તન સ્વયં થાય તેની યોજનાઓ પણ મેં યોજી હતી. દાખલા તરીકે અંતકડીની રમતમાં તેઓને કવિતાઓનું પુનરાવર્તન પુનઃ પુનઃ થયા જ કરતું હતું.

---

૪ નાપાક ગોખણપટ્ટી! હા, મને પણ મારા ગોખણપટ્ટીના દિવસો બરાબર યાદ છે.

૫ ગોખણપટ્ટીનો નાશ થાઓ.

પણ હજી મેં ભૂગોળ, પદાર્થપાઠ અને વ્યાકરણને સ્પર્શ સરખો યે કર્યો ન હતો. મને થયું વ્યાકરણને ઉપાડું. વ્યાકરણ અઘરો વિષય ગણાય છે, અને તેમાં વિદ્યાર્થીઓને સીધી રીતે રસ હોવાનું કારણ નથી. ભાષાના પદચ્છેદમાં ચોથા ધોરણના વિદ્યાર્થીને શા માટે રસ હોય! એમાં કયું રસિક તત્ત્વ છે! કઈ વસ્તુ આનંદ વગર તે વખતના જીવનને ઉપયોગી એવું જ્ઞાન આપે છે! વિદ્યાર્થીને કઈ જગાએ એમ થાય એમ છે કે વાહ, આમાં તો ગંમત છે!—આ તો ભારે ઉપયોગી! તેથી મેં તો મારો વિચાર બાંધેલો જ છે કે વ્યાકરણનું શિક્ષણ ભાષાશિક્ષણમાં રસ લેતા થઈ ગયેલા મોટી ઉંમરના વિદ્યાર્થીઓ માટે જ હોય. પ્રાથમિક શાળામાંથી એ વિષય જ નીકળી જવો જોઈએ. જે વિષય શીખવવામાં અઘરો પડે અને જે શીખનારને કંટાળો આપે તે શા માટે શીખવવો! જ્ઞાનના બીજા વિષયો ક્યાં થોડા છે!

પણ મારે અખતરો તો કરવો જ હતો. કંઈ નહિ તો મારી શરત પ્રમાણે પરીક્ષા વખતે મારે તે વિષય પણ સારી રીતે શીખવી બતાવેલો દેખાડવો હતો. તાત્ત્વિક વિચારોને કારણે વ્યવહારને માટે મારા આ અખતરામાંથી તે છોડી દેવાનો ન હતો. મારે તો ચાલતા ચોથા ધોરણમાં તે સારી રીતે કેમ શીખવાય તે સમજાવવું હતું.

વ્યાકરણનો અભ્યાસક્રમ વાંચી ગયો. મને થયું કે આ ક્રમે તો આપણે ન ચાલીએ. નામની વ્યાખ્યા, ક્રિયાપદની વ્યાખ્યા ઝટ ગોખાવાશે પણ બરાબર સમજાવાશે નહિ. મને નાનપણમાં જ્યારે સમજાવવામાં આવતું હતું ત્યારે હું પણ સમજી શકતો ન હતો; માત્ર યાદ જ રાખતો હતો. યાદ રહે તેટલા ઉપરથી શિક્ષકો ભૂલ ખાઈ બેસે છે કે તે સમજાવવામાં આવેલું છે. મેં ચાલતી રીતને તો નમસ્કાર જ કર્યા. હવે નવી કઈ રીતે વ્યાકરણ શીખવવું? મેં વિચાર કર્યો, યોજના ઘડી અને તેને અમલમાં મૂકી. ખરેખર

વિદ્યાર્થીઓને ભારે મજા પડી. તેઓને મન એક સુંદર રમત થઈ પડી; અને તેઓ બે માસમાં તો નામ, સર્વનામ, વિશેષણ ક્રિયાપદ ને અવ્યયને ઓળખતાં અને વાક્યમાંથી બતાવતાં શીખી ગયા. તેઓ એકવચન અને બહુવચન, તેમ જ નર અને નારીજાતિનો ભેદ પણ સમજ્યા. હું કર્તા અને કર્મને ઓળખાવવાની યોજના વિચારી રહ્યો હતો, એટલામાં એક વાર અમારા વર્ગમાં વ્યાકરણની રમતો ચાલતી હતી ત્યાં મહેરબાન ઉપરી સાહેબ ચડી આવ્યા; અને તેઓ તો એ બધું જોઈ જ રહ્યા! પછી તેઓ બોલ્યા: "છોકરાઓને વળી ગંજીપે ક્યાં ચડાવ્યા? છમાસિક પરીક્ષા માથે આવી છે તો કંઈક ઝપાટો મારો. જોજો, આપણું માર્યું ન જાય. અખતરો પાર પાડવો છે; ખબર છે ને!"

મેં જરા હસીને કહ્યું: "સાહેબ, એની મને પૂરેપૂરી ચિંતા છે; અને આ ચાલે છે તે વ્યાકરણની રમતો છે. આપ જરા આ છોકરાઓને વ્યાકરણમાં તપાસશો?"

ઉપરી સાહેબે બેપાંચ સવાલો પૂછ્યા. ગને કહે: "ઓહો! આ તો સુંદર કામ થયું છે! આ તમારી આખી યોજના મારે સમજવી છે. વ્યાકરણ તમે છોકરાઓને આટલી ગંમત સાથે શીખવતા હો તો બધા વર્ગોમાં એ જ રીત દાખલ કરીએ. કાલે રજા છે. મારે ત્યાં આવજો ને આ બધાં સાધનોથી કેમ કર્યું તે બધું મને સમજાવજો."

*　　　*　　　*

બીજે દિવસે મારાં વ્યાકરણનાં સાધનો લઈ હું સાહેબ પાસે ગયો અને મેં મારું કામ પહેલેથી આ પ્રમાણે રજૂ કર્યું.

સાહેબ! જુઓ, આ મારું પહેલું સાધન. આ પૂંઠાં પર આ બાજુએ નર અને આ બાજુએ નારીજાતિના શબ્દો લખ્યા છે. માથે નરજાતિ, નારીજાતિ એમ લખ્યું છે. આપ જોશો કે આ

પૂંઠાંઓમાં નિયમિત નારીજાતિના અને આમાં અનિયમિત નારીજાતિના શબ્દો છે. મારું પ્રથમ કાર્ય આ પૂંઠાં છોકરાઓને વાંચવા આપવાનું છે. તેઓ તે વાંચે છે, ખૂબ વાંચે છે, આવાં જેટલાં પૂંઠાં આપો તેટલાં વાંચે છે! અહીં તેમને જાતિના શબ્દોનો પરિચય થાય છે. માથે લખ્યું છે નરજાતિ, નારીજાતિ; તેથી શબ્દોની જાતિ તરફ કંઈક વિચાર જાય છે. પણ પ્રથમ તો જાતિ શબ્દનો પરિચય જ થાય છે.

પણ પછી મેં એક દિવસ તેમને કહ્યું: "બળદની નારી કઈ?" તેઓ કહે: "ગાય." "સિંહની?" "સિંહણ." "છોકરાની?" "છોકરી." "ડોસાની?" "ડોસી." "કૂતરાની?" "કૂતરી." "મોરની?" "ઢેલ."

મારી યોજના આબાદ સફળ નીવડી. પરિચયથી તેમનામાં વિચાર સ્ફૂર્યો હતો. શબ્દપરિચયથી તેમનામાં જ્ઞાન જાગ્યું હતું.

મેં કહ્યું: "ચાલો એક રમત રમીએ. હું નરજાતિ લખું, તમે નારીજાતિ લખો." મેં નરજાતિ વાચક શબ્દો લખાવવા માંડયા અને સાથે તેઓ નારીજાતિ શબ્દો હોંશે હોંશે લખવા માંડયા; અને તપાસું છું તો થોડી જ ભૂલો!—થોડાની જ ભૂલો!

મેં કહ્યું: "ચાલો, એક બીજી રમત બતાવું. આ પેટીઓ છે. આમાં નરજાતિ છે, આમાં નારીજાતિ છે. નરની નારી જાતિ શોધો, અને નારીની નરજાતિ શોધો."

છોકરાઓ એ રમત કેટલા ય કલાકો સુધી રમ્યા.

ઉપરી સાહેબ: "પણ એક પેટીમાં બધા શી રીતે રમે?"

મેં કહ્યું: "એ માટે તો મારે એક રસ્તો કાઢવો પડયો હતો. વર્ગમાં મેં દસ આ બાજુ ને દસ સામી બાજુ કૂંડાળાં કાઢયાં હતાં. આ તરફનાં દસમાં નર શબ્દો અને સામે નારીના શબ્દો મૂકયા હતા. એક એક કૂંડાળે એક એક વિદ્યાર્થી બેઠો. પોતાનો

શબ્દ લઈ તેની નારી શોધવા તે જાય અને જ્યાંથી મળે ત્યાંથી શોધી લાવી નરનારી સાથે મૂકે. એમ દરેક કૂંડાળા પાસે નરનારીનાં જોડકાં થાય. બધા શબ્દો ખલાસ થાય એટલે રમત ફરી વાર ચાલે. બે છોકરાઓને જ રમવું હોય તો એક એક પેટી રાખી નરની નારીજાતિ ને નારીની નરજાતિ શોધે."

ઉપરી સાહેબ: "સમજાયું. આ તો ગંમત આવે તેવું છે. પણ નાન્યતરનું શું કર્યું ?"

"હા. નરનારીનો સારો પરિચય થયો એટલે એક વાર પાટિયા પર 'નાન્યતર જાતિના શબ્દો' એમ કરીને યાદી મૂકી: હોલ્ડર, ટેબલ, પાટિયું, ડસ્ટર વગેરે વગેરે. છોકરાઓ વાંચી ગયા. પણ મનમાં વિચાર કરતા જોવામાં આવ્યા કે આની જાતિ કઈ હશે ? તેઓના પરિચયમાંથી ઉત્પન્ન થયેલી સમજણને લીધે આનો નિર્ણય થઈ શકતો ન હતો. મેં કહ્યું: 'આ શબ્દો નાન્યતર જાતિના છે.' અને પાટિયા પર 'નાન્યતર જાતિ' એમ લખ્યું.

એક વિદ્યાર્થી: "પણ નાન્યતર એટલે ?"

મેં કહ્યું: "નર નહિ, નારી નહિ તે નાન્યતર."

છોકરાઓનાં મોં પર સમજણ દેખાઈ. મેં તરત જ કહ્યું: "લખો શબ્દો. ત્રણ ખાનાં પાડો: એક નરનું, એક નારીનું, અને એક નાન્યતરનું."

આઠ શબ્દો લખાવ્યા ને મને પણ નવાઈ લાગી કે લગભગ મોટા ભાગની કોઈ કોઈ જ ભૂલ હતી. મને થયું કે વ્યાખ્યાવ્યાખ્યામાં પ્રથમ ન પડતાં પરિચય આપવો એ સુંદર રીત છે. તેમને રમતોથી પરિચય કરાવી શકાય છે. ધીમે ધીમે તેમને તેની શાસ્ત્રીય ભાષા આપવી.

ઉપરી સાહેબ: "પણ તમે કેવો, કેવી, કેવું એમ બતાવ્યું હોત તો ?"

મેં કહ્યું: "તે rule of the thumb થાત: ખાલી ગોખણ. તે વગર સમજણની વાત થાત. હવે તેઓને ગંમતની ખાતર કેવો, કેવી, કેવું એ પરીક્ષાઓ બતાવી શકાય."

ઉપરી સાહેબ: "વારુ; પછી આગળ કહો."

મેં કહ્યું: "પછી મેં વચનો લીધાં: એકવચન, બહુવચન. તે પણ ઉપરની જ રીતે."

ઉપરી સાહેબ: "એમ! એમાં પણ રમતો જ ચલાવી?"

મેં કહ્યું: "હા જી. એકવચનવાળો બહુવચનને શોધી લાવી જોડી કરે."

ઉપરી સાહેબ: "એ તો ઠીક; પણ તમે નામ, ક્રિયાપદ વગેરે શી રીતે શીખવ્યું, એ કહો જોઈએ?"

મેં કહ્યું: "જુઓ. પ્રથમ મેં ક્રિયાપદો લીધાં. વિદ્યાર્થીઓને વાંચતાં તો આવડે જ છે. મેં તેમને સમજાવ્યું કે જેમ પાટિયા પર લખું તેમ કરવું. લખ્યા પ્રમાણે ક્રિયા કરવી. હું ક્રિયા લખીશ, તમારે ક્રિયા કરવી. જેના તરફ આંગળી ચીંધું તે કરે.

મેં પાટિયા પર લખ્યું: 'ઊઠો', 'બેસો', 'દોડો', 'સૂઓ', 'રમો', 'ચાલો', 'નાચો', 'વાંચો', 'બોલો', 'હાલો', 'દોડો', 'પડો', 'કૂદો', 'ઠેકો', 'બીઓ', 'ડોલો' વગેરે.

આ સાદી ક્રિયાઓ કરવામાં છોકરાઓને ભારે મજા પડી. તેઓ કહે: "વધારે લખો." હું આવા શબ્દો વિચારતો ગયો ને તેઓ તે પ્રમાણે કરતા જ ગયા. બીજે દિવસે મેં એક કાર્ડ પર લખ્યું: 'થોડાંએક ક્રિયાપદો:–ઊઠો, બેસો, દોડો' વગેરે. સૌએ વાંચ્યું 'થોડાંએક ક્રિયાપદો.' ત્રીજે દિવસે હું એક ડાબલી લાવ્યો. તેની ઉપર લખ્યું હતું 'ક્રિયાપદોની પેટી.' છોકરાઓએ ઉઘાડી ને તેમાંથી ક્રિયાપદો લીધાં; નાચો, કૂદો, ભાગો, મારો, પડો અને

તેઓ તેમ કરવા લાગ્યા. પછી મેં કહ્યું: "થોડાંએક ક્રિયાપદો લખી લાવો જોઈએ?" તેઓ થોડાંએક શોધી લાવ્યા.

મેં એક બીજી રમત કાઢી. મેં તેમને કહ્યું: "જુઓ, હું કોઇને કંઈ કરવાનું કહીશ. પછી તે શું કરે છે તે પાટિયા પર લખજો." જગજીવનને મેં કહ્યું: "દોડો." તે દોડ્યા. મેં પૂછ્યું: "શું કરે છે?" એક જણ કહે: "દોડે છે." બીજાને પૂછ્યું: "કઈ ક્રિયા કરે છે?" તે કહે: "દોડે છે." પછી મેં છોકરાઓ પર દોડો, કૂદો, લખો, વાંચોના હુકમો છોડ્યા અને બીજાઓને તેઓ શું કરે છે તે પાટિયામાં લખવા કહ્યું. જોયું તો તેઓએ બરાબર લખ્યું હતું. અલબત્ત કોઈ કોઈ સમજતા ન હતા તેથી લખી શકયા ન હતા. કોઈએ કયાંય કયાંય ભૂલો પણ કરી હતી.

મેં એ જ ધોરણે કહ્યું: "હવે જે કોઈ કંઈ કરે તેણે શું કર્યું તે લખો."

જગજીવનને કહ્યું: "દોડો." તે દોડ્યા અને બેઓએ 'દોડયા' એમ લખ્યું.

આમ રમતો ચાલી. તેઓને અંદર અંદર રમતો રમવાની અને લખવાની છૂટ આપી. ખૂબ ઉત્સાહથી તેઓ રમતા હતા.

પછી મેં તેમને એક દિવસ બેસાડ્યા ને કહ્યું: "રામજી દોડે છે ત્યારે દોડવાની ક્રિયા કરે છે, ખરું?" તેઓ કહે: "હા." "ત્યારે શામજી લખે છે ત્યારે શાની ક્રિયા કરે છે?" "લખવાની." આમ મેં તેમને લીધા. એવી જ રીતે શામજી દોડ્યા ત્યારે શાની ક્રિયા કરતા હતા, વગેરે સવાલો પૂછ્યા ને ઉત્તરો લીધા. પછી મેં પાટિયા પર લખ્યું: "દોડે છે, દોડ્યા, બોલે છે, ચાલ્યા, આ બધાં ક્રિયાપદો છે; એમાં કંઈક કરવાનું છે."

છોકરાઓએ વાંચ્યું ને તેઓએ હા કહી.

ઉપરી સાહેબ કહે: "પછી?"

પછી મેં તેમને કહ્યું: "લખી લાવો હાથ આવે તેટલાં ક્રિયાપદો." તેઓએ જ્યાં ક્રિયાવાચક શબ્દો ભાળ્યા ત્યાંથી તે લીધા. પાટી આખી ભરી દીધી."

ઉપરી સાહેબ: "પછી?"

"પછી મેં એક બીજી રમત લીધી. પાટિયા પર વાક્ય લખ્યું: 'રામજી દોડે છે; ચંપક વાંચે છે.' ને કહ્યું કે આમાંથી ક્રિયાપદને રાખો ને બીજું ભગાડી નાખો; અને છોકરાઓએ આબાદ સાચું કર્યું. પત્યું. ત્યાં મેં તે વખતે ક્રિયાપદનો પાઠ અટકાવ્યો."

ઉપરી સાહેબ: "મને લાગે છે કે આ રીતે જરૂર તેમને આવડે. પણ તેઓનો વખત ઘણો જાય ને રમતો રમવી પડે."

મેં કહ્યું: "રમતો રમવામાં તો મજા આવે છે, ને થોડો વખત બગાડવો ને પરિણામે તેના કરતાં જરા વધારે વખતને સુધારવો એ શું સારું નથી?"

ઉપરી સાહેબ: "એ તો ઠીક. વારુ, નામનું શું કર્યું?"

મેં કહ્યું: "નામનું કામ મેં આ પ્રમાણે લીધું. પ્રથમ તો મારી રીત પ્રમાણે મેં નામોનાં પૂંઠાં ટીંગાડ્યાં: નામો, નામો, નામો. છોકરાઓએ પુષ્કળ શબ્દો વાંચ્યા. વારંવાર વાંચ્યા. નામોની યાદીમાં ખૂબ વિવિધતા હતી, અને એ વિવિધ નામો અમુક સમૂહો રચી તેમાં ગોઠવેલાં હતાં, એટલે તેનું વાચન સર્વને એક આનંદદાયક કાર્ય થઈ પડ્યું. વિદ્યાર્થીઓને ખબર ન પડે તેમ મારે આવું શીખવવાનું હોય છે. તેઓ હવે ક્રિયાપદોનાં અને નામોનાં પૂંઠાંમાંથી નામોને જુદાં પાડતા હતા. આ રીતે બે વર્ગને જુદા પાડવાનો પરિચય વધતો હતો."

મેં તેમને એક વાર બેસાડ્યા ને કહ્યું: "જુઓ, હું મંગાવું છું. શું? હું કંઈ કહેતો નથી. માત્ર જેને નામ હોય, જેનું

કંઈ નામ હોય તે લઇ આવો, ઉપાડી લાવો. જઇને પૂછજો, 'તારું નામ શું?' નામ હોય તો લાવજો."

છોકરાઓ સમજ્યા. તેઓ ઉપડયા. પાટિયાને કહેઃ 'તારું નામ?' પોતે જ કહેઃ 'પાટિયું.' 'ચાલો ત્યારે.' પાટિયું આવ્યું. ટેબલ આવ્યું. પથરો, લાકડી, ધૂળ, કાગળ, ચોપડી, પાટી, પેન, ડાબલી, જે ને તે થવા માંડયું ભેગું. એક જણ તો બાજુના વર્ગના છોકરાને ઉપાડીને લાવ્યો! મેં કહ્યુંઃ "આ શું? લાવનાર કહેઃ "એને નામ છે." કોઇ કહેઃ "સૂરજ શી રીતે લાવવો!" કોઈ કહેઃ "લીમડો નથી લવાતો." હું સમજ્યો કે આ લોકો મનમાં મનમાં નામનો અર્થ સમજ્યા લાગે છે.

આ રમત ચાલતી હતી તે દરમિયાન હું નામોની કાપલીઓની પેટી લાવ્યો. ઉપર 'નામો' લખ્યું હતું. અંદર પાંચસો નામો હતાં. બધાં નામો જ નામો. છોકરાઓ હવે ટેવાઈ ગયા હતા. પેટી કાઢીને મૂઠી મૂઠી નામો ઉપાડી ગયા ને વાંચી નાખ્યાં. મેં એમાં બધી જાતનાં નામો નાખ્યાં હતાં. કોઈ કહેતુંઃ "આ રતાશ નામ શી રીતે?" મેં પૂછયુંઃ "ત્યારે આ લાલાશ દેખાય છે એને કયું નામ આપીશું?" છોકરો હસીને પાછો જતો.

પછી મેં નામો તથા ક્રિયાપદોની પેટીઓ ભેગી કરી નાખી, અને નામ તથા ક્રિયાપદને છૂટા પાડવાનો ધંધો–રમત બતાવી. તે સુંદર ચાલી. તે વખતે નામનો અને ક્રિયાપદનો મનમાં બેઠેલો ખ્યાલ તેઓ સારી રીતે બતાવી શકતા હતા.

પછી મેં તેમને એક બીજી રમત બતાવી. ક્રિયાપદને લાયકનું નામ ઓળખવાની અને નામને લાયક ક્રિયાપદ ઓળખવાની. 'ઘોડો' શબ્દ લઈ 'દોડે છે' કે 'દોડયો' શોધાય, 'ખાય છે' શબ્દ લઈને 'રામજી' શોધાય, વગેરે સમજાવ્યું; અને શોધેલા શબ્દોને ગોઠવીને મૂકવાનું બતાવ્યું. આ કામ પણ ચાલ્યું.

પછી મેં શું કર્યું ? મેં વાક્યો પાટિયા પર લખ્યાં ને છોકરાઓને કહ્યું: "આમાંથી નામો અને ક્રિયાપદો પાટીમાં લખો. આમાંથી નામો બોલો. આમાંથી નામો બતાવો. આમાંથી નામો ભૂંસો. ક્રિયાપદો ભૂંસો. આને શું કહેવાય ?" વગેરે.

અહીં છોકરાઓને નામ અને ક્રિયાપદનું પદચ્છેદ આવડયું.

ઉપરી સાહેબ: "સાચી વાત છે. ખરેખર! એક ક્ષણ પણ છોકરાઓને મહેનત નહિ પડી હોય; પણ જરા સાધનનો ખર્ચ પડે એવું છે, અને તમારા જેવી જરા હૈયાઉકલત જોઈએ."

મેં કહ્યું: "સાહેબ, છોકરાઓને ગોખણપટ્ટીમાંથી બચાવવા માટે આટલો ખર્ચ કરવો પડે એમાં કાંઈ નથી. આ બધું તો મેં મારા ઘરને ખર્ચે કર્યું છે. જૂનાં પૂઠાં શોધી પેટીઓ કરી ને ઘરમાં આડાઅવળા પડેલા કાગળો ઉપાડી તેની કાપલીઓ કરી."

ઉપરી સાહેબ: "આ ખર્ચ તમને મળે તેવી ગોઠવણ કરીશ."

મેં કહ્યું: "આ ખર્ચ મળે તેવી ગોઠવણ કરતાં આ પદ્ધતિને આપ સ્વીકારો તો મારો ખર્ચ લેખે લાગે."

ઉપરી સાહેબ: "વારુ, જોઈશું; પણ પછી શું કર્યું ?"

મેં કહ્યું "સાહેબ, પછી વિશેષણનું કામ શરૂ કર્યું. પણ આપને કંટાળો ન આવતો હોય તો જ આગળ વાત કરું. એક તો વ્યાકરણનો વિષય ને એમાં લાંબી લાંબી માંડીને વાત કરવાની મારી ટેવ."

ઉપરી સાહેબ: "પણ પ્રયોગની વિગતો જણાવવી જોઈએ ને! વિગત ન વિચારીએ તો તો પૂરેપૂરો ખ્યાલ જ કેમ આવે! વારુ, થોભો. આ ચા આવી છે તે પીધા પછી આગળ ચાલીએ."

સાહેબ એમ તો શોખીન હતા. ચા ઊંચી જાતની પીતા હતા. મારો અંગત શોખ પણ જાણતા હતા. પૂરી વીસ મિનિટ ચા

પીવામાં ગાળી. પછી તો અમે જરા લહેરમાં આવ્યા ને વાત આગળ ચાલી.[૫]

મેં કહ્યું: "છોકરાઓની પાસે મેં મારા રિવાજ પ્રમાણે વિશેષણોનાં પૂઠાં મૂક્યાં. પૂઠાં ઉપર વિશેષણો વિશેષણો. હવે તેમનો રસ વધ્યો હતો. તેઓ વિશેષણો વાંચતા હતા. એકે પૂછ્યું: 'ભાઈ, વિશેષણ વળી શું?' મેં કહ્યું: 'જુઓ ને એ બધાં વિશેષણો છે! એ વિશેષણો.' તેઓ મનમાં મનમાં તેનો અર્થ સમજતા જતા હતા. પછી પાછી રમતો શરૂ થઈ. વિશેષણ, નામ અને ક્રિયાપદોનાં પૂઠાં વાંચવાની ને જુદાં પાડવાની.

પછી મેં એક નવી રમત આપી: "જુઓ છોકરાઓ, હું મગાવું તે લાવો."

"પેન્સિલ લાવો."

છોકરો એક પેન્સિલ લાવ્યો.

"રાતી પેન્સિલ લાવો."

રાતી પેન્સિલ લાવ્યો.

"પીળી પેન્સિલ લાવો."

પીળી લાવ્યો.

"પેન્સિલ મૂકી આવો."

છોકરો કહે: "કઈ?"

મેં કહ્યું: "રાતી."

પછી કહ્યું: "પીળી, ભૂરી, ગુલાબી, લાંબી, ટૂંકી" વગેરે.

વળી પાઠ આપ્યો. "એકાદ પેન્સિલ ઉપાડો."

---

૫ વાંચનાર થાકે તો અહીં ચા પીને આગળ વાંચવાનું સૂચન નથી!

કોઈ પેન્સિલ ઉપાડવામાં આવી.

"હવે ખાસ લીલી ઉપાડો."

લીલી ઉપાડી.

"હવે ખાસ પીળી ઉપાડો."

પીળી ઉપાડી.

"હવે ખાસ લાંબી ઉપાડો."

લાંબી ઉપાડી.

મેં પૂછ્યું: "ખાસ કઈ પેન્સિલ લીધી?"

"લીલી."

"ખાસ કઈ લીધી?"

"પીળી."

"ખાસ કઈ લીધી?"

"લાંબી."

મેં પાટિયા પર લખ્યું: "આ ખાસ શબ્દો –આ વિશેષણો –કંઈક ખાસ બતાવે છે: કંઈક વિશેષ વધારે બતાવે છે."

છોકરાઓએ વાંચ્યું ને તેમને કંઈક વિચાર થયો હશે.

મેં નામ અને વિશેષણની પેટીઓ કાઢીને રમત બતાવી: "નામનું વિશેષણ શોધો અને વિશેષણનું નામ શોધો." છોકરે 'રાતો' શબ્દ લીધો ને નામની પેટીમાંથી 'ઘોડો' શબ્દ કાઢ્યો અને 'રાતો ઘોડો' ગોઠવીને મૂક્યું. વિશેષણ અને નામના ઢગલાઓમાંથી જોડકાં બનવા લાગ્યાં. હું તો જોતો હતો અને ફરતો હતો. કોઈ કોઈ જોડકું ખોટું પડતું હતું.

પછી તો મેં મારી જુદી જુદી રીતે વિદ્યાર્થીઓને તપાસી જોયા. તેઓ વિશેષણનો અર્થ મનમાં સમજેલા હતા તેથી ઝટ દઈને બરાબર નામ કે વિશેષણ ખોળી જ કાઢતા હતા.

ઉપરી સાહેબ કહેઃ "તમે તો ગંમત કરી છે! નામ, વિશેષણ ને ક્રિયાપદને સુંદર રીતે ઓળખાવ્યાં. વારુ, વ્યાખ્યા આપશો કે નહિ?"

મેં કહ્યુંઃ "વ્યાખ્યા તો અપાઈ ગઈ છે ને! બાકી વ્યાકરણુની અંદર આપેલી વ્યાખ્યા હું નહિ શીખવું, અને આપે પરીક્ષામાં તેવું પૂછવું ન જોઈએ. આપ પદચ્છેદ પૂછજો."

ઉપરી સાહેબ કહેઃ "મારે આ વિષયની પરીક્ષા નથી લેવી. મારે તો આ રીત આખી શાળામાં દાખલ કરવી છે. છોકરાઓ વ્યાકરણુ ગોખી ગોખીને મરી ગયા."

મેં કહ્યું "સાહેબ, વ્યાકરણુ શીખતાં તો મારો વાંસો ફાટી ગયો છે. અમારા માસ્તર સાહેબ અમને ન આવડતું ત્યારે ફટકારતા."

ઉપરી સાહેબ કહેઃ "તે હજી કયાં મારતા નથી?"

મેં કહ્યુંઃ "તો પછી આપ તે બંધ ન કરો?"

ઉપરી સાહેબઃ "એ તો જાણે મારા હાથમાં છેક ન ગણાય; ને ગણાય પણુ ખરું. વળી હજી મારો મત...પણુ આપણે સારી રીતે ભણાવીએ તો માર મારવાનું એની મેળે જ અટકે. જુઓ ને, તમારે વ્યાકરણુ શીખવતાં કોઈને મારવું પડ્યું? પણુ કહો જોઈએ, સર્વનામનું શું કર્યું?"

મેં કહ્યુંઃ "એમાં વળી બીજું શું હોય! એક નાની સરખી રમત. મેં સમજાવ્યુંઃ 'હું એટલે કોણુ?' તેઓ કહેઃ 'લક્ષ્મીરામભાઈ.' 'ત્યારે તમે એટલે કોણુ?' શામજી કહેઃ 'એટલે હું શામજી.' મેં કહ્યુંઃ 'પેલો કોણુ છે?"

આ સવાલો પૂછી મેં પાટિયા પર લખ્યુંઃ—

હું—લક્ષ્મીરામ.

તું—ભીમજી.

તે—ધનજી.

અમે—હું લક્ષ્મીરામ, ભીમજી, શામજી, ધનજી.

તમે—રવજી, લવજી, ત્રિકમ, દેવજી.

તેઓ—પેલા ત્રીજા વર્ગમાં છે તે મોનજી, મૂળચંદ, લખમશી, રૂપસિંહ.

છોકરાઓએ વાંચ્યું. મેં કહ્યું: "આ હું, તું, તે બધાં સર્વનામ કહેવાય."

એક કહે: "સાહેબ, સર્વનામ એટલે શું?"

મેં કહ્યું: "તમે વિચાર કરોને?"

બીજો કહે: "સાહેબ, મારું એટલે લવજીનું, એમ ને? લક્ષ્મીરામભાઈનું એટલે તમારું, એમ ને?"

ત્રીજો કહે: "ત્યારે મારું, તારું તમારું એ પણ સર્વનામો કે નહિ?"

મેં કહ્યું: "એ પણ ખરાં."

પાંચમો કહે: "પણ સર્વનામ અટલે શું?"

મેં પાટિયા પર લખ્યું:—

રામજીના હાથમાં પાટી છે.

રામજીના હાથમાં પેન છે.

રામજી બ્રાહ્મણ છે.

રામજી ભણે છે.

રામજી રોજ વહેલો આવે છે.

લક્ષ્મીરામ તમારા માસ્તર છે.

લક્ષ્મીરામ તમને ભણાવે છે.

લક્ષ્મીરામ તમને ફરવા લઈ જાય છે.

સૌએ વાંચ્યું. મેં બીજા વાકયથી 'રામજી' કાઢીને 'તે' મૂક્યું. 'લક્ષ્મીરામ' કાઢીને 'હું' મૂક્યું ને ક્રિયાપદમાં ફેરફાર કર્યો.

છોકરાઓએ વાંચ્યું ને તેમનું મગજ ચાલ્યું. મેં પૂછ્યું: "કહો, સર્વનામ કોને ઠેકાણે મૂકવું?" કોઈ કહે 'રામજીને.' કોઈ કહે 'લક્ષ્મીરામભાઈને.'

મેં પૂછ્યું: "રામજી, લક્ષ્મીરામ, એ નામ છે કે ક્રિયાપદ?"

"નામ."

"ત્યારે રામજી, લક્ષ્મીરામ એ નામને બદલે જે આવે તેને શું કહીશું?"

"સર્વનામ"

ઉપરી સાહેબ હસ્યા: "તમે માસ્તર તો પક્કા લાગો છો! બધું વિગતથી બરાબર ચીકણા થઈને વર્ણવો છો."

મેં કહ્યું: "તે હવે કેમ મટી જવાશે! વકીલ હોત તો ટૂંકમાં પતાવત."

ઉપરી સાહેબ હવે થાકયા હતા; જોકે તેમને રસ પડ્યો હતો. પણ મેં પછી રજા માગી અને તેમણે આપી. તેમણે કહ્યું: "તમારી પરીક્ષામાંથી વ્યાકરણને બાદ કરવામાં આવે છે. પણ હજી કાળ અને વિભક્તિઓનું કામ કરવાનું છે. તે થઈ જાય ત્યારે એક વાર વાત કરી જજો. મારે આવતે વર્ષે આ બાબતમાં કંઈક જરૂર કરવું છે."

હું પણ થાકયોપાકયો ઘેર આવ્યો ને પડી રહ્યો.

: ૩ :

છમાસિક પરીક્ષાના દિવસો આવ્યા. ઉપરી સાહેબ પોતે જ તપાસ કરવા આવવાના હતા. સાહેબ પરીક્ષાના શોખીન હતા.

મેં મારા વર્ગની તૈયારી કરી રાખી હતી; પણ તે અલબત્ત મારી રીતે. મેં માગી લીધું હતું કે આખી શાળાની પરીક્ષા થઈ જાય પછી જ મારા વર્ગની પરીક્ષા લેવાય. મારા વર્ગની પરીક્ષા વખતે સૌ શિક્ષકભાઈઓ તથા હેડમાસ્તર સાહેબ હાજર

રહે. મેં એમ પણ માગ્યું હતું કે મારા વર્ગની પરીક્ષા વખતે દરેક વર્ગના પાંચ પાંચ છોકરાઓ ત્યાં બેસે.

પરીક્ષાને દિવસે મારા મનમાં શાંતિ હતી. કાળજું ધડકતું ન હતું. મારા મનમાં પાસ નાપાસનો પ્રશ્ન ન હતો. મારા અનુભવ પ્રમાણે તો ચિંતા કરવાનું કારણ ન હતું. વિદ્યાર્થીઓને કહેલું જ હતું કે "આપણે જે બધું રોજ રોજ કરીએ છીએ તે આજે પણ કરવાનું છે. પરીક્ષામાં તો બધા પાસ જ છે. આજે તો આપણું કામ જોવા માટે સૌને નોતર્યા છે."

મારી નાટકી રીત પ્રમાણે મેં પડદા પાછળ સૌ ગોઠવ્યું હતું. આગળના ભાગમાં સૌને બેસાર્યા પછી મેં પડદો ઉપાડ્યો.

ત્યાં હાજર રાખેલા બીજા વર્ગના છોકરાઓની મંડળીઓ પાડેલી હતી. દરેક મંડળીને મારા વર્ગનો વિદ્યાર્થી વાર્તા કહેતો હતો. વાર્તા કહેવાનું કામ વારાફરતી ચાલ્યું. દરેક વિદ્યાર્થીએ પોતાની વાર્તા પસંદ કરી હતી. વાર્તા ભૂલી જાય તો જોવા માટે ચોપડી પાસે રાખી હતી. તે પોતાની ઢબે પોતાને ગમતી વાર્તા વિદ્યાર્થીઓને કહેતો હતો અને ઉઘાડી રીતે તે સાંભળનારની સાથે કહેવાની ગંમત લઈ રહ્યો હતો. તેને જરૂર વાર્તા કહેતાં આવડતી હતી. છટાથી, ભાવથી, અર્થ સમજીને તે વાર્તા કહેતો હતો સાંભળનારા બરાબર સાંભળતા હતા. વાર્તા પૂરી થઈ. સૌ શિક્ષકો એકબીજા સામે જોઈ રહ્યા. મેં કહ્યું: "આ મારી એક પરીક્ષા."

એક શિક્ષકે બીજાને કાનમાં કહ્યું: "શાની ?"

મેં સાંભળ્યું ને કહ્યું: "ભાષા ઉપરના કાબૂની, વાર્તાકથનની આવડતની, સ્મૃતિવિકાસની, અભિનયની."

બધા શિક્ષકો બીજી પરીક્ષાની રાહ જોતા બેઠા.

પેલો પડદો પાછો ઊઘડ્યો ને સૌ ગોળાકારમાં બેઠા હતા. સામે પાટિયા પર લખ્યું હતું: 'અંતકડીની રમત.'

એકે કવિતા ગાઈ. પછીનાએ તેના છેલ્લા અક્ષર ઉપર બીજી ગાઈ. એમ આખું વર્તુળ પૂરું થયું. વળી પાછી અંતકડી ચાલી.

ઉપરી સાહેબ કહે: "સામસામે કેમ ગોઠવ્યા નથી? મંડળી જોઈએ ને?"

મેં કહ્યું: "ના જી, મેં તે કાઢી નાખેલું છે. એમાં હારજીત આવે છે. એમાંથી સ્પર્ધા અને ઇર્ષા જન્મે છે. આમાં એકને ન આવડે તો તેની પછીનો ઉપાડે છે ને કામ આગળ ચાલે છે. એક વાર કદાચ નથી સૂઝતું તો બીજી વાર આવડે છે."

ઉપરી સાહેબે દાઢી ખંજવાળી ને આંખો મટમટાવી.

છોકરાઓને બેસાર્યા હતા તો થોડી વાર રમવા; પણ તેમને તો ખૂબ મજા આવી ગઈ એટલે તેઓને તો ઘંટડી વાગી પણ ઊઠવું ગમે નહિ. મેં થોડી મિનિટ વધારે આપીને પડદો પાડ્યો.

મેં પડદા બહાર આવી કહ્યું: "આપ જોશો કે પાઠયપુસ્તકની અંદરની કેટલી બધી કાવ્યપંક્તિઓ તેમને બરાબર યાદ છે. કવિતાના વર્ગમાં આ રમત હું રોજ ચલાવતો આવ્યો છું."

ઉપરી સાહેબે કહ્યું: "Hear, Hear! (સાંભળો, સાંભળો!)"

પાછો પડદો ઊઘડ્યો. વર્તુળમાં સૌ વરતઉખાણા નાખતા હતા. ભારે ઉત્સાહ હતો.

ઉપરી સાહેબ: "ઓહો! આ તો વરતો ને ઉખાણા! મેં નાનપણમાં સાંભળેલાં, પણ તે અભ્યાસક્રમમાં ક્યાં છે?"

મેં કહ્યું: "જી, અભ્યાસક્રમમાં ભાષાશિક્ષણ છે. અભ્યાસક્રમ પાછળ જિજ્ઞાસા, વિકાસ અને જ્ઞાનવૃદ્ધિ છે. વળી આ છોકરાઓ તો આ રમત પર ગાંડા છે. કેટલાં બધાં વરતો તેમને આવડે છે! ને દરેક વરતમાં કેટલું મહત્ત્વ છે! આજે તે અભ્યાસક્રમમાં નથી છતાં તે મેં લીધાં છે; પણ મને આશા છે કે આવતા વર્ષમાં આપ એને અભ્યાસક્રમમાં સ્થાન આપશો."

ત્યાર પછી અમે શબ્દોની રમત ચલાવી. એક શબ્દ બોલે તેના છેડાના અક્ષર પરથી બીજો શબ્દ બોલાય; તેના છેડા ઉપરથી ત્રીજો શબ્દ બોલાય. આ રમત આમ તો સહેલી હતી પણ જ્યારે એમ જણાયું કે કોઈ એક વિદ્યાર્થીએ ગામોનાં, કોઈએ નદીઓનાં, કોઈએ ડુંગરનાં, કોઈએ મુસલમાનનાં, કોઈએ હિંદુનાં, કોઈએ લોકવરણનાં, કોઈએ બ્રાહ્મણનાં તો કોઈએ વાણિયાનાં એવાં જ નામો બોલવાનું પોતપોતાને માટે નક્કી કરી રાખ્યું હતું ત્યારે સૌને તે રમત વધારે ગમી.

મેં મારા શિક્ષકભાઈઓને કહ્યું: "આ રમત માટે ઘણા ઘણા શબ્દો મળે તે માટે હું છોકરાઓને કહું છું કે તમે નકશા અને શબ્દકોશ વગેરે ચોપડીઓ ઉપર નજર ફેરવતા રહેશો તો ઘણા શબ્દો હાથમાં જ રમ્યા કરશે. ઘણી વાર છોકરાઓ રમત રમવાને બદલે જાતજાતના શબ્દો—જુદા જુદા વર્ગના શબ્દો એકઠા કરવામાં ઘણો વખત કાઢે છે. બધા એકબીજાને શબ્દો સંભારી આપે છે ને કોઈ કોઈ તો શબ્દો લખી લે છે."

ઉપરી સાહેબ કહે: "આ રમતની પાછળ ઘણું તત્ત્વ દેખાય છે. આવી જાતની બધી રમતો બુદ્ધિશક્તિ અને સામાન્ય જ્ઞાન વધે તે માટે દરેક વર્ગમાં અવશ્ય દાખલ કરવી જોઈએ." મારી સામે ખાસ નજર કરી તેમણે કહ્યું: "તમે પણ ઠીક નવું નવું ઊભું કરો છો!"

કોઈ શિક્ષકે બીજાને ઉપરી સાહેબ ન સાંભળે તેમ કહ્યું: "તે એવા ધંધા કરવા તો અહીં એ આવ્યા છે. એમને ક્યાં ભણાવવું છે! આ તો મજા છે મજા! આપણું ભણાવીને માથું પાકે છે ને આમાં તો ગંમત સિવાય બીજું ક્યાં છે!"

બીજો કહે: "હવે જૂના ભણતરને બદલે આ નવા ભણતરનો જમાનો આવ્યો. હવે એ દિવસો તો ગયા—કડ કડ બોલી જવું, ને

ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે. હવે તો ભણવા માટે રમતગમત રહી. બાકી આગળ ઉપર તો થાય તે ખરૂં. હવે કોઈનું મન જ ભણવામાં નથી. રમત રમાડીએ તો સૌને સારા લાગીએ."

મારું લક્ષ મારા વિદ્યાર્થીઓનું કામ બતાવવામાં હતું એટલે હું ઉપરની વાતચીત સાંભળી શક્યો નહિ પણ પાછળથી કોઈએ મને તે કહેલી.

મેં સીટી મારી એટલે બધા છોકરાઓ હાથમાં સાવરણી લઈ હારબંધ ઊભા રહ્યા. તેમને મેં સાવરણી સાથે કસરત કરાવી. પછી મેં તેમને ચારેકોર વાળી નાખવાનો હુકમ કર્યો. તેઓ આખી શાળા ફરતા ફરી વળ્યા. જ્યાં તેમણે કચરો દીઠો ત્યાં તેમણે સાવરણી ફેરવી; અને જે કચરો એકઠો થયો તે એક ટોપલામાં ભરી અમારી સામે હાજર કર્યો.

ઉપરી સાહેબ તથા શિક્ષકભાઈઓ આ ધાંધલ જોઈ રહ્યા હતા. આ અમારા વર્ગના વિદ્યાર્થીઓની પરીક્ષા હતી. ઉપરી સાહેબે પૂછ્યું: "સાવરણી સાથે ડ્રિલ શા માટે કરવી એ નથી સમજાતું."

મેં કહ્યું: "હમણાં તો દેશની ગંદકી એ જ મોટી આપત્તિ છે. જ્યાં સુધી એનું સામ્રાજ્ય છે ત્યાં સુધી આપણી દુર્દશા જ હું દેખું છું. એની સામે જ મેં તો પહેલી લડાઈ લીધી છે. ગંદકી દૂર કરવાની રીતસરની લડત થવી જોઈશે. સાવરણીથી ડ્રિલ એ તો માત્ર સૂચક છે. આ છોકરાઓનું પહેલું લેસન આ સાવરણી ડ્રિલ છે. ઓરડો પૂરેપૂરો સાફ ન હોય ત્યાં સુધી અમે બીજું કશું કામ કરતા જ નથી. હવે તો છોકરાઓને પણ ગંદકી નથી ગમતી."

વાત ચાલતી હતી એટલામાં વિદ્યાર્થીઓ હાથ, પગ, મોઢું ધોઈને આવ્યા ને મેં બીજી સીટી મારી.

ઉપરી સાહેબ: "આ તમારો અખતરો તો વિચિત્ર છે. ચોથા ધોરણનું ભણતર ભણાવવાનો અખતરો કરતાં કરતાં આ આવું કેટલુંક કર્યું છે?"

મેં કહ્યું: "મારા અખતરામાં આ વસ્તુને અવકાશ છે. ચોથા ધોરણનું ભણતર ભણાવું તે પહેલાં મારે તેમને પહેલા ધોરણનું ભણતર ભણાવવું જોઈએ ને!"

છોકરાઓ દોડીને બહાર ગયા હતા ને શાળાની આજુબાજુ ઝાડ ઉપર ચડી ગયા હતા. મેં બીજી સીટી મારી અને તેઓ કૂદી કૂદીને નીચે પડયા. ત્રીજી સીટીએ તેઓ પુનઃ ઉપર ચડયા ને ચોથીએ નીચે પડયા.

હેડમાસ્તર: "માળું આ ભણતર ભારે! આ તો વગર ભણાવ્યે આવડે! આમાં સાહેબ, ભણતર કેવું!"

મેં હેડમાસ્તરને કહ્યું: "હવે આવું ભણાવ્યા વિના નથી આવડતું. આપણે આવું ભણતર ભણવા પણ ક્યાં દઈએ છીએ! ને ભણવા દેવું પણ કયાં છે!"

હેડમાસ્તર: "ના, એ વાત બરાબર નથી."

મેં કહ્યું: "ત્યારે આ આપણી શાળાના છોકરાઓ ઊભા. પૂછો જોઈએ, કેટલાક આ પ્રમાણે ચડીપડી શકે છે?"

તરત જ ઉપરી સાહેબે બધા છોકરાઓને ચડવાનો હુકમ આપ્યો; પણ બેત્રણ જણા માંડ માંડ ચડયા.

મેં કહ્યું: "સાહેબ, આ જાતની મેં તેમને કેટલીક તાલીમ આપી છે. આ બધી બાબતો મારા શિક્ષણ અને અખતરાના વિષયો છે." પછી જરા હસીને મેં કહ્યું: "સાહેબ, પરીક્ષાપત્રકમાં એ બધાનાં નામો છે. એના ગુણ મૂકવા જોઈશે."

ઉપરી સાહેબે વિનોદમાં જ જવાબ વાળ્યો: "અરે, તમે પણ ગુણ માગવાના કે?"

ત્રીજી સીટી મારી એટલે શાળાના કબાટમાંથી છોકરાઓ ભમરડા અને દોરીઓ લઈ આવ્યા ને ભમરડે રમવા લાગ્યા. શેરીના છોકરાઓની પેઠે નહિ, પરંતુ ઘોંઘાટ અને બાઝાબાઝી કર્યા વિના તેઓ રમતા હતા. તેઓ એકાગ્ર હતા ને રમવામાં કંઈ લુચ્ચાઈ કરતા ન હતા. રમવાને માટે ચોક્કસ સ્થળ હતું ને સૌનો એક મુખી હતો.

અમે સૌ નાનપણમાં ભમરડાથી રમેલા એટલે સૌને રમતની મજા પડી.

ઉપરી સાહેબ: "આ છોકરાઓને ભમરડે રમતાં કયારે શીખવ્યું ? આ લોકો બરાબર વ્યવસ્થાથી અને નિયમનથી રમે છે."

મેં કહ્યું: "સાહેબ, અમારી શીખવવાની જગા નદીકાંઠે છે. અમે ફરવા જઈએ ત્યાં આવી કેટલી યે બાબતો કરીએ છીએ; અને રમત રમતમાં તો કેટલું યે આવડી જાય છે!"

ઉપરી સાહેબે અંગ્રેજીમાં કહ્યું: "તમે સાચું કહો છો. હમણાં જ મેં વાંચ્યું છે કે બાળકો રમત દ્વારા બધું ભણે છે." હેડમાસ્તર તરફ જોઈને કહે: "હવે નિશાળમાં આવું બધું કયારે દાખલ કરશો?"

હેડમાસ્તર કહે: "પણ સાહેબ, આવું બધું કરવા જઈએ ત્યારે અભ્યાસક્રમ પૂરો શી રીતે કરવો! આ ભાઈને તો માથે શી પડી છે! એક વરસ જેવું ભણાવાશે એવું ભણાવશે, ને કહેશે 'એ તો અખતરો હતો. થયું તેટલું કર્યું. બાકીનામાં ન પહોંચાયું, ન બન્યું. છોકરાઓથી ન થઈ શકયું.' અને આપ પણ કહેશો કે અખતરામાં તો જે નીકળે તે માન્ય હોય. અમે તો આ અભ્યાસક્રમની સાંકળથી બંધાયેલા છીએ. આપ સાહેબ જ ઉપરથી લખી મોકલો છો કે 'કેમ કામ પૂરું નથી થયું? કેમ પરિણામ મોળાં છે? કેમ અભ્યાસક્રમ પૂરો ન કર્યો?"

ઉપરી સાહેબ જરા હસ્યા. મનમાં જરા ખીજાયા હતા પણ તે તેમણે દબાવ્યું હતું.

એક સીટી મારી ને છોકરાઓએ પોત પોતાનાં પહેરણો કાઢી નાખ્યાં. છોકરાની હાર ઊભી રહી. બધા ટટાર હતા. ઠીક ઠીક જામેલા હતા. સ્વચ્છ હતા. બ્રાહ્મણની જનોઇઓ મેલી ન હતી. હાથ, મોં, વાળ બરાબર ચોખ્ખાં હતાં. નખમાં મેલ ન હતો. વાળ વધેલા ન હતા. આંખોમાં ચીપડાં ન હતાં. ટોપીઓ ધોયેલી હતી.

ઉપરી સાહેબે જરા હસીને કહ્યું: "કેટલા દિવસથી તૈયારી કરી હતી? આ સ્વચ્છતા વગેરેની તૈયારી કરાવતાં ખૂબ મહેનત કરવી પડી હશે!"

મેં કહ્યું: "સાહેબ, છ માસથી તૈયારી ચાલે છે. છ માસથી મહેનત કરું છું. આપ સૌ ક્યાં નથી જાણતા!"

એક વધારે સીટી મારી અને છોકરાઓ કપડાં પહેરી, રાજી થઈ, હારબંધ ઊભા રહી નમસ્કાર કરી ચાલ્યા ગયા.

હેડમાસ્તરે જરા મર્મમાં કહ્યું: "પરીક્ષા પૂરી?"

મેં કહ્યું: "હજી વાર છે. ઓરડામાં આપ સૌ પધારશો?"

હેડમાસ્તર: "હા, હા. ઓરડાને તમે થોડા દિવસથી વાપરવા માગી લીધો છે, અને અમને કોઈને અંદર આવવા દેતા નથી. કંઈક ભેગું કરાવતા હતા, ખરું?"

મેં કહ્યું: "ચાલો તો."

અમે સૌ ઓરડામાં આવ્યા.

ઉપરી સાહેબ: "ઓહો! આ તો નાનું એવું સંગ્રહસ્થાન છે!"

હેડમાસ્તર: "હું એમ જ ધારતો હતો. છોકરાઓ લાવવામૂકવાની દોડાદોડ કરી રહ્યા હતા."

મેં કહ્યું: "છોકરાઓએ ખૂબ ઉત્સાહથી આ કામ કર્યું છે. મેં કહ્યું હતું કે 'તમારે જેમ ગોઠવવું હોય તેમ ગોઠવજો. હું જરા પણ બતાવીશ નહિ.'"

ઉપરી સાહેબ: "આ તમામ રચના વિદ્યાર્થીઓની છે?"

મેં કહ્યું: "હા જી."

ઉપરી સાહેબ: "પણ એ શી રીતે બને! It is so very tastefully arranged!" (બધું બહુ રસપૂર્વક ગોઠવેલું છે.)

હું મૂંગો રહ્યો. મારા કામનું પરિણામ હવે તો સ્પષ્ટ રીતે બોલવાનું હતું.

ઉપરી સાહેબ: "આ બધું ભેગું ક્યાંથી કર્યું? કુદરતના પાઠો આપવા માટે આ બધું બહુ કામનું છે."

મેં કહ્યું: "સાહેબ, કુદરતમાંથી જ. તેની પાસેથી પાઠો લેતાં લેતાં આ આવ્યું છે."

હેડમાસ્તરે ઉમેર્યું: "છોકરાઓને ફરવા લઇ જાય છે ત્યાંથી હો, સાહેબ!"

ઉપરી સાહેબ: "આ તો ભારે કામ થઈ ગયું! આ સંગ્રહ હવે વીંખશો નહિ. આખી શાળા માટે તે આપણને કામ આવશે. આવો સંગ્રહ આપણે વધારીને મોટો કરવા શિક્ષકોને કહીશું."

હેડમાસ્તર મનમાં ગણગણ્યા: "ને પછી શિક્ષકો ભણાવશે ક્યારે!"

સંગ્રહની એક યાદી છોકરાઓએ તૈયાર કરી હતી. ઉપરી સાહેબે તે વાંચી અને સાથે જ ખુશ થયા. તેઓ કહે: "આ છોકરાઓ ઈનામને લાયક છે."

મેં કહ્યું: "સાહેબ, આ સંગ્રહ કરવાની મજા એ જ એમનું ઇનામ હતું. આ આખો સંગ્રહ જ એમનું ઈનામ છે."

ઉપરી સાહેબ: "તોપણ..."

હું બોલ્યો નહિ.

એક ખૂણામાં ગારાનાં રમકડાં હતાં.

ઉપરી સાહેબ: "આ કોણે કરેલાં?"

મેં કહ્યું: "છોકરાઓએ. આ આખા ઓરડામાં મારો કશો જ હાથ નથી."

ઉપરી સાહેબ: "પણ આટલાં બધાં રમકડાં કયે દિવસ કર્યાં ને ક્યારે પકવ્યાં?"

મેં કહ્યું: "એ તો નદીકાંઠે આઠ આઠ દિવસે કરેલાં ને ત્યાં જ ભઠ્ઠી નાખી પકવેલાં."

ઉપરી સાહેબ: "અરે, તમારું ભેજું કાંઈ અજબ લાગે છે! તમારો પ્રયોગ કંઈ અદ્દ્ભુત લાગે છે! કંઇ સાધન નહિ મળે તો નદીકાંઠે ઊપડો છો. ખેતરની માટીનો ગારો કરો છો ને શાબાશ."

મેં તેમને આગળ બોલવા ન દીધા. વચ્ચે જ કહ્યું: "હવે આપ આ ઓશરીમાં જરા નિરાંતે બેસો. તેમનું બીજું થોડુંએક કામ બતાવું."

સૌને મેં બેસાર્યા.

હેડમાસ્તરે વિચાર કરતાં કરતાં કહ્યું: "સાહેબ, કરીએ તો આ બધું ય; પણ પછી ભણાવવું ક્યારે!"

હું કેટલાંએક આંકડાનાં પૂંઠાં લાવ્યો. એક પર છોકરાઓનો વર્ગ શરૂ કર્યો ત્યારના અક્ષરના નમૂના હતા; બીજા પર ગઈ કાલના અક્ષરના નમૂના હતા. પૂંઠા ઉપર લખ્યું હતું 'અક્ષર-પ્રગતિસૂચક પત્રક.'

બધાને અક્ષરોની પ્રગતિ સારી લાગી.

એક શિક્ષકે બીજાના કાનમાં કહ્યું: "આ તો ખાસ સારા છોકરા પાસે ધીરેથી કઢાવીને મૂકયા હશે."

મને શિક્ષકનો આ મેલો વિચાર ખટકયો; પણ મેં તે ન ગણકાર્યો. મને એ એટલો બધો હલકો લાગ્યો કે ન પૂછો વાત.

ઉપરી સાહેબ: "તમે આ ફેરફાર શી રીતે કરો છો?"

મેં કહ્યું: "જુદા જુદા ઉપાયો કરીને."

ઉપરી સાહેબ: "તે ઉપાયોને શાળામાં દાખલ કરીએ તો?"

મેં કહ્યું: "તો થઇ શકે; જરૂર થઈ શકે. હું આપને બતાવી શકીશ."

હું એક બીજી ચોપડી લાવ્યો. તેમાં દરેક વિદ્યાર્થીએ આ છ માસમાં કુલ કેટલી ચોપડીઓ વાંચી હતી તેની યાદી હતી. એને દરેક પાને વિદ્યાર્થીનું નામ હતું. વિદ્યાર્થીએ પોતે ચોપડી વાંચીને ચોપડીનું નામ પોતાને હાથે તેમાં લખેલું હતું.

મેં તે ઉપરથી છેલ્લે પાને થોડાએક આંકડા કાઢયા હતા. કેટલા વિદ્યાર્થીઓએ કુલ કેટલી ચોપડીઓ વાંચી, સરેરાશ વિદ્યાર્થી દીઠ કેટલી વંચાઈ, સૌથી વધારે ચોપડીઓ કોણે અને સૌથી ઓછી કોણે વાંચી વગેરે. ચોપડીઓની દષ્ટિએ પણ નોંધ કરેલી: કઈ ચોપડીઓ ખૂબ વંચાઇ ને કઈ છેક જ ન વંચાઈ. વંચાએલી ચોપડીઓનું વર્ગીકરણ પાડી બતાવ્યું હતું કે વર્ગના છોકરાઓએ કયા વિષય પર વાંચવાનો ખાસ રસ લીધો હતો.

ઉપરી સાહેબે ચોપડી જોઈ. તેઓ અજાયબી પામી બોલ્યા: "આટલી બધી ચોપડીઓ વંચાઈ ગઈ! વળી તે આટલા આટલા વિષય પર! કયારે તે વાંચી?"

"જી હા, તેમ બન્યું છે, અને તે મારી આંખો નીચે."

ઉપરી સાહેબે પૂછ્યું: "હેડમાસ્તર સાહેબ, તમારા સાતમા ધોરણના વિદ્યાર્થીઓએ આ છ માસમાં કેટલાં પુસ્તકો વાંચ્યાં હશે?"

હેડમાસ્તર કહે: "સાહેબ, વાંચે ક્યાંથી! વાંચવા જાય તો ઈતિહાસ, ભૂગોળ, ભૂમિતિ, બધું ભણે ક્યાંથી!"

ઉપરી સાહેબ બોલ્યા નહિ પણ વિચારમાં તો પડ્યા. મારા તરફ જોઈને કહે: "તમારા છોકરાઓ ભાષામાં વગર પરીક્ષાએ પાસ થાય છે. કહો, હવે શું બાકી છે?"

હું વિદ્યાર્થીઓનું હસ્તલિખિત માસિક લઇ આવ્યો.

ઉપરી સાહેબે પૂછ્યું: "આ બધા લેખો છોકરાઓના?"

"જી હા."

"આ એકબે કવિતાઓ છે તે પણ?"

"જી હા. હમણાંથી એકબે છોકરાઓ કવિતાઓ લખવાનો પ્રયત્ન કરે છે."

"પણ આ કવિતામાં તમે કાંઈ સુધારી આપો છો ખરા કે નહિ?"

"ના, હજી સુધી તેમ નથી કર્યું. જેવી લખાઈ છે તેવી જ પ્રગટ થઈ છે."

"આ બધું છોકરાઓ પોતાની મેળે લખે છે, ઉતારા કરે છે કે તમે સુઝાડો છો?"

"ઉતારા કરવાનો શો અર્થ, સાહેબ! હું કહું છું કે 'જે ગમે તે લખો. સૂઝે તે લખો. બધું લખાય. વળી જે લખો તે પ્રગટ કરો.' તેઓને બધાં લખાણો ગમે છે ને હું બધાંને પ્રગટ કરું છું."

ઉપરી સાહેબ: "આ છમાસિક પરીક્ષા માટે તે ખાસ કરાવ્યું હશે?"

મેં કહ્યું: "ના જી. આ છેલ્લા ત્રણ માસ થયાં દર માસે આ પ્રવૃત્તિ ચાલે છે. હા, આ છમાસિક પરીક્ષામાં મૂકયું છે ખરું, પણ તે પરીક્ષા માટે તૈયાર નથી કર્યું."

ઉપરી સાહેબે ખુશ થતાં થતાં ડોકું હલાવ્યું ને કહ્યું: "ભારે અઘરું કામ છે." મને ઉદ્દેશીને કહે: "તમે અજબ કામ કરી બતાવો છો. છ માસમાં કયાં સુધી ગયા છો!"

હેડમાસ્તર હળવેથી બોલ્યા: "હવે ગણિત, ભૂગોળ અને ઇતિહાસની પરીક્ષા કયારે છે? અમે બપોરે હાજર રહીએ કે?"

કદાચ એવું બોલી મને ટકોર કરવી હશે! મેં હજી ગણિત અને ભૂગોળમાં મીંડું કર્યું હતું તેની હેડમાસ્તરને ખબર હશે. મેં કહ્યું: "ભૂગોળ અને ગણિતમાં મારાથી કશું બન્યું નથી; પણ બાર માસે મારે તે કામ પણ કરી બતાવવાનું તો છે જ. વળી ઇતિહાસમાં કામ થયું છે પણ તે બતાવવા જેવું નથી થયું."

હેડમાસ્તર: "ઓહો! ત્યારે તો મોટા મોટા વેષો જ રહી ગયા કહો ને!"

ઉપરી સાહેબ: "હેડમાસ્તર સાહેબ, એ તમારી દૃષ્ટિએ: આ ભાઈની દૃષ્ટિએ નહિ. તમારે તો ઇતિહાસ ને ભૂગોળ, ગણિત ને પલાખાં એ જ મોટું ભણતર!"

ઉપરી સાહેબ જરા મજામાં હતા એટલે હેડમાસ્તરે સામેથી સંભળાવી: "પણ સાહેબ, આપની દૃષ્ટિએ પણ એમ જ છે. આપ પણ એમાં જ પરિણામ માગો છો!"

સૌ જરા મજાની વાતો કરતા ઊઠયા. મારા વર્ગની છમાસિક પરીક્ષા પૂરી થઈ. જતાં જતાં ઉપરી સાહેબે કહ્યું: તમારું પરીક્ષાપત્રક?"

મેં કહ્યું: "એ તો તૈયાર કર્યું જ નથી."

ઉપરી સાહેબ: "ત્યારે પરિક્ષામાંથી તમારો વર્ગ બાતલ."

# ચતુર્થ ખંડ

## છેલ્લો મેળાવડો

: ૧ :

છમાસિક પરીક્ષા ગયા પછી એક દિવસ શાળાના શિક્ષકભાઈઓની સાથે હું બેઠો હતો.

ચંદ્રશંકરે કહ્યું: "ખરેખર, તમે કાંઈ અજબ જેવા લાગો છો. મારે કહેવું જોઈએ કે તમારો અખતરો સફળ થયો છે. અમને વિશ્વાસ નહોતો કે પ્રાથમિક શિક્ષણમાં આવું કશું શકય હોય."

ભદ્રશંકરે કહ્યું: "ભાઈ, એ તો અંગ્રેજી ભણેલા છે એટલે અંગ્રેજી ચોપડીઓ વાંચી વાંચીને નવા નવા અખતરા કરે."

ચંપકલાલ કહેઃ "એ બધું ઠીક છે. પણ એ એને પાલવે. પૈસાની ચિંતા નહિ અને પરિણામની પરવા નહિ. અખતરો નિષ્ફળ થાય તો એને કયાં નાહવા જવું છે!"

વેણીલાલે કહ્યું: "ભાઈ, અખતરાફખતરા કયાં કરીએ! એ તો નવરાશ જોઈએ. આવું બધું વિચારવાને અને તૈયાર કરવાને વખત કોની પાસે છે! આપણે તે ટયુશન કરવાં, કે ઉપરી સાહેબ પાસે સાંજની હાજરી ભરવી, કે ઘરનાં છોકરાંછૈયાં સાચવવાં, કે નાતજાતમાં રહેવું, કે કરવું શું! આ તો રહ્યા ફક્કડરામ તે એને પોસાય."

હું આખરે બોલ્યો: "જુઓ ભાઈઓ, પ્રાથમિક શિક્ષણમાં આથી યે વધારે શકય છે. આજનું પ્રાથમિક શિક્ષણ કેવળ બદલાઈ જાય તેટલું બધું શકય છે. પણ વાત એમ છે કે એ બદલવા પાછળ માણસ જોઈએ છે. દુનિયાનું અને પૃથ્વીનું આખું પડ પહેલાં હતું તેથી આજે જુદું છે પણ તે માણસોએ ફેરવ્યું છે. માણસમાં ધગશ જોઈએ, આત્મવિશ્વાસ જોઈએ, અહાર્ય નિષ્ઠા જોઈએ. બાકી અંગ્રેજી ભણવાથી અખતરા વધારે સારા થાય એવું કાંઈ નથી. એ તમારો લૂલો બચાવ છે. તમારે જ્યારે કાંઈ કરવું ન હોય ત્યારે આ બહાનું છે. ખરી વસ્તુ હૈયાઉકલત છે, અને તે તો કોઈ વસ્તુ માટે બળી રહેલા આપણા આત્મામાંથી આવે છે. વળી ચંપકલાલભાઈ, પરિણામની ચિંતા તો અખતરો કરનારને હોય તેટલી બીજા કોઈને ન હોય. તમે તો પગારના વધારા માટે સારું પરિણામ માગો છો; પણ મારે તો સફળતા ન મળે તો બીજો અખતરો કરવાની જગા ન રહે! વળી મારી નિષ્ફળતા ભાવી અખતરા કરનારાઓની આડે આવે. મારે વેણીભાઈને કહેવું જોઈએ કે ભાઈ, નાતજાતમાં હરવાફરવા અને ફડાકા મારવા કયાં ઓછી નવરાશ છે! વળી ઉપરી સાહેબને ત્યાં ખાસડાં ઘસવાને કોણ કહે છે! ઉપરીને સાચું કામ આપીશું

તો ખુશામત નહિ કરવી પડે. કામ ન આપે તે ખુશામત કરે! ને નિશાળમાં સારું ભણાવીશું તો ટ્યુશન લેવાની કોને જરૂર રહેશે! એ તો આપણે શાળામાં ન ભણાવીએ એટલે ટ્યુશનની ગરજ ઊભી થાય છે."

શિવશંકર વચ્ચે બોલ્યા: "પણ ભાઈ, પગાર ઓછો મળે તેનું શું! તમને તો મોં-માગ્યો પગાર મળે છે; પણ અમારે ક્યાં જવું!"

મેં કહ્યું: "તમે પગાર માગો એટલે તમને પણ મળશે."

વિશ્વનાથ કહે: "ખરી વાત; પગારને બદલે નોકરીમાંથી ધક્કો મળે!"

મેં કહ્યું: "બધા શિક્ષકો વધારે પગાર માગે તો જોઈએ કેટલાકને ધક્કો મળે છે! વળી હું તો કહું છું કે ધક્કો મળે તે પહેલાં તમે જ શા માટે નીકળી નથી જતા! જરા બેપરવા થતાં શીખો. હું બેપરવા છું એમાં મારું ચાલે છે."

ભદ્રશંકરે કહ્યું: "ભાઈ, મમ્ મમ્‌નું શું?"

મેં કહ્યું: "મમ્ મમ્? હિંમતે મરદા તો મદદે ખુદા. ધંધા ક્યાં ઓછા છે! હું તો ઝાડુ વાળીને પણ પેટ ભરું; પણ તમારા જેમ અધ-ભૂખ્યો રહું નહિ. આ કાંઈ તમારા પગાર કહેવાય!"

વિશ્વનાથ કહે: "ભાઈ, એકને બદલે અઢાર જણ અમારી જગા પૂરવાવાળા છે. તમને ક્યાં ખબર છે!"

મેં કહ્યું: "આપણે તેમની આડા ઊભા રહીએ. આપણે તેમને આપણો ચાર્જ આપીએ તો ને! વળી નવો ચાર્જ લેવા દઈએ તો કે! એ તો એક વાર શાળા ફરતા રાતદિવસ ચોકી ભરીએ; પણ જે ખાડામાં આપણે પડયા છીએ તે ખાડામાં બીજાને કેમ પડવા દઈએ! તેમને પગે પડીને કહીએ: 'ભાઈ, ધંધા

શોધો. આ ભૂખમરામાં ન આવો; આ ખુશામતખાતામાં ન આવો; આ એદીખાનામાં ન આવો.'"

પછી તો કેટલી યે વાતો ચાલી. મેં બધા શિક્ષકોમાં ઉત્સાહ જોયો. મને લાગ્યું કે જૂની ઘરેડની ગુલામીના મૂળમાં ચિનગારી લાગી ગઈ છે.

: ૨ :

હું હવે ભૂગોળ શીખવવાનો વિચાર કરવા લાગ્યો. ભૂગોળનું પાઠયપુસ્તક જોઈ તેને નિરાશાથી બાજુએ મૂકયું. અભ્યાસક્રમ વાંચીને મનને માઠું લાગ્યું. શા માટે છોકરાઓને આ નદીઓ અને પર્વતનાં નામો યાદ કરાવવાં! મને કયાં એ બધું યાદ છે! ગઈ કાલે વિદ્યાધિકારી સાહેબ પણ નકશામાં જોઈ ઑસ્ટ્રેલિયાનો રસ્તો શોધતા હતા. નાનપણમાં મોઢે કરેલી ભૂગોળ કોને યાદ રહે છે! મને થયું: "આ ભૂગોળ ન જ ભણાવીએ તો કેમ! મને પોતાને ખરી ભૂગોળ આફ્રિકા ગયો ત્યારે જ સમજાઈ. ત્યાર પછીથી ભૌગોલિક આંખ ઉઘડી. આજે મને ભૂગોળમાં અત્યંત રસ છે. મને ભૂગોળ અત્યંત ઉપયોગી લાગે છે. પણ આ વિદ્યાર્થીઓને આ બધું અત્યારથી શા માટે સમજાવવું ને ભણાવવું! આ અભ્યાસક્રમ પ્રમાણે તો નહિ જ ચલાય. આ પાઠયપુસ્તક જોઈ હસવું આવે છે. વિદ્યાધિકારીને મળું? મારી પોતાની રીતે વિદ્યાર્થીઓમાં ભૌગોલિક વૃત્તિ અને દૃષ્ટિ ઉત્પન્ન કરવાની રજા લઉં?"

હું વિદ્યાધિકારી પાસે ગયો.

સાહેબે પૂછયું: "કેમ?"

મેં કહ્યું: "ભૂગોળનો વિષય અભ્યાસક્રમમાંથી છોડી દઈએ તો?"

"એ તો ન જ બને. અભ્યાસમાં ભૂગોળ અત્યંત મહત્ત્વનો વિષય છે. ઇતિહાસ કરતાં પણ આજે ભૂગોળ કામની છે. આપણા

અખતરામાં વિષય છોડી દેવાની વાત નથી. વિષય સરસ રીતે ભણાવી દેવાનો છે. તમે ભણાવો ગમે તે રીતે પણ બીજા શિક્ષકોને ખાતરી કરી આપો કે ભૂગોળ રસિક વિષય છે અને સરસ રીતે ભણાવી શકાય છે. તમારા અખતરાની કિંમત મને એમાં છે."

વિદ્યાધિકારીએ સરસ રીતે મારું મોં બંધ કર્યું; પણ મેં કહ્યું: "આ પાઠયપુસ્તક અને અભ્યાસક્રમ તો મારે ન જોઇએ. હું મારી રીતે ભૂગોળ શીખવીશ. હું આશા રાખું છું કે આપ નિરાશ નહિ થાઓ."

સાહેબે કહ્યું: "હું પણ એ જ માગું છું."

થોડી વાર પછી વિદ્યાધિકારીએ એક બીજો સવાલ પૂછ્યો: "તમારું શું ધારવું છે–આપણે આ પરીક્ષાઓ લઇએ છીએ તે બાબતમાં? નવીન શિક્ષણના હિમાયતીઓ પરીક્ષાનો સદંતર વિરોધ કરે છે; અને તેની બદી ખરેખર ભયંકર છે. અમારે તો ખાતું ચલવવું રહ્યું એટલે પરીક્ષાને કેમ કાઢી શકાય! પરિણામ પણ જોઇએ. વળી પરીક્ષા ન લઈએ તો શિક્ષક ન પણ ભણાવે, અને પ્રામાણિક શિક્ષક ભણાવ્યે જાય તોપણ ભણાવતાં આવડયું છે કે નહિ તેની ખબર પરીક્ષા વિના ન પણ પડે. વળી એ બધું છતાં વિદ્યાર્થીમાં ભણતર ઊગ્યું છે કે નહિ એ જાણવાને કાંઈક રસ્તો તો જોઈએ જ. આ મુશ્કેલીમાં તમારો શો અભિપ્રાય થાય છે?"

મેં કહ્યું: "આપની મુશ્કેલી સાચી છે. જ્યાં સુધી ગમે તે વિદ્યાર્થી ભણવા બેસે છે અને જ્યાં સુધી ગમે તે શિક્ષક ભણાવે છે ત્યાં સુધી પરીક્ષા જોઈશે જ. પરીક્ષા ત્યારે કાઢી નાખીએ કે જ્યારે અંદરથી ભણવાની હોંશે વિદ્યાર્થી ભણવા આવે, અને સામેથી ભણાવવાની કળાવાળો શિક્ષક ભણાવવાની હોંશથી ભણાવવા

બેસે. પણ હાલની ભાડૂતી સ્થિતિમાં પરીક્ષાને પેસવાની જગા છે."

વિદ્યાધિકારી કહે: "અલબત્ત, હું એ બાબતમાં કાંઈક સુધારા કરવા માગું છું."

મેં કહ્યું: "આજે તમે માત્ર છમાસિક અને વાર્ષિક પરીક્ષા લો છો તેને બદલે માસિક પરીક્ષા દાખલ કરો. જો વિદ્યાર્થીને પરીક્ષાની કસોટીએ ચડવું પડે તેમ છે તો પરીક્ષાનો જેટલો વિશેષ પરિચય તેટલો તેનો ત્રાસ પણ ઘટે છે. અતિપરિચયથી ત્રાસ સહ્ય થાય છે. બીજું પરીક્ષા હોશિયાર વિદ્યાર્થીને માપવા માટે નહિ પણ કાચા વિદ્યાર્થીઓને જગાડવા માટે, તેમના કચાશ કેટલી છે તે ખોળી કાઢવા માટે થાય. આ મોટો દૃષ્ટિફેર છે. ત્રીજું જે વિદ્યાર્થીઓ માનતા હોય કે પોતાને વિષય આવડે છે તેમને પરીક્ષામાંથી માફ રાખવા. ઇચ્છાપૂર્વક વિદ્યાર્થી પોતાની કચાશ મપાવવા પરીક્ષા આપે. કચાશ નહિ મપાવે તેને કચાશ દૂર કરવાનો અવકાશ નહિ રહે એવી સમજણ વિદ્યાર્થીઓમાં આપીએ. પરીક્ષાથી માપી શકાય તેવા જ વિષયોની પરીક્ષા રાખીએ અને બાકીના વિષયોને પરીક્ષામાંથી બાતલ કરીએ. વળી પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો જોઈને જવાબ આપવાની છૂટ આપીએ. આપણે કહીએ કે ન આવડે તો જોઈને જવાબ આપવો. મોઢેથી કહી ન શકાય તો ચોપડીમાંથી જોઈને સમજાવવું. વિદ્યાર્થી પાઠ્યપુસ્તકને જવાબ આપવામાં કેવી રીતે વાપરે છે તેમાં તેની સ્વતઃ પરીક્ષા થઈ રહેશે. બીજું આપણે ઉપલા ધોરણમાં જવા લાયક, નાલાયક અને કાચું હોય તે પાકું કર્યા પછી જવાને લાયક એવા ત્રણ વિભાગ વિદ્યાર્થીના પાડીએ. પહેલે નંબરે પાસ, બીજે નંબરે પાસ એ ધોરણ રદ કરીએ."

વિદ્યાધિકારી વચ્ચેથી બોલ્યા: "આવતે વર્ષે મારે તમને ડેપ્યુટી નીમવા જોઈએ."

હું જરા હસ્યો અને આગળ બોલ્યો: "પરીક્ષા શિક્ષકોને હાથે લેવાવી જોઈએ. તેઓ જ વિદ્યાર્થીઓની શક્તિ વધારે જાણી શકે છે, અશક્તિનાં કારણો જાણી શકે છે, અને ઉપલા ધોરણમાં ચાલશે કે નહિ તે કહી શકે છે. હા, ડેપ્યુટીની જરૂર છે, પણ તે પરીક્ષા કેમ લેવાય તે બાબતની પરીક્ષા લેવા માટે છે – શિક્ષકને બરાબર પરીક્ષા લેતાં આવડે છે કે નહિ તેની પરીક્ષા લેવા માટે જ છે."

વિદ્યાધિકારી: "આ વળી નવો વિચાર."

મેં કહ્યું: "જી હા, લાગે છે તો એમ."

પરીક્ષા વિષે મારે વધારે કહેવાનું હતું; પણ સાહેબને જમવાનો વખત થયો તેથી તે ઊઠ્યા. હસતાં હસતાં તેમણે કહ્યું: "ઠીક ઠીક, આપણે આ વિષય ફરી વાર વિચારીશું. એક વાર શિક્ષકો આગળ તમે ભાષણ આપો."

હું ઊઠ્યો. મનમાં ગણગણ્યો: "એમ ભાષણ આપે શિક્ષકો ક્યાં ડાહ્યા થાય એમ છે! પરીક્ષાની ધરેડમાંથી તેમને કાઢવા ઘણા અઘરા છે. છતાં એમ થઈ શકે તેમ હોય તો તે વિદ્યાધિકારીઓના હુકમોથી થઈ શકે; પણ એ બિચારા તો..."

: ૩ :

ચોથા ધોરણના છોકરાઓ એટલે ભૂગોળનાં નામ અને વિષયથી કંઈક પરિચિત. મેં નકશા મગાવ્યા અને કાઠિયાવાડ, ગૂજરાત તેમ જ મુંબઈ ઈલાકાના નકશા ભીંત ઉપર ટાંગ્યા. છોકરાઓ નવાઈ પામ્યા. આજ દિવસ સુધી મેં ભૂગોળ શીખવી જ ન હતી. તેઓ નોટોમાંથી કાગળિયા ફાડવા મંડ્યા અને કાગળની ભૂંગળીઓ ટચલી આંગળીએ ચડાવવા લાગ્યા. હું જોઈ રહ્યો.

મેં પૂછ્યું: "આ ભૂંગળાં શા માટે?"

છોકરાઓ કહે: "સાહેબ, નકશો ગોખવા."

હું હબકી ગયો. "નકશો ગોખાય! ભૂગોળશિક્ષણે ગજબ કર્યો!" જરા રમુજ જોવા મેં છોકરાઓને કહ્યું: "ભાવનગર બતાવો."

છોકરે મુંબઈ ઇલાકાના નકશા ઉપર ચારે કોર નજર નાખી. મુંબાઈ વાંચ્યું, અમદાવાદ વાંચ્યું, હૈદરાબાદ વાંચ્યું; વળી નીચે ઊતરી પુના વાંચ્યું; વળી આ તરફ આવી પોરબંદર વાંચ્યું, પાછળ ઊભેલા બેત્રણ છોકરાઓએ ભાવનગર શોધી રાખ્યું હતું. તેમની ભૂંગળીઓ ભાવનગર બતાવવા અધીરી થઈ રહી હતી. આખરે એક જણે વગર પૂછ્યે ભાવનગર બતાવી દીધું.

મેં પૂછ્યું: "ભાવનગર કઈ દિશામાં?"

છોકરાઓએ ઊંચે, નીચે, જમણી બાજુ, ડાબી બાજુ જોઈ કાંઈક મનમાં હિસાબ ગણી, કાંઈક કાયદો સંભારી કહ્યું: "સાહેબ, ઉત્તરમાં."

બીજો છોકરો કહે: "ઉત્તર દિશા તો ઊંચે આવી; આ બાજુ તો પૂર્વ કહેવાય."

મારાથી હસી જવાયું. મેં કહ્યું: ઊંચે તો આકાશ છે; ત્યાં ક્યાં ઉત્તર છે?"

છોકરાઓ કહે: "ના સાહેબ, ઊંચે ઉત્તર અને નીચે દક્ષિણ."

એક છોકરો કહે: "સાહેબ, ઉત્તર દક્ષિણ લાંબું અને પૂર્વ પશ્ચિમ પહોળું."

એક છોકરો કહે: "સાહેબ, સૂરજ ઊગે એ તરફ ઉગમણું."

મેં કહ્યું: "બતાવો, નકશામાં સૂરજ ક્યાં છે?"

બધા વિચારમાં પડ્યા. મેં પૂછ્યું: "શેત્રુંજી નદી બતાવો."

છોકરાઓએ ભૂંગળીથી શેત્રુંજી નદી બતાવી.

મેં પૂછ્યું: "કોને મળે છે?"

નકશામાંથી વાંચી છોકરાઓએ જવાબ આપ્યો "ખંભાતના અખાતને."

મેં પૂછ્યું: "આમ અરબી સમુદ્રને શા માટે નથી મળતી?"

છોકરો કહે: "તે એની મરજી. ખંભાતના અખાતને મળવું હશે."

મેં પૂછ્યું: "આ નદી આમ નીચાણમાં શું કામ ગઈ?"

છોકરો કહે: "સાહેબ, એમ જ જાય ને! જુઓ ને, દક્ષિણ આમ નીચું જ છે ને!"

હું તાજુબ થઈ ગયો. ગયે વરસે ભણેલી ભૂગોળ તેઓ ભૂલ્યા નહોતા. ગોખણપટ્ટી સફળ હતી. આ વર્ષે પણ એ જ રીતે હું શીખવી શકું; પણ એ કાંઈ ભૂગોળનું શિક્ષણ થાય! મેં છોકરાઓને કહ્યું: "નકશાઓ બંધ કરી દો. એક મહિના પછી આપણે ભૂગોળ લઈશું. હમણાં આપણે થોડા દિવસ ચિત્રો કાઢીએ."

છોકરાઓ મારી સામે જોઈ રહ્યા. ચિત્રનો વિષય શાળામાં નવો; અભ્યાસક્રમમાં જગા નહિ. શાળામાં એવી સર્જનાત્મક એકે પ્રવૃત્તિને જગા નહિ. પણ મારે એવી એકાદ પ્રવૃત્તિને તો દાખલ કરવી જ હતી.

બીજે દિવસે છોકરાઓને મેં કહ્યું: "ચીતરો; તમને ગમે તે ચીતરો; જેવું આવડે એવું ચીતરો. જોઈ જોઈને ચીતરો, નીચે રાખીને ચીતરો, સંભારીને ચીતરો, ફાવે તેમ ચીતરો. માણસ ચીતરો, ઢોર ચીતરો, પક્ષી ચીતરો, પતંગિયાં ચીતરો, ઝાડ ચીતરો, ફૂલ ચીતરો, આકાશ ચીતરો, ઘર ચીતરો, પદાર્થો ચીતરો, નકશા ચીતરો, ગમે તે ચીતરો."

પાટીમાં પેનથી ચિત્રો ચીતરાવા માંડ્યાં. વાંકાંચૂંકાં જેવાંતેવાં કેટલી યે જાતનાં ચિત્રો નીકળવા લાગ્યાં. આખી યે સવાર ચિત્રમાં ચાલી ગઈ. ઘંટ વાગ્યો ત્યારે આંખ ઊઘડી. વખત પૂરો થયો હતો.

મેં છોકરાઓને કહ્યું: "જેનાં માબાપ પેન્સિલ અને કાગળ અપાવે તે નોટમાં ચિત્ર કાઢે; બાકીના બધા પાટીમાં."

બેચાર દિવસ નીકળી ગયા. કેટલાં યે ચિત્રો નીકળી ગયાં– ચિત્રકાર જેને જોઈને ફેંકી દે એવાં; પણ છતાં વિદ્યાર્થીની પોતાની કલ્પનાનાં, પોતાની શકિતનાં ચિત્રો હતાં. મને થયું: "ચિત્રોનો હિસાબ અને સંગ્રહ રહેવો જોઈએ." થોડીએક મુશ્કેલી વેઠી ઉપરી સાહેબને મળી એક બાજુ કોરા રદ્દી કાગળો કઢાવ્યા અને સાહેબ પાસેથી બે ડઝન રંગીન પેન્સિલો પડાવી. સાહેબે હસતાં હસતાં કહ્યું: "વળી ભણાવવું કોરે મૂકીને ચિત્રનું કાઢયું લાગે છે!"

દરેક વિદ્યાર્થી પાસે ચિત્રના વિષયવાર એક એક નોટ કરાવી અને તે પ્રમાણે તેમાં ચિત્રો કાઢવાનું મેં કહ્યું. ચિત્રોના વાતાવરણ રૂપે મેં લીમડાની ડાંખળીઓ, પીપળાનાં પાંદડાં, તુલસીની માંજર તથા બારમાસી અને આકડાનાં ફૂલ મૂકયાં. વેપારીને ત્યાંથી ભાતભાતની છાપેલી કોરોના નમૂનાના કટકા લાવીને ટાંગ્યા. એકાદબે ભાઈબંધને ત્યાંથી થોડાંએક સારાં ચિત્રો લાવીને જોવા માટે મૂકયાં. હંમેશ વપરાતી ચીજો જેવી કે ખડિયો, હોલ્ડર, ડાબલી, દીવાસળીની પેટી વગેરે એકઠી કરીને મૂકી. એક પાટિયા ઉપર મોટા અક્ષરે લખ્યું: "ચીતરો, ચીતરો, ચીતરો. તમારી મરજી ચીતરો. તમને ચિત્ર કાઢતાં આવડે છે. રોજ રોજ સારાં સારાં ચિત્રો નીકળતાં જાય છે."

છોકરાઓ તે કાઢવા પાછળ બહુ પડ્યા. કેટલાએકે તો છાપકામ, ભરતકામ અસલ જેવું જ ચીતર્યું. કોઈએ ફૂલોના રંગ જેવા જ રંગો ફૂલોમાં પૂર્યા. કોઈ ચીતરતા જ નહોતા; તો કેટલાએક બીજા કેમ ચીતરે છે તે બેઠા બેઠા જોતા હતા.

પખવાડિયા પછી હાઈસ્કૂલના ચિત્રશિક્ષકને હું તેડી લાવ્યો. મેં કહ્યું: "તમારે ચિત્ર કાઢતાં શીખવવાનું નથી. પાટીઆ ઉપર

તમને ગમે તેવાં ચિત્રો તમે કાઢયે જાઓ. ધીમેથી કાઢજો, સફાઈથી કાઢજો. ઝાડ જોઈને ઝાડ કાઢી બતાવો, ખુરશી જોઈને ખુરશી કાઢી બતાવો." ચિત્રશિક્ષકે તેમ કર્યું અને વિદ્યાર્થીઓ તલ્લીનતાથી તે જોઈ રહ્યા. બીજે દિવસે ચિત્રનું કામ ઓર જામ્યું. કાઢવાના નિયમોમાં કાંઈ વધારે સમજ વિદ્યાર્થીઓમાં આવી હોય તેમ લાગ્યું. તે પછી ચિત્ર નીચે તારીખ અને નામ લખવાનું મેં દાખલ કર્યું.

વળી થોડા દિવસ પછી એ ચિત્રકારભાઈને મેં બોલાવ્યા અને રેખાચિત્રોમાં કે આલેખનચિત્રોમાં રંગ કેમ પૂરાય તે કરી બતાવવા મેં ગોઠવણ કરી. ચિત્રકારે એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ થોડાંએક ચિત્રોમાં સુઘડતાથી પેન્સિલથી રંગ પૂરી બતાવ્યા. વિદ્યાર્થીઓને રંગ પૂરવાની એક નવી દિશા મળી.

વળી થોડાએક દિવસો પછી મેં એક સર્વેયર મિત્રને બોલાવ્યા અને તેમને શાળા માપીને શાળાનો નકશો કરવાનું કહ્યું. હું અને તે શાળાનો પ્લેન માપતા હતા અને છોકરાઓ સાથે ફરતા હતા. છોકરાઓની નજરોનજર મકાનનો નકશો કાગળ ઉપર કેમ દોરાય તે અમે કરી બતાવ્યું. બેપાંચ દિવસ છોકરાઓને મેં સર્વેયરની ઓફિસમાં જ મોકલ્યા અને ત્યાં ડ્રાફ્ટ્સમેનો શેરીના, ગામના, સીમના વગેરે નકશાઓ કેમ દોરે છે તે દેખાડયું. એકબે વાર છોકરાઓને મોજણીદાર સાથે સીમમાં લઈ ગયો અને પ્રત્યક્ષ મોજણીનું કામ બતાવ્યું. નિશાળમાં છોકરાઓ નિશાળને, ઓરડાને, પોતાના ઘરને, શેરીને અને કોઈ કોઈ વખત કોઈ કૂવા કે તળાવને ચીતરવા લાગ્યા. ચિત્રનું કામ વધારવા છોકરાઓને કુદરતમાં ફરવા લઈ જતો. કોઈ વસ્તુને આંખમાં ખ્યાલ કેમ આવે તેની રમતો રમાડતો—જેવી કે કોઈ ઝાડ ઉપર નજર નાખતાંવેંત ઘડડાળી કેવાં છે તે જોઈ લઈને આંખ બંધ કરી તે કાગળ ઉપર ચીતરી લાવે; સૂર્યોદય વખતના

રંગોની સામે જોઈ રહી તેનું ધ્યાન કરે; સંધ્યાકાળના ફરતા રંગોની ખૂબીઓ જુએ; દૂરથી ઝાડ કેવું દેખાય છે અને પાસેથી કેવું લાગે છે તેનો જાતઅનુભવ કરે; ઝાડ, પદાર્થ, પર્વત, માણસ અને એના પડછાયા કેવા પડે છે તે ધ્યાન પર લે.

આ રીતે અમારું ચિત્રકામ ચાલતું હતું.

: ૪ :

એક દિવસ હાઈસ્કૂલમાંથી હું એક દૂરબીન (બાયનોક્યુલર) લાવ્યો. છોકરાઓને મેં દૂરની વસ્તુઓ કેવી રીતે નજદીક દેખાય છે તે બતાવ્યું. છોકરાઓને ભારે નવાઇ લાગી. આખો દિવસ તેઓએ વારાફરતી બાયનોક્યુલર આંખ ઉપર રાખ્યાં જ કર્યું. રાત્રે હું ગ્રહો અને તારાઓ જોવાનું ટેલીસ્કોપ લઈ આવ્યો. મારા મિત્રો કહે: "તું પણ ભારે ધમાલિયો છે!"

મારા શિક્ષકભાઈઓ હવે ઘણુંખરું તો આવા બધા પ્રસંગે મારી સાથે જ રહેતા હતા. નિંદા છોડી મારી પાસેથી કાંઈક શીખવા અભિમુખ થયા હતા. વિદ્યાધિકારીએ તેમની સંમતિથી અઠવાડિયે એક કલાક મારા વર્ગમાં સૌ આવે અને હું કેમ કામ કરું છું તે જુએ એમ ઠરાવ્યું હતું.

રાત્રે મેં ચંદ્ર અને તારાઓ મારા વિદ્યાર્થીઓને બતાવ્યા. તેઓને અધધધ થઈ પડયું!

ચંદ્ર બતાવતાં બતાવતાં મેં વાત છેડી: "પેલા ચંદ્રમાં રેંટિયો કાંતતી ડોશી અને બકરી દેખાય છે તે ચંદ્ર ઉપર મોટી મોટી ખીણો અને પર્વતો છે; અને ત્યાં એટલી બધી ટાઢ છે કે ત્યાં કોઇ માણસ નથી." છોકરાઓ મારી સામે જોઈ રહ્યા. મેં કહ્યું: "આપણે રહીએ છીએ તે ધરતી અને ચંદ્ર એ બે બહેનો છે, ને એનો બાપ સૂરજ છે."

વિદ્યાર્થીઓ વધારે આશ્ચર્યથી મારા તરફ જોઈ રહ્યા.

એક જણુ કહે: "આવી વાર્તા કઈ ચોપડીમાં છે?"

મેં કહ્યું: "આ વાર્તા નથી, સાચી વાત છે."

છોકરાઓ કહે: "હોય નહિ!"

મેં કહ્યું: "એમ જ છે."

તરત જ મેં સૂર્યમાંથી પૃથ્વી કેમ થઈ તેની વાત આરંભી; અને તે વાત જામી. દિવસો ઉપર દિવસો ગયા. એટલામાં તો મેં પૃથ્વીનું પડ ટાઢું કેમ પડયું, ખાડાટેકરા કેમ થયા, સરોવરનદીઓ કેમ થયાં, શેવાળ, જળજંતુઓ, માછલાં, દેડકાં, જળસ્થળ પ્રાણીઓ, જંગલો અને જંગલી મનુષ્યો અને જંગલીમાંથી ધીરે ધીરે આજનાં મનુષ્યો કેમ થયાં તેની વાત કહી. એ વાર્તા ઘણી અદ્દભુત હતી. છોકરાઓ અત્યંત એકાગ્રતાથી તે સાંભળતા હતા. હેડમાસ્તર સાતમા ધોરણના છોકરાઓને પણ તે સાંભળવા મોકલતા.

એક દિવસ હું પૃથ્વીનો ગોળો લાવ્યો અને કહ્યું: "આ બધું આના ઉપર કેમ થયું તેની વાત કહી."

પછી મેં પાણી અને જમીન કયાં છે, કાળા લોકો અને ધોળા લોકો કયાં છે, પીળા લોકો અને રાતા લોકો કયાં છે, ઠીંગણા અને ઊંચા લોકો કયાં છે એ બધું બતાવ્યું. પછી મેં પૃથ્વીના કુદરતી વિભાગો અને તેનાં નામો કહ્યાં. પછી આપણે એશિયામાં છીએ; એશિયામાં આ દેખાય છે તે હિંદુસ્તાન છે; હિંદુસ્તાનમાં આ દેખાય છે તે કાઠી લોકોનો મુલક કાઠિયાવાડ છે; અને કાઠિયાવાડમાં આ ભાવનગર છે, તે બતાવ્યું.

મેં છોકરાઓને કહ્યું: "આ લો ગોળો અને પેલી પેટીમાંથી કાઢો નકશાઓ. આ ગોળા ઉપર કયાં કયાં તે બધા બંધબેસતા આવે છે તે શોધી કાઢો."

હું છોકરાઓને દરરોજ કાંઈ નવું નવું જોઈ જવા કહેવા લાગ્યો. મેં કહ્યું: "તમે જે જે ગામો આજ સુધી જોયાં હોય તે ખોળી કાઢો. ત્યાં કયે કયે રસ્તેથી જવાય છે તે જુઓ. રસ્તામાં કઈ કઈ નદીઓ આવે છે, કયાં કયાં ગામો આવે છે તે પણ જુઓ."

આ એક રીત થઈ. બીજી બાજુએ હું આફ્રિકા જોઈ આવેલો એટલે આફ્રિકાનો નકશો સામે રાખીને હું આફ્રિકાની વાતો કરવા લાગ્યો. મેં વિક્ટોરિયા ન્યાન્ઝા, ટાંગાનિયકા, ઝાંબેસી, નાઈલ અને આફ્રિકાના સિંહો અને હાથીઓ ને ત્યાંના લોકો–મસ્સાઈ ને કાવીરોન્ડોની વાતો કહી. પછી એક દિવસે મેં તેમને કહ્યું: "આ આપણી આજુબાજુના લોકો કોળી, કુંભાર, ભરવાડ, રબારી વગેરે છે એને તો જોવા જાઓ." વળી એમ કહીને તે દૃષ્ટિએ એકબે પ્રવાસો તેમની સાથે ગામડામાં, સીમમાં, નદીકિનારે, ડુંગરા ઉપર એમ મેં ગોઠવ્યા અને તેમને ભૂતળના અભ્યાસ તરફ અભિમુખ કર્યા.

પછી મેં તેમને માટે ભૂગોળનું એક વાચનાલય વસાવવાનો વિચાર કર્યો; પણ તેવા સુંદર પ્રવાસોનાં પુસ્તકો આપણી ભાષામાં ન મળ્યાં. જે મળ્યાં તે તેમને આપ્યાં અને કહ્યું: "પુસ્તક વાંચતા જાઓ અને નકશો જોતા જાઓ. માણસ કયાંથી કયાં જાય છે તે જુઓ અને તેની સાથે ફરો."

પ્રવાસના ગ્રંથો વિદ્યાર્થીઓને વાંચવા ગમે છે. એકબે વિદ્યાર્થીઓને કાઠિયાવાડ સર્વસંગ્રહમાં બહુ મજા પડી. નકશા ઉપરથી એક ગામડું પસંદ કરે અને તેની હકીકત સર્વસંગ્રહમાંથી વાંચે. એમ કેટલાં યે જાણીતાં અજાણ્યાં ગામો વિષે માહિતી મેળવે. રવિભાઈનાં ચિત્રોએ અમદાવાદનો તેમને સારો પરિચય કરાવ્યો. દરેકેદરેક અગત્યના સ્થળનાં એવાં ચિત્ર–આલ્બમો હોત તો સારું થાત. એક દિવસ રવિભાઈ આવ્યા અને તેમની પાસે

મદ્રાસનાં દશ્યોની એક ફિલ્મ હતી તે મેં તેમને બતાવી. સિનેમા નુકસાન કરે છે તેમ બીજી બાજુએ શિક્ષણ આપવાના એક કીમતી સાધન તરીકે પણ તે ઊભું રહે છે. દૂરનાં દશ્યો આબેહૂબ બતાવવાથી તેમનો ભૌગોલિક રસ વધતો જાય છે. સિઝર્સ સિગારેટનો ગંજીપો મને હાથ લાગેલો. તેમાં દેશદેશના માણસોનાં ચિત્રો છે. એ ચિત્રો પણ જોવા મૂક્યાં. મારો ઉદ્દેશ તેમને આખી દુનિયાનું જ્ઞાન કરાવવાનો ન હતો; તેમને કશું યાદ રહે તેવી મતલબ પણ નહોતી. માત્ર તેમના મન ઉપર વસે કે દુનિયા આવડી મોટી છે, તેમાં ઘણું જોવાજાણવા જેવું છે અને તેને જોવાને માટે આ સાધનો છે, એટલે બસ.

એક બીજી રમત પણ કાઢેલી. તે રમતનું નામ 'ચાલો આપણે મુસાફરીએ જઈએ.' એવું રાખેલું. ભાવનગરથી અમદાવાદ, દ્વારકા, મુંબઈ, હિમાલય, વિલાયત એમ ઊપડવા નીકળતા. પછી કેમ ઊપડવું, કઈ કઈ ગાડીઓમાં બેસવું, ક્યાં ક્યાં ગાડીઓ બદલવી, ક્યાં ક્યાં જોવા જેવું છે અને શું શું જોવા જેવું છે, કેટલા દિવસમાં કેટલો પ્રવાસ થશે, કોને કોને મળવું, શું શું ખરીદવું એનો વિચાર કરતા. ખરેખર ખર્ચનો અડસટ્ટો બાંધતા અને શહેરોની ગાઇડો જોઈ પ્રવાસમાં જોવાનાં સ્થળો નોંધી લેતા અને ભૂગોળોમાંથી વખણાતી ચીજો વાંચીને કઈ લેવી તે નક્કી કરતા. સાચે જ મુસાફરીએ નીકળ્યા હોઇએ તેવો બધી બાબતનો અભ્યાસ કરતા. આ અભ્યાસ ભૂગોળ સમજવાની રીતના એક નમૂના રૂપે કરાવતો. બાકીનું વિદ્યાર્થીઓ ઉપર છોડતો. કોઈ વાર દીવાસળીની પેટી ક્યાંથી આવી તેનું નકશા ઉપર પગેરૂં કાઢતા; કોઈ વાર અહીં ઊગેલું રૂ વિલાયત જાય છે તે કયે રસ્તે જાય છે તે જાણવા કલ્પનામાં રૂની ગાંસડી ઉપર બેસીને ચાલતા. કોઈ વાર બજારમાં ફરવા જતા ને એક દુકાનમાં કયા કયા દેશો અને ગામો આવીને બેઠાં છે તેની તપાસ કરતા. કોઇ વાર

નદીઓનાં નામોની તો કોઈ વાર પર્વતોનાં નામોની, કોઈ વાર દેશોનાં તો કોઈ વાર શહેરોનાં નામોની એમ ભૌગોલિક વસ્તુનાં અને ભૌગોલિક સ્થળોનાં નામોની અંતકડી ચલાવતા. ચિત્રકામમાં વિદ્યાર્થીઓ ઝાડ ચીતરતા તેમ નકશાઓ ચીતરવાનો રસ લેતા અને પોતે ચીતરેલા નકશામાં પોતે જ જોયેલાં, વાંચેલાં તથા સાંભળેલાં ગામો, નદીઓ ને ડુંગરા પૂરતા; ને વધારે પૂરવા માટે નવાં ગામો કયાં છે અને કયાં આવ્યાં તે ભૂગોળમાંથી વાંચીને જોતા. આ રીતે અમારું ભૂગોળનું શિક્ષણ ચાલતું.

મારા શિક્ષકભાઈઓએ મને એક દિવસ કહ્યું: "ભાઈ, આ કામ તો તમારું. આટલી બધી હકીકતો અમારે કયાંથી જાણવી! આવી રીતે અમને ભૂગોળની વાતો કરતાં ન આવડે."

મેં કહ્યું: "ભાઈ, એ પણ આવડે. આપણે જરા ઉદ્યોગ કરવો જોઈએ. આપણામાં ઉત્સાહ હોવો જોઈએ."

: ૫ :

વાર્ષિક પરીક્ષાનો વખત નજીક આવતો હતો. હું મારા કામનો હિસાબ લેતો બેઠો હતો. હું ગણિતનો હિસાબ લેવા બેઠો. આજ દિવસ સુધી મેં ગણિત હાથમાં લીધું જ ન હતું એમ નહિ પણ એની વાત આજે જ કરવાનું મન થાય છે. મેં જ્યારે મારા વર્ગના છોકરાઓને તેઓ ગણિતમાં કેટલું જાણે છે તે તપાસવા માટે થઈ ગયેલા અભ્યાસમાંથી દાખલા લખાવ્યા ત્યારે તેઓએ ગણી આપ્યા. પ્રથમ તો મને થયું કે આમાં તો બધા બરાબર છે; અને સારું થયું કે જે વિષયમાં હું કાંઈ ખાસ નવું કરી બતાવી શકું તેમ નથી તે વિષયમાં વિદ્યાર્થીઓ ઠીક છે. પરંતુ ધીરેથી મેં દાખલાની પાછળ રહેલો તર્ક પૂછયો, રીતનું કારણ પૂછયું ત્યારે અંધારું માલૂમ પડ્યું. મને લાગ્યું કે વિદ્યાર્થીઓને સરવાળા, બાદબાકી વગેરે આવડે છે પરંતુ તે જ્ઞાન પોપટિયું અને યંત્રવત્ છે. હું વિચાર

કરવા લાગ્યો: "આનું શું કરવું!" મને મૂંઝવણ થવા લાગી. એક તો ગણિતનો વિષય મને એટલો બધો પ્રિય નહિ; એના શિક્ષણમાં થતા દોષો હું સમજું પણ તે કેમ દૂર થાય તેની શોધ મેં કરેલી નહિ. આવે વખતે મારે કેમ કરવું એ પ્રશ્ન આકરો હતો. હું વિદ્યાધિકારી પાસે ગયો ને સીધેસીધું કહ્યું: "સાહેબ, આ ગણિતના વિષયમાં હું કંઈ નવું કરી બતાવી આપી શકીશ નહિ. હા. છોકરાઓને સારી રીતે સમજાવીને તેમને ભણાવીશ અને અભ્યાસક્રમ પૂરો કરાવીશ."

વિદ્યાધિકારી કહે: "એમ કેમ? શું, એમાં ફેરવવા જેવું કંઈ નથી?"

મેં કહ્યું: "હા જી, છે. પણ તે ફેરફાર પાયામાંથી થવો જોઈએ. બાળકને ગણતાં શીખવવાના સમયથી જ તેની સામે યોગ્ય પદ્ધતિ આપવી જોઈએ. ગણિત એવો વિષય છે કે જો એક વાર તર્કથી તે મનમાં ન ઠસ્યો તો કાયમને માટે તે પાંગળો જ રહે છે."

વિદ્યાધિકારી કહે: "પણ તમે પહેલેથી જ માંડીને ગણિત કરાવો તો?"

મેં કહ્યું: "પણ તે માટે વખત ક્યાં છે! વળી હોય તોપણ આ વિદ્યાર્થીઓ કે જેઓને યંત્રવત્ કામ કરવાની ટેવ પડી છે, જેઓ ગણિતમાં કારણ પૂછતા જ નથી ને ગણ્યે જ જાય છે, તેમને રસ્તે લાવવું આકરું છે–ઘણું આકરું છે."

વિદ્યાધિકારી કહે: "પણ ત્યારે આ છોકરાઓનું ગણિત......"

મેં કહ્યું: "એમ તો હું બને તેટલું સારું કરીશ; પણ મારે એટલું જ કહેવાનું કે એમાં જે કાંઈ અખતરા શક્ય છે તે બતાવી ન જ શકાય."

વિદ્યાધિકારીએ કહ્યું: "ધારો કે તમને પહેલેથી જ એક વર્ગ આપીએ તો તેના ઉપર તમે અખતરો કરો કે નહિ?"

મેં કહ્યું: "મારી એવી ઉમેદ તો છે જ કે ગણિતનો અખતરો હું એકડેથી જ કરું. પછી હું બધાને કહી શકું કે આ રીત સારી છે. મારા શિક્ષકભાઈઓને ગણિતના વિષયમાં કંઈ ને કંઈ નવી પદ્ધતિ દાખલ કરવાનો શોખ છે તે જાણું છું. હું આવતે વર્ષે જો અખતરો કરવા ભાગ્યશાળી થાઉં તો ચંદ્રશંકર ને હું એ વિષયમાં અખતરો કરીએ. મને લાગે છે કે મૉન્ટેસોરી ગણિતપદ્ધતિ અચ્છી છે. તે સ્વાભાવિક છે. મેં તેનું વાચનમનન કર્યું છે પણ પૂરો અનુભવ લીધો નથી."

વિદ્યાધિકારી કહે: "આવતે વર્ષે તમે આપણે ત્યાં ડેપ્યુટીનું, અધ્યાપનમંદિરના શિક્ષકનું અને ગણિતના અખતરા કરનારનું સ્થાન લ્યો તો?"

મેં જવાબ આપ્યો: "એ તો હરિઈચ્છા; પરંતુ આ વખત માટે તો હું માગી લઉં છું કે ગણિતના વિષયમાં હું કાંઈ ખાસ નવીન કરી બતાવી શકીશ નહિ."

: ૬ :

વાર્ષિક પરીક્ષા નજીક આવી. હું મારી રીતે મારા વિદ્યાર્થીઓ પાસે તેની તૈયારી કરાવવા લાગ્યો. વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહથી તૈયાર થઈ રહ્યા હતા. મારા મનને ખાતરી હતી કે મારા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ નીવડશે.

પરીક્ષાનો દિવસ આવ્યો. અધિકારી સાહેબે સૌની પરીક્ષા લેવરાવી લીધી. આજે મારા વર્ગનો વારો હતો. અમારી શરત પ્રમાણે તેમણે પોતે જ પરીક્ષા લેવાની હતી. તેમણે મને હસીને કહ્યું: "વારુ, મારે તમારા વર્ગની પરીક્ષા નથી લેવી. તમારા વર્ગના બધા વિદ્યાર્થીઓને હું ઉપલા ધોરણમાં ચડાવું છું."

મેં કહ્યું: "ના જી, એમ ન બને. એમ કરવાથી કેટલાએક વિદ્યાર્થીઓને ન્યાય નહિ મળે."

વિદ્યાધિકારી કહે: "એટલે ઉલટો એમાં અન્યાય થશે? શી રીતે?"

મેં કહ્યું: "જેઓ ચડાવવા જેવા નથી તેઓને મારાથી ઉપર ન ચડાવાય."

વિદ્યાધિકારી કહે: "પણ મારી ખાતરી છે કે તમે બધાને બરાબર તૈયાર કર્યા છે. તમારું ભણતર મને મંજૂર છે."

મેં કહ્યું: "એ ખરું; પણ મારું ભણતર સૌમાં શું સરખું ઊગે છે! કોઈ કોઈને તો એ સ્પર્શ્યું પણ નથી: એવા ને એવા કોરા રહ્યા છે."

વિદ્યાધિકારી કહે: "તો એનું શું કરવું તે તમે જ બતાવો."

મેં કહ્યું: "એમાંના કોઈ કોઈને તો શાળા જ છોડાવવી જોઈએ. રઘા વાળંદનો છોકરો ઈતિહાસ ભૂગોળ કે ગણિતનો જીવ નથી. તે આ શાળામાં મૂંઝાય છે. પણ તે એવો ફરંદો છે કે સો હજામનો શેઠ થઈ મોટું હજામતખાનું ખોલે. એને હજામતમાં કુશળતા મેળવવા અને સલૂનોની વ્યવસ્થા શીખવા મુંબઈ મોકલવો જોઈએ."

વિદ્યાધિકારી કહે: "વારુ, બીજા કોણ કોણ છે કે જેઓ શાળા માટે નાલાયક હોય?"

મેં કહ્યું: "શાળા માટે નાલાયક છે એમ નહિ, પણ શાળા તેમને માટે નાલાયક છે. જે કામ માટે તેઓ લાયક છે તે કામ શાળા તેમને આપતી નથી."

વિદ્યાધિકારી કહે: "વારુ એમ; પણ એવા કોણ કોણ છે?"

મેં કહ્યું: "જીવણશેઠનો નેમો પોલિસખાતા માટે લાયક છે. એને અખાડામાં દાખલ કરો. એને માટે થોડીએક મુસાફરી શેઠ ગોઠવે ને સારા ફોજદાર પાસે તે રહે ને થોડા કાયદા વાંચે. પાંચ વર્ષે ફક્કડ જમાદાર થશે. અત્યારથી એ આખી નિશાળ ઉપર તો જમાદારી કરી જ રહ્યો છે!"

વિદ્યાધિકારીએ કહ્યું: "વારુ, બીજા કાચા કોણ કોણ છે?"

મેં કહ્યું: "જી, એ રીતે બીજા ત્રણ જણ કાચા છે. એને હું આ રજામાં મારી પાસે રાખીશ ને ઉપલા ધોરણ માટે તૈયાર કરીશ. પણ સાહેબ, આ આપણી નિશાળોનાં ધોરણો અને અભ્યાસક્રમની સખ્તાઈનો કંઈ ઉપાય નથી શું?"

વિદ્યાધિકારીએ કહ્યુ: "એ વાત જવા દો. એમાં મારા હાથપગ બંધાયેલા છે. એમ મેં તમને ઘણી વાર કહેલું છે. વારુ ત્યારે તમારી પરીક્ષા પૂરી."

મેં કહ્યું: "ના સાહેબ."

વિદ્યાધિકારીએ કહ્યું: "છમાસિક જેમ કંઈક ગોઠવ્યું લાગે છે. તમારી પદ્ધતિ હવે જાણવામાં આવી ગઈ છે."

: ૭ :

આજે શાળાનો મેળાવડો હતો. દર વર્ષે આવો મેળાવડો પરીક્ષા પછી થાય છે. જે વિદ્યાર્થીઓ ઊંચે નંબરે પાસ થયા હોય તેમને આજે ઇનામો આપવાનાં હતાં. ગામના શેઠશ્રીમંતો અને અમલદારો હાજર હતા. આ પ્રસંગનો કાર્યક્રમ મને ગોઠવવા સાહેબે કહ્યું હતું. મેં મારા જ વિદ્યાર્થીઓને તે કામ સોંપ્યું હતું. જે કંઈ કર્યું હતું તે મારી સૂચનાસલાહથી તેમણે જ કર્યું હતું.

પ્રથમ દાંડિયારાસ શરૂ થયા. અર્ધો કલાક સુધી તેઓએ ઝુકઝુકાટી બોલાવી. પછી શરતોની રમત ચાલી–દોડવાની, ઠેકવાની ત્રણ પગની, જમરૂખની, ખુરશીની વગેરે વગેરે. લોકો એકધ્યાનથી રમતો જોઈ રહ્યા હતા. રમતો પૂરી થઈ એટલે મૂક અનુકરણ નાટક શરૂ કર્યું. કોઈ ગામના શેઠનું, કોઈ વિદ્યાધિકારીનું, કોઈ ફોજદારનું, કોઈ દેશનાયકોનું સુંદર અનુકરણ વિદ્યાર્થીઓ બતાવી

ગયા. ત્યાર પછી વિદ્યાર્થીઓ પોતે બનાવેલાં ચિત્રો લઈને આવ્યા. ને નમી નમીને દરેક ગૃહસ્થને એક એક આપ્યું. આખો ઓરડો વિદ્યાર્થીઓનાં ચિત્રો જોવામાં રોકાઈ ગયો હતો.

હવે ઇનામ આપવાનું કાર્ય હતું. દર વર્ષે ૧૨૫) રૂપિયા ઇનામના અપાતા હતા. હોશિયાર વિદ્યાર્થીઓ વચ્ચે તે વહેંચવાના હતા.

વિદ્યાધિકારી સાહેબ ઊભા થયા ને હમેશના રિવાજ મુજબ તેમણે બે બોલ કહેવા માંડયાઃ–

"આજના ઇનામનો મેળાવડો હું જુદી જાતનો લેખું છું. આ મારી બાજુમાં બેઠેલા ભાઈએ મને ઇનામની બાબતમાં નવો પાઠ આપ્યો છે. આ વખતના ૧૨૫) રૂપિયાનાં હું જુદાં જુદાં ઇનામ નથી આપતો પણ એ નવો પાઠ આપનાર ભાઈને નામે શાળામાં એક વાચનાલય ઉઘાડું છું. દર વર્ષે આ ઇનામો વાચનાલયમાં જાય એવો હુકમ મેં ઉપરી સત્તા પાસેથી મેળવ્યો છે, એ જણાવતાં મને આનંદ થાય છે. ઇનામ વ્યક્તિગત આપવાથી વિદ્યાર્થીઓમાં અભિમાન અને નિરાશા થાય છે. ઇનામી રકમનો સૌને લાભ મળે એવી આ વ્યવસ્થા છે. મને ઇનામની નિરર્થકતા બતાવનાર અને આ સદ્પ્રયોગ બતાવનાર ભાઈનો હું અહીં જાહેરમાં આભાર માનું છું.

"આ પ્રસંગે જણાવી દઉં કે આ ભાઈ મારી પાસે ચોથા ધોરણનો અખતરો કરવા વર્ષ પૂર્વે આવેલા. હું તે વખતે તેમને વેદિયા ધારતો હતો. 'આવા ઘણા પડયા છે, ને કસોટીએ ચઢાવતાં ભાગી જશે.' એમ માની મેં તેમને પ્રયોગ કરવાની રજા આપી. મારે કહેવું જોઈએ કે મને તેમાં વિશ્વાસ ન હતો; પણ મારે કબૂલ કરવું જોઈએ કે તેમણે સફળ પ્રયોગ કર્યો છે. તેમણે મારા વિચારોમાં ફેરફાર કર્યો છે; અને મારા અંતરમાં મને સંભળાયું છે કે પ્રાથમિક શાળાની આ જૂની ઘરેડનો હવે અંત લાવવો

જોઈએ. અમારા જેવા શિક્ષકો અને અધિકારીઓએ હવે રાજી-ખુશીથી રજા લઈ આ નવી પેઢીના કેળવણીના કલ્પક વિચારકોને જગા આપવી જોઈએ.

"હું મારો આનંદ શી રીતે વ્યક્ત કરું! આ તેમના વર્ગના વિદ્યાર્થીઓ સામે જુઓ. તેઓ કેટલા વ્યવસ્થિત, તંદુરસ્ત અને આનંદી છે! તેમની શક્તિ કેટલી વધી છે તેનો હું સાક્ષી છું. તેમનાં માબાપોનો એમના વિષેનો સંતોષ મેં વારંવાર સાંભળ્યો છે."

વિદ્યાધિકારીનું ભાષણ પૂરું થયું. સૌ વિખેરાયા. હું ઘેર આવ્યો.

## સ્વ. ગિજુભાઈના મનોરથો

મેં મારો એ સંકલ્પ જાહેર કર્યો છે કે જેનું આ ખરું સન્માન છે તે બાળકોને ચરણે આ થેલી શોભે; તેમનું જ સન્માન હજી વધારવાને આ નાણાં વપરાય.

આટલા થોડાક હજાર રૂપિયામાં આપણે બાળકો માટે શું કરી શકીએ? લગભગ કંઈ જ નહિ. ગુજરાત ધારે તો તે લાખો રૂપિયાથી બાલસન્માન કરી શકે; તેની શક્તિ ઘણી જબ્બર છે. ગુજરાતને આંગણે એકાદ બાલસન્માન મંદિર હોય, એકાદ બાલશિક્ષણ વિદ્યાપીઠ હોય, એકાદ બાલજ્ઞાન-કોષ હોય ત્યારે ગુજરાતે બાળકોનું સાચું સન્માન કર્યું કહેવાશે. હું તો એમ સમજું છું કે આવી એકાદ કલ્પના પાર પાડવાને માટે ગુજરાત તત્પર થઈ શકે અને મને આપવામાં આવેલી આ સન્માન થેલીની રકમ તો ગુજરાત બાલસન્માનની કોઈ જબ્બર યોજના ઉપાડે તેમાં મામૂલીમાં મામૂલી રકમ તરીકે નોંધાય.

સૌ પ્રાંતોમાં ગુજરાત આજે આગળ છે, જીવંત છે. એની આગળ આવા ગાંડાઘેલા તરંગો મૂકતાં મને જરા પણ સંકોચ થતો નથી. ઈશ્વરની દયા વડે મારા આવા તરંગો ગુજરાતમાં કંઈક વાસ્તવિકતાને પામ્યા છે એટલે ઊલટું આ મનોરથો રજૂ કરતાં મને આનંદ થાય છે.

(સન્માનથેલી અર્પણ સમારંભ પ્રસંગે આપેલા ભાષણમાંથી)